Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૩૫૦
તા.૩૦-૦૧-૨૦૧૮, મંગળવાર
સંવત ૨૦૭૪ મહા સુદ - ૧૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૨૩ સૂર્યાસ્ત : ૦૬:૨૩

તાપમાન
ડીસા ૧૧.૦ | વડોદરા ૧૦.૬
અમદાવાદ ૦૯.૮ | સુરત ૧૪.૪
ગાંધીનગર ૦૮.૨ | નલિયા ૦૭.૪

ચાંદી : ૪૦,૦૦૦ સોનું : ૩૧,૦૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૩૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

એક સાથે ચૂંટણી યોજવાનો વિચાર સરાહનીય : રાષ્ટ્રપતિ

વિચાર વૈભવ...

'બેટા એક વાત કરું?'
'કહો'
'અમારા જમાનામાં માત્ર ૧૦ રૂપિયામાં ઘી- ગોળ- તેલ અને અનાજ આવી જતું હતું જ્યારે આજે ૧૦૦૦ રૂપિયા આપ્યા પછી ય એમાંનું ખાસ આવતું નથી'
'પપ્પા, એનું કારણ છે'
'શું?'
'તમારા જમાનામાં સી.એન.જી.વી. કેમેરાની વ્યવસ્થા જ નહોતી એટલે ૧૦ રૂપિયામાં ઘી વગેરે આવી જ જાય ને! જ્યારે આજે તો બધે જ કેમેરા ગોઠવાઈ ગયા છે. ૧૦૦૦ રૂપિયામાં તુ શું આવે?

*****

આજના કાળે મૂલ્યો જ નથી બદલાયા, મૂલ્યોની વ્યાખ્યા જ બદલાઈ ગઈ છે. 'જેની પાસે સંપત્તિ છે' સત્ય એની જ પાસે છે' 'સંપત્તિ જેની પાસે છે, સન્માનલાયક એ જ છે' 'દુર્ગુણ- સદ્ગુણ એ જૂના જમાનાની વાત છે, આ જમાનાની વાત તો સફળતા-નિષ્ફળતા છે' 'સાધનશુદ્ધિની વાત તો વેવલાવાણું છે. તમે જો સતુ છો તો તમારે સાદ્યાને જ સાંખ સામે રાખવાનું છે.' હા, આ વાતાવરણ વચ્ચે રહીને જીવનને મૂલ્ય આધારિત બનાવેતું રાખવું એ બહુ મોટો પડકાર છે. અને છતાં આ પડકારને ઝીલી લીધા વિના આપણે સદ્ગૃહસ્થાણામાં ય રહી શકીએ તેમ નથી.

શ્રીમદ્ વિજયરત્નસુંદર સૂરીશ્વરજી મહારાજ

સાર સમાચાર...

સંરક્ષણ ફાળવણીમાં ફરીથી વધારો કરાય તેવી સંભાવના

નવી દિલ્હી

સામાન્ય બજેટ આડે ગણતરીના દહાડો રહ્યા છે ત્યારે સંરક્ષણ ફાળવણીમાં ઉલ્લેખનીય વધારો કરવામાં આવે તેવા સમાચાર મળી રહ્યા છે. જ્યારે સંરક્ષણ ફાળવણીને વધારી દેવા માટે કેટલાક કારણો રહેલા છે. શાબાશ! ગાસવાદી હુમલામાં સતત વધારો થતો છે. જેથી સુરક્ષા જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને કેટલીક નવી જોગવાઈ કરવામાં આવી શકે છે. બીજી બાજુ પેન્શન બિલમાં પણ વધારો કરવામાં આવી શકે છે. અધિકારીઓએ માહિતી આપતા કહ્યુ કે સંરક્ષણ મંત્રાલય સન્ય કેટલાક મહત્વના પ્રગતાની માંગ કરી રહ્યુ છે. નાણાં મંત્રાલય સમક્ષ તેના દ્વારા રજૂઆત કરવામાં આવી ચુકી છે. કેટલાક પ્રોજેક્ટ સમયસર શાય ધરી શકાયા નથી જેથી વધારે ફંડની માંગ કરવામાં આવી છે. વન રેન્ક વન પેન્શનના કારણે પણ સરકાર પર વધારે બોજ આવી ગયો છે. આ યોજના મોદી સરકાર અમલી બનાવી ચુકી છે. સંરક્ષણ ક્ષેત્ર માટે કુલ ફાળવણી કેટલી રહેશે તે સંબંધમાં વધારે માહિતી મળી શકી નથી. દુનિયાના તમામ દેશો તાજેતરના સમયમાં સંરક્ષણ બજેટમાં વધારો કરી રહ્યા છે. ભારતમાં તાજેતરના સમયમાં ગાસવાદી હુમલા વધી રહ્યા છે ત્યારે સંરક્ષણ ફાળવણીને વધારી દેવામાં આવે તે જરૂરી છે. નાણાં પ્રધાન અરૂણ જેટલી ધ્રુવેની ફેબ્રુઆરીના દિવસે બજેટ રજૂ કરવાના છે. બજેટમાં વર્તમાન વૈશ્વિક સ્થિતી અને ખાસ કરીને પડોશી દેશ પાકિસ્તાન અને ચીનની હિલચાલને ધ્યાનમાં રાખીને બજેટમાં નવી જોગવાઈ કરવામાં આવી શકે છે. શાબાશ! પાકિસ્તાન અને ચીન તરફથી સરહદ પર કેટલીક જટિલ સ્થિતી ઉભી કરવામાં આવી રહી છે.

રાષ્ટ્રપતિના સંબોધનની સાથે જ સંસદનુ બજેટ સત્ર શરૂ : તમામ રાજકીય પક્ષો સહમતીની દિશામાં આગળ વધે તે જરૂરી છે

નવીદિલ્હી

સંસદનુ બજેટ સત્ર આજે શરૂ થયુ હતુ. રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દે સંસદના બન્ને ગૃહોના સંયુક્ત સત્રને સંબોધન કરીને આની શરૂઆત કરી હતી. રાષ્ટ્રપતિએ તેમના અભિભાષણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારની કામગીરી અને તેમની ભાવિ યોજનાનો ઉલ્લેખ કર્યો હતો. બજેટ સત્રને સંબોધતા કોવિન્દે જુદા જુદા વિષય પર વાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે દેશમાં હવે એક સાથે ચૂંટણી યોજવાના વિષય પર વાતચીત આગળ વધારી દેવાની જરૂર છે. તમામ રાજકીય પક્ષોએ આ વિષય પર સર્વસંમતિ સાધવાના પ્રયાસો કરવા જોઈએ. તેમણે એમ પણ કહ્યુ હતુ કે કેન્દ્ર સરકાર વેપાર માટે સુવિધાજનક માહોલ બનાવવા માટે રાજ્યોની સાથે ખુબ નજીકથી મળીને કામ કરી રહી છે. ભારત હવે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના મામલે ૧૪૨માં સ્થાનથી ૧૦૦માં સ્થાને પહોંચી ગયુ છે. સરકારના રિપોર્ટ કાર્ડને રજૂ કરતા તેમણે કહ્યુ હતુ કે સરકારી ખરીદીની પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા માટે ગર્વનમેન્ટ ઇ માર્કેટ પ્લેસની સ્થાપના કરવામાં આવી છે. સરકારની અસરકારક નીતિઓના કારણે જ આજે અનુસંધાન પાના નં.૬

ત્રિપલ તલાક બિલ પર સહકારની અપીલ કરી

તમામ આશાને બજેટ પૂર્ણ કરશે : મોદી

બજેટ સત્રની શરૂઆત પૂર્વે વડાપ્રધાન મોદીએ મોટા સંકેતો આપ્યા બાદ અટકળોનો દોર : કરદાતાઓને રાહત મળશે

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બજેટ સત્રની શરૂઆત પહેલા કેટલાક મોટા સંકેતો આપતા સામાન્ય લોકોમાં અટકળોનો દોર શરૂ થયો છે. બજેટ સત્રની શરૂઆત થાય તે પહેલા મોદીએ કહ્યુ હતુ કે બજેટ તમામ લોકોની અપેક્ષા અને આશાને પૂર્ણ કરશે. મોદીએ ત્રિપલ તલાક બિલના મુદ્દા પર સહકાર આપવા માટે અપીલ પણ કરી હતી. તેમણે કહ્યુ હતુ કે બજેટ માત્ર દેશના અર્થતંત્રને ગતિ આપનાર જ રહેશે નહી બલ્કે સામાન્ય લોકોની અપેક્ષાને પણ પરિપૂર્ણ કરનાર તરીકે રહેશે. મોદીના સંકેત બાદ એમ માનવામાં આવે છે કે કરદાતાઓને બજેટમાં મોટી રાહત મળી શકે છે. મોદીએ કહ્યુ હતુ કે તેઓ વિપક્ષી પાર્ટીઓને અપીલ કરે છે કે મુસ્લિમ મહિલાને ન્યાય મળી શકે છે તે માટે જે નિર્ણય કરવામાં આવ્યો છે તે નિર્ણયને સહકાર આપવામાં આવે. મોદીએ કહ્યુ હતુ કે ત્રિપલ તલાક બિલથી મહિલા હિતોનુ રક્ષણ થનાર છે. તમામને સાથે મળીને નવા વર્ષમાં મુસ્લિમ મહિલાને મોટી ભેંટ આપવા માટેના પ્રયાસ થવા જોઈએ. બજેટને લઈને મોદીએ સંકેત આપ્યા હતા. તેમણે કહ્યુ હતુ કે બજેટ સત્ર ખુબ જ મહત્વપૂર્ણ છે. વિશ્વની તમામ ક્રેડિટ રેટિંગ સંસ્થાઓ ભારતના અર્થતંત્રની પ્રશંસા કરી રહી છે. બજેટ દેશના વધી રહેલા અર્થતંત્રને નવા પ્રાણ ફુકનાર તરીકે સાબિત થશે. સરકાર કરદાતાને રાહત આપતી વેળા ઈનકમ ટેક્સ સ્લેબને વધારી શકે છે. અનુસંધાન પાના નં.૬

નાણાંપ્રધાન અરૂણ જેટલીએ આર્થિક સર્વે રજૂ કરતા નવી આશા

નાણાંકીય વર્ષ ૨૦૧૮માં જીડીપી ગ્રોથ ૬.૭૫ ટકા રહેવાનો અંદાજ

નોટબંધી બાદ નવા કરદાતાઓની સંખ્યામાં આશરે ૧૮ લાખ સુધીનો વધારો થયો છે : જીએસટી આવ્યા બાદ ટેક્સ વસુલાતમાં નોંધાયેલા નોંધપાત્ર વધારો

નવીદિલ્હી

બજેટને લઇને પ્રવર્તી રહેલી જુદા જુદા પ્રકારની અટકળો વચ્ચે નાણાંપ્રધાન અરૂણ જેટલીએ આજે આર્થિક સર્વે રજૂ કરતા અર્થશાસ્ત્રીઓમાં આની વ્યાપક ચર્ચા રહી હતી. આર્થિક સર્વેમાં નાણાંકીય વર્ષ ૨૦૧૮માં જીડીપી ગ્રોથ ૬.૭૫ ટકા રહેવાનો અંદાજ મુકવામાં આવ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૭માં જીડીપી ગ્રોથ ૭-૭.૫ ટકા રહેવાનો અંદાજ મુકવામાં આવ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૮માં જીડીપી ગ્રોથ ૭.૭.૫ ટકા રહેવાનો અંદાજ મુકવામાં આવ્યો છે. જો કે ચાલુ નાણાંકીય વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં અર્થવ્યવસ્થામાં ગતિ પકડી છે. બીજી બાજુ નોટબંધી અને જીએસટી જેવા આર્થિક પગલાના કારણે દેશને શુ મળ્યુ છે તેનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. નોટબંધી અને જીએસટીને લઈને આર્થિક સર્વેમાં ખુલાસો કરવામાં આવ્યો છે. નોટબંધી બાદથી નવેસરના કરદાતાની સંખ્યામાં આશરે ૧૮ લાખનો વધારો થયો છે. જીએસટી આવી ગયા બાદ ટેક્સ વસુલાતમાં વધારો થયો છે. સાથે સાથે વ્યક્તિગત અનુસંધાન પાના નં.૬

૭૫ નપાની ચૂંટણી અંગેનું જાહેરનામું જારી

૧૭મી ફેબ્રુઆરીએ મતદાન : વિધાનસભાની ચૂંટણી બાદ ફરી એકવાર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સત્તાની સાઠમારી

અમદાવાદ

ગુજરાત રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આજરોજ રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની તારીખ ગત સપ્તાહે જાહેર કર્યા બાદ આજે ચૂંટણી પંચ દ્વારા નગર પાલિકાઓની આ ચૂંટણી અંગેનું સત્તાવાર જાહેરનામું પ્રસિધ્ધ કરાયું છે. જે મુજબ આગામી તા.૧૭મી ફેબ્રુઆરીના રોજ રાજ્યની ૭૫ નગરપાલિકાઓની ચૂંટણી યોજવામાં આવશે. આ સાથે જ અમદાવાદ જિલ્લાની ધંધુકા, બાવળા, સાણંદ સહિતની રાજ્યની ૭૫ નગરપાલિકાઓ માટે વિધાનસભાની ચૂંટણી બાદ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ફરી એકવાર સત્તા મેળવવાની રાજકીય લડાઈ જોવા મળશે. ચૂંટણીનું જાહેરનામું પ્રસિધ્ધ થતાં જ આજથી ચૂંટણી માટેના ઉમેદવારી ફોર્મ ભરવાનો પ્રારંભ થયો હતો. આજથી ફોર્મ ભરવાનું શરૂ થયા બાદ તા.૩જી ફેબ્રુઆરી ઉમેદવારીફોર્મ ભરવાનો છેલ્લો દિવસ છે. ફોર્મની ચકાસણી તા.૫મી ફેબ્રુઆરીએ થશે. સ્થાનિક સ્વરાજયની આ ચૂંટણીમાં પણ મતદાન ઈવીએમ દ્વારા થશે તેવી સ્પષ્ટતા ચૂંટણી પંચ દ્વારા અગાઉ કરી દેવામાં જ આવી છે. તો, સાથે સાથે સ્થાનિક સ્વરાજયની આ ચૂંટણીમાં પણ નોટાનો ઉપયોગ થઈ શકશે તેવું પણ સ્પષ્ટ કરી દેવાયું છે. રાજયની ૭૫ નગરપાલિકાઓ સાથે પ્રસંગોપાત ખાલી પડેલી અનુસંધાન પાના નં.૬

ચૂંટણી પહેલા સબ્સિડી ટ્રમ્પ કાર્ડ રમવા માટે મોદી સરકાર તૈયાર

સબ્સિડીના મોરચે કેવા પગલા બજેટમાં જાહેર થાય છે તેના પર નજર

નવીદિલ્હી

ચૂંટણી પહેલા તમામ પ્રકારની સબ્સિડીની જાહેરાત કરવાની પરંપરા વર્ષોથી રહી છે અને જુદી જુદી સરકારો આ પાસાનો ઉપયોગ પણ કરે છે. દરેક સરકારના નાણાંપ્રધાન સામાન્ય લોકોને પ્રભાવિત કરવા માટે લોકલક્ષી જાહેરાત કરીને તેમને પોતાની તરફ ખેંચવાના પ્રયાસ કરે છે. સરકારો સબ્સિડીને ટ્રમ્પ કાર્ડ તરીકે ઉપયોગ કરવા માટે જાણીતી રહી છે. વર્ષ ૨૦૧૭માં સત્તામાં આવ્યા બાદથી મોદી સરકારે આનાથી થોડીક અલગ પરંપરા અપનાવી છે. હજુ સુધી મોદી સરકારે મોટા પાયે સબ્સિડીની જાહેરાત કરી નથી. આવા પગલાથી સરકાર દુર જ રહી છે. આવી સ્થિતીમાં સામાન્ય બજેટમાં જોવાલાયક બાબત એ રહેશે કે સરકાર સબ્સિડીના મોરચે ક્યા પગલા લેવા જઈ રહી છે. કુલ ખર્ચમાં સબ્સિડીની ટકાવારી ૨૦૧૪-૧૫માં ૧૫.૫૨ ટકા હતી. જે વર્ષ ૨૦૧૭-૧૮માં ૧૧.૨ ટકા થઈ ગઈ છે. સબ્સિડીની હિસ્સેદારી વર્ષ ૨૦૧૨-૧૩માં સૌથી વધારે થઈ ગઈ હતી. જ્યારે યુપીએ સરકારને જનાદેશનો સામનો કરવો પડ્યો હતો. જો કે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ઓછા અંતરથી ભાજપની જીત થયા બાદ કેટલાક મોરચે મોદી સરકારને દેખાય તેવા પગલા લેવાની જરૂર પડશે. કારણ કે નોટબંધી અને જીએસટીના કારણે મોટી સંખ્યામાં લોકોને તકલીફ થઈ હતી. કોંગ્રેસના પ્રમુખ રાહુલ ગાંધીએ આ જ મુદ્દો જોરદાર રીતે ઉઠાવ્યો હતો. ગુજરાતમાં ભાજપની સામે કોંગ્રેસે આ મુદ્દા ચગાવીને મતદારોને પ્રભાવિત કરવાના તમામ પ્રયાસો કર્યા હતા. તેમાં સફળતા પણ મળી હતી. અનુસંધાન પાના નં.૬

લઘુતમ તાપમાનમાં વધારો થતાં ઠંડીમાં આંશિક રાહત

લઘુતમ તાપમાન ૧૧ ડીગ્રી જ્યારે મહત્તમ તાપમાન ૩૦.૪ ડીગ્રી નોંધાયુ

નરસિંહ દેસાઈ

ડીસા

કાશ્મીર અને હિમાલયના કેટલાક ભાગોમાં થયેલી હિમવર્ષાના કારણે ડીસા સહિત જિલ્લામાં પણ ઠંડીનું જોર વધ્યુ હતું. લઘુતમ તાપમાન ૯ ડીગ્રીએ પહોંચી જતાં પ્રજાજનો ઠંડીથી ઠુઠવાયા હતાં પણ ત્યારબાદ વાતાવરણમાં ફરી પલટો આવતા લઘુતમ તાપમાન ૨ ડીગ્રી જેટલુ ઉંચુ જતાં ઠંડીમાંથી આંશિક રાહત મળી છે. આકાશમાં આંશિક વાદળોના પગલે ઠંડીમાં ઘટાડો થયો છે. બદલાયેલા વાતાવરણને પગલે રવિ સીઝનના ઉભા પાકમાં તેની અસર જોવા મળી રહી છે જેમાં ખાસ કરીને જીરૂ અને બટાટાના પાકમાં કાળીયા નામનો રોગ ફેલાયો છે. જેથી ઉભાપાક સુકાવા લાગ્યો છે. આ ઉપરાંત આમ પ્રજાજનો પર પણ અનુસંધાન પાના નં.૬

ધાનેરા પાલિકામાં પ્રથમ દિવસે એકપણ ફોર્મ ન ભરાયું

તા. પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા નગરપાલિકાની યોજાનાર ચૂંટણીને લઈ ઉત્તેજના છવાઈ છે પરંતુ ગઈકાલે સોમવારે ફોર્મ ભરવાના પ્રથમ દિવસે એકપણ ફોર્મ ન ભરાયું હોવાનું ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું. જો કે ૮૬ ઉમેદવારી ફોર્મનું વિતરણ થવા પામ્યું છે.

ધાનેરા નગરપાલિકાની ચૂંટણી નવા સીમાંકન મુજબ યોજાનાર છે. જેમાં ૭ વોર્ડની ૨૮ બેઠક માટે આગામી ૧૭ ફેબ્રુઆરીના રોજ મતદાન થનાર છે. જેથી ચૂંટણીને લઈ નગરમાં ભર શિયાળે રાજકીય ગરમાવો છવાયો છે. ત્યારે ગઈકાલે સોમવારે ચૂંટણીનું જાહેરનામું પ્રસિધ્ધ થવા સાથે ફોર્મ ભરવાની પ્રક્રિયા પણ પ્રારંભાઈ હતી પરંતુ ભાજપ અને કોંગ્રેસના આગેવાનો ઉમેદવારોની પસંદગીમાં વ્યસ્ત છે. તેથી પ્રથમ દિવસે એકપણ ફોર્મ ભરાયું ન હતું. પરંતુ ૮૬ ફોર્મ લોકો લઈ ગયા છે જો કે ફોર્મ ભરવાની છેલ્લી તા. ૩ ફેબ્રુઆરી છે. જેથી ઉમેદવારોની યાદી પ્રસિધ્ધ થયા બાદ જ ફોર્મ ભરાશે. હાલમાં તો ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોને ટીકીટ મેળવવા ભારે દોડધામ કરી રહ્યા છે. તેથી ઠંડીના માહોલમાં ગરમાગરમી છવાઈ છે. અને ઉલ્લેખનીય છે કે પાંચ વર્ષ પૂર્વે યોજાયેલી પાલિકાની ચૂંટણીમાં ૨૧ વોર્ડ બેઠકો પૈકી ૧૦ મા ભાજપ અને ૧૧ મા કોંગ્રેસનો વિજય થયો હતો. જેથી અઢી વર્ષની પ્રથમ ટર્મમાં કોંગ્રેસે પાતળી સરસાઈથી પાલિકામાં કબ્જો જમાવ્યો હતો. પરંતુ બીજી ટર્મમાં કોંગ્રેસના કેટલાક સભ્યો ભાજપમાં મળી જતા ભાજપે સત્તા મેળવી લીધી ત્યારે હવે આ વખતની ચૂંટણીમાં પણ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કસોકસનો જંગ જામશે તે નકકી છે.

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

ડીસા નગરપાલિકા સુરક્ષા જવાનો અને વિધવાઓનો મિલકત વેરો માફ કર્યો

ભરત સુંદેશા

ડીસા નગરપાલિકાના જનરલ બોર્ડમાં ઠરાવ કરાયો

ડીસા

ડીસા નગરપાલિકા દ્વારા દેશભરમાં સુરક્ષાનું કામ કરતા સૈન્યના જવાનો તેમજ વિધવા મહિલાઓનો મિલકત વેરો માફ કરવાનો સર્વાનુમતે નિર્ણય કર્યો હતો. જેને સોમવારે ડીસા નગરપાલિકાના સભાગૃહમાં મળેલી પાલિકાની સામાન્ય સભામાં વેરો માફ કરવાનો ઠરાવ કરાયો હતો.

ડીસા નગરપાલિકાની સામાન્ય સભા સોમવારે પાલિકા પ્રમુખ પ્રવીણા માળીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. સભામાં ડીસા નગરપાલિકાના કારોબારી ચેરમેન શશીકાંત પંડ્યા ડીસાના ધારાસભ્ય બનતા શશીકાંત પંડ્યાને અભિવાદન કરતો ઠરાવ પસાર કરાયો હતો. જ્યારે સામાન્ય સભામાં એજન્ડા પરના ૧૪ જેટલા વિકાસના કાર્યોને સભ્યોએ સર્વાનુમતે બહાલી આપી હતી.

જ્યારે સૌથી મહત્વનો નિર્ણય પાલિકા દ્વારા ડીસામાં વસતા અને દેશભરમાં કોઈપણ જગ્યાએ સુરક્ષાનું કામ કરતા બીએસએફ, સીઆઈએસએફ, એરફોર્સ, નૌસેના સહિતના સૈન્યના જવાનો તેમજ ડીસામાં વસતી વિધવા મહિલાઓ કે જેમનો પુત્ર કમાતો ન હોય તેવી મહિલાઓનો તમામ પ્રકારનો વેરો માફ કરવાનો સર્વાનુમતે ઠરાવ કરાયો હતો.

ડીસા પાલિકા પ્રમુખ પ્રવિણા માળીએ જણાવ્યું હતું કે દેશભરમાં સૈન્યના જવાનો અને વિધવા મહિલાઓનો વેરો માફ કરનાર ડીસા નગરપાલિકા રાજ્યની પ્રથમ છે. પાલિકાના વિપક્ષી નેતા વિપુલ શાહે જણાવ્યું હતું કે દેશની સુરક્ષા કરતા જવાનો અને વિધવા મહિલાઓને વેરો માફ કર્યો તે ખુબ જ સરાહનીય બાબત છે અને વિપક્ષોએ પણ આ બાબતને સંપૂર્ણ રીતે ટેકો આપી પાલિકાને ધન્યવાદ આપ્યા છે.

સૂર્યોદય - ૭.૨૩ સૂર્યાસ્ત - ૬.૨૩

તિથિદર્શન મહા સુદ-૧૪ મંગળવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર : હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ મહા સુદ ત્રીદસ મંગળવાર નક્ષત્ર:પુનર્વસુ રાત્રે ૮.૧૮ પછી પુષ્ય યોગ : વિષ્ઠુંભ કરણ :ગર આજે જન્મેલા બાળકની રાશી મીથુન (ક.છ.ઘ.) સાંજે ૩.૦૦ પછી કર્ક (ડ.હ.)અક્ષરો ઉપર પાડ્યું શાસ્ત્રોકત છે. - જયોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

હીયતે હિ મતિસ્તાત હીનેઃ સહ સમાગમાત્ સમૈશ્ચ સમતા મેતિ વિશિષ્ટૈશ્ચ વિશિષ્ટતામ્

'હે સજ્જન દીન- બંધુ, હે ભાઈ! હીન - હલકાજનોના સમાગમથી - સંગતથી આપણી મતિ- બુદ્ધિ- વિચારશ્રેણી પણ હલકી- નીચ પ્રકારની થઈ જાય છે. પરંતુ જો , સમાન બુદ્ધિકક્ષાની વ્યક્તિની સંગતથી આપણી બુદ્ધિ પણ મધ્યમ રહે છે, પરંતુ બુદ્ધિશાળી અને શ્રેષ્ઠ વ્યક્તિઓના સમાગમ- સત્સંગથી આપણી બુદ્ધિ પણ ઉત્તમ બને છે.'

જીવનમાં સંસ્કારનું ખૂબ મહત્વ છે. સંસ્કાર માત્ર ઘરમાંથી જ મળે છે એમ નથી, શાળા પણ એના માટે મહત્વનો ભાગ ભજવે છે. શાળમાં મળેલા મિત્રો જીવનભર અસર પાડે છે. આ મિત્રોનો સ્વભાવ અને ટેવો પણ આપણા પર આડકતરી અસર પાડે છે.

એક ચિંતકે તો કહ્યું છે, કોઈના ચારિત્ર્ય-સ્વભાવ વિશે જાણવું હોય તો તેના મિત્રો કોણ છે, પ્રથમ એ જાણી લ્યો! સારી સંગતિથી સારા સંસ્કાર પ્રાપ્ત થાય છે, આથી જ અધ્યાત્મમાં સત્સંગનું મહત્વ વિશેષ છે, કથા- વાર્તા- ભજન-કીર્તન દ્વારા સારા વિચાર મળે છે અને સાધુ-સંતોની સંગત થાય છે. સારા વિચારથી બુદ્ધિ ઉત્તમ બને છે.

આપની આજ - કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.) માનસિક તાણ હળવી બને. પરૂષાર્થનું ફળ મળે.

વૃષભ : (બ.વ.ઉ.) મહત્વના નિર્ણયો અમલમાં ન મૂકવા હિતાવહ.

મિથુન : (ક.છ.ઘ.) વિશેષ કાર્યબોજ રહે. માનસિક અસ્વસ્થતા રહે.

કર્ક : (ડ.હ.) મનમાં મૂંઝવણ રહે. આર્થિક સમસ્યાનો ઉકેલ આવે.

સિંહ : (મ.ટ.)વ્યર્થ વ્યાધિનો સામનો કરવો પડે. માનસિક અશાંતિ રહે.

કન્યા : (પ.ઠ.ણ.) મુશ્કેલીમાં માર્ગ મળી રહે. નવિન સમાચાર લાભદાયી રહે.

તુલા : (ર.ત.) દિવસ દરમિયાન હળવાશ અનુભવાય. આર્થિક સમસ્યા હળવી બને.

વૃશ્ચિક : (ન.ય.)આકસ્મીક ધનલાભના યોગ. પુરૂષાર્થથી શુભ ફળ મેળવી શકશો.

ધન : (ભ.ફ.ધ.) વ્યર્થ ચિંતામાં દિવસ વ્યતિત થાય. ધારેલા કાર્યોમાં અચાનક રૂકાવટ આવે.

મકર : (ખ.જ.)જીવનસાથી સાથે સંઘર્ષ થાય. માનભંગનો પ્રસંગ બને.

કુંભ : (ગ.શ.સ.) આવક કરતા જાવકનું પાસુ વિશેષ રહે. પ્રવાસમાં હાનિનો સંભવ.

મીન : (દ.ચ.જ.ઝ.) મહત્વના કાર્યમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.

આજનો દિન મહાન - યશવંત કડીકર

જોન સ્ટુઅર્ટ મિલે જેમને 'બુદ્ધિવાદના કર્મનિષ્ઠ સંત' કહ્યા છે તે આજના મહાન વિચાર-સ્વાતંત્ર્યના પુરોણ જનક શ્રી ચાર્લ્સ બ્રેડલીની પુણ્યતિથિ છે. એમનો જન્મ તા.૨૬-૯-૧૮૩૩ના રોજ લંડનમાં હોફટન ખાતે થયેલો. બ્રેડલો ગરીબોની મફત વકીલાત કરતા. જરૂરિયાતવાળાને મદદ કરવાનું તો એમણે જિંદગીભર ચાલુ રાખેલું.

આ લોકસેવક,નિષ્ઠાવાન સંતનું ૩૦-૧-૧૮૯૦ના રોજ અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૩૬૪
મુદ્રક : રમેવાળા પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેધ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થની કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રદ્ધા અતૂટ..... સમયે વિશ્વાસનું પ્રતિક ॥
ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

તા. ૩૦.૦૧.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

નિફ્ટી ફ્યુચર ૧૧૦૩ પોઈન્ટ સ્ટોપ સપોર્ટ....!!!
તા. ૨૮.૦૧.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૧૧૩૮ પોઈન્ટ :-
આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૧૦૭૩ પોઈન્ટના પ્રથમ અને ૧૧૦૩૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસ ટ્રેડીંગ સંદર્ભે ૧૧૧૭૩ પોઈન્ટ થી ૧૧૧૯૦ પોઈન્ટ, ૧૧૨૦૨ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૧૨૦૨ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!
તા. ૨૮.૦૧.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૩૬૮૭ પોઈન્ટ :-
આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૩૫૭૫ પોઈન્ટના પ્રથમ અને ૨૩૬૦૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસ ટ્રેડીંગ સંદર્ભે ૨૩૮૦૪ પોઈન્ટ થી ૨૩૩૦૦ પોઈન્ટ, ૨૩૩૩૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૩૬૦૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

HDFC બેન્ક (૨૦૦૩) :- HDFC ગ્રુપ ની ગણાતી આ કંપનીના શેરનો ભાવ હાલમાં ૩.૧૯૮૬ આસપાસ પ્રવર્તી રહ્યો છે. ૩.૧૯૩૩ના સ્ટોપલોસની ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે ૩.૨૦૧૯ થી ૩.૨૦૩૦ ભાવ નોંધાયે તેવી શકયતા છે....!! ૩.૨૦૩૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

એશિયન પેઈન્ટ્સ (૧૧૫૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ૩.૧૧૩૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! ૩.૧૧૧૯ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સિમેન્ટ સ્ટોક ૩.૧૧૬૭ થી ૩.૧૧૭૩ નો ભાવ નોંધાયે તેવી સંભાવના છે...!!!

ઇન્ફોસિસ (૧૧૮૩) :- ૩.૧૧૬૦નો પ્રથમ તેમજ ૩.૧૧૫૦ના બીજા સપોર્ટથી ટેકનોલોજી સેકટરનો રોકાણલક્ષી આ સ્ટોક ૩.૧૧૮૭ થી ૩.૧૨૦૩ સુધીની તેજી તરફી રુખ નોંધાવશે....!!!

લ્યુપિન લિમિટેડ (૯૪૪) :- ફાર્મા સેકટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી ૩.૯૨૩ થી ૩.૯૩૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત ૩.૯૦૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

મહેન્દ્રા & મહેન્દ્રા (૭૬૩) :- ૩.૦૫ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક ૩.૯૫૭ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ઓટો સેકટરના આ સ્ટોકમાં તેજી તરફી ૩.૭૭૪ થી ૩.૭૮૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!

HDFC લિમિટેડ (૧૮૭૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાઇનાન્સ સેકટર નો આ સ્ટોક ૩.૧૯૯૯ આસપાસ નફારૂપી વેચવાલી થકી ૩.૧૯૬૦ થી ૩.૧૯૫૩ ના ટાર્ગેટ ભાવની શકયતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી ૩.૨૦૧૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

ACC લિમિટેડ (૧૭૩૭) :- ૩.૧૪૭૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક ૩.૧૩૦૦ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર ૩.૧૨૨૩ થી ૩.૧૩૧૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! ૩.૧૩૩૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!

ઓરબિંદો ફાર્મા (૭૬૩) :- ફાર્મા સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે ૩.૭૮૦ના સ્ટોપલોસથી વેચાણલાયક....!! પ્રત્યાઘાતી ઘટાડે ૩.૬૯૦ થી ૩.૭૫૩ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!

વિપ્રો લિમિટેડ (૩૧૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેકનોલોજી સેકટરનો આ સ્ટોક ૩.૩૧૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી ૩.૩૦૬ થી ૩.૨૮૭ ના ટાર્ગેટ ભાવની શકયતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી ૩.૩૨૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

JSW સ્ટીલ (૨૯૨) :- ૩.૩૦૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક ૩.૩૦૩ના સ્ટોપલોસે વેચવાલાયક સ્ટીલ સેકટરનો આ સ્ટોક તબક્કાવાર ૩.૨૮૬ થી ૩.૨૮૦નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! ૩.૩૦૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણા રોકાણકાર...!!!

સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય, ડીસા અને કાંટ ૬૯મા પ્રજાસત્તાક દિનની ઉજવણી

ડીસા અજબાણી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય, ડીસાના અને કાંટ ખાતે ૬૯ મા પ્રજાસત્તાક દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.ડીસાની વિદ્યાલયમાં પ્રકાશચંદ્ર પુડાલાલ જોષી (ટ્રસ્ટીશ્રી રાજપુર જૈન સંઘ)ના વરદ્ હસ્તે આચાર્યશ્રી જગદીશભાઈ પરમાર દ્વારા મહેમાનોનું સ્વાગત કર્યુ હતુ.શિશુમંદિર, પ્રાથમિક ને માધ્યમિક ઉ.મા. વિભાગના બાળકો દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી વિક્રમભાઈ શેઠ દ્વારા સંસ્થાનો ટુંકો અહેવાલ તથા રાષ્ટ્રભાવના વિષે સુંદર વક્તવ્ય આપવામાં આવેલ. આમાં સંસ્થાના ટ્રસ્ટી નરેશભાઈ શેઠ દ્વારા દેશપ્રેમ, ક્રાંતિકારીઓને યાદ કરી રાષ્ટ્ર ભાવનામય વાતાવરણ ઉભું કરેલ. કાર્યક્રમના અધ્યક્ષ પ્રકાશચંદ્ર જોશીએ રાષ્ટ્ર ભાવના તેમજ સંસ્થાની પ્રશંસા કરેલ. આ સમગ્ર કાર્યક્રમમાં સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી, વિક્રમભાઈ શેઠ, હાથીભાઈ વાઘેલા, ડૉ. દિનેશભાઈ પટેલ, શ્રવણભાઈ ડેલા, નરેશભાઈ શેઠ, તૃપ્તીબેન શાહ, ભરતભાઈ વારિયા, હિતેષભાઈ જોષી, ત્રણેય વિભાગના આચાર્યશ્રીઓ સ્ટાફ, વાલીઓ, બાળકો વગેરે ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અશોકભાઈ પ્રજાપતિ, કિશોરભાઈ ત્રિવેદી અને આભારવિધિ ભરતભાઈ કાંકરેચી દ્વારા કરવામાં આવી હતી.

આ ઉપરાંત શ્રી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય, કાંટ કાર્યક્રમના અધ્યક્ષ દિનેશભાઈ એમ. દેસાઈના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવેલ. આ પ્રસંગે પધારેલ મહેમાનોનો પરિચય અને શાબ્દિક સ્વાગત શ્રી સર્વોદય લો કોલેજના આચાર્ય ડો.રાજુલાબેન દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્થાના ઉપપ્રમુખ ખેંગાભાઈ ચૌધરીએ અધ્યક્ષ દિનેશભાઈ એમ. દેસાઈનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ શ્રી સર્વોદય પ્રાથમિક વિદ્યાલય, શ્રી સર્વોદય મા. તથા ઉચ્ચ. માધ્યમિક વિભાગ તથા લો કોલેજ દ્વારા દેશભક્તિને લગતા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા. આ કાર્યક્રમો બાદ કાંટ ગામના આગેવાન ઓધારજી ઠાકોર તથા અધ્યક્ષ દ્વારા પ્રસંગોચિત ઉદબોધન આપેલ. આ પ્રસંગે ટ્રસ્ટી છગનલાલ શેઠ, નરેશભાઈ શેઠ, ભરતભાઈ વારીયા ગામના પૂર્વ ડેલીગેટ ચમનજી ઠાકોર તથા ગામના અન્ય આગેવાનો, ગામના પૂર્વ ડેલીગેટ ચમનજી ઠાકોર તથા ગામના અન્ય આગેવાનો, વાલીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ખુબ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમની આભારવિધિ માધ્યમિક વિભાગના આચાર્ય આલ ભરતભાઈએ કરી હતી.

વાવ પ્ર.શાળા નં.૨ નો શતાબ્દી મહોત્સવ યોજાયો


વિષ્ણુ પરમાર

તા. પ્રતિ. વાવ

વાવ શહેર ખાતે આવેલી પ્રા.શાળા નં.-૨ ની સ્થાપના ઈ.સ. ૧૨/૧૨/૧૯૧૭ ના રોજ કરવામાં આવી હતી. જેના અનુસંધાને પ્રજ્ઞસત્રાક પર્વના દિવસે પ્રા.શાળા નં.૨ નો ૧૦૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે શતાબ્દી મહોત્સવ યોજવામાં આવ્યો હતો.

જે પ્રસંગે પ્રા.શાળા નં.૨ ના સ્ટાફમિત્રો દ્વારા સૌપ્રથમ દીપપ્રાગ્ટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. જે પ્રસંગે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં બેટી બચાવો, ગરબા, નાટક, નૃત્ય, (ડાન્સ) દેશભક્તિના શીર્ષગીતો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. રાત્રે ૯ થી ૧૨ વાગ્યા સુધી શતાબ્દી મહોત્સવ કાર્યક્રમ યોજાયો હતો બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહી કાર્યક્રમ નિહાળીને મંત્રયુગ્ધ બની ગયા હતા દાનવીર અને દાતાઓ એ નાણાંનો પોષ વહાવી શાળા નં-૨ માંકોમ્પ્યુટર લેબની મદદ માટે રૂા.૧,૬૧, ૨૫૦/-ની મદદ કરી હતી. કાર્યક્રમનું સુંદર આયોજન પ્રા.શાળા નં.૨ ના સ્ટાફમિત્રો દ્વારા કરવામાં આવ્યું. સંચાલન વિપુલભાઈ સકલેના અને નિભમ્બેન પ્રજાપતિએ કર્યુ કાર્યક્રમને સફળ બનાવામાં શાળા નં.૨ ના મુ.શિક્ષક ગણેશભાઈ રાજપુત અને સ્ટાફમિત્રો એ ખાટે જહેમત ઉઠાવી હતી.

થરાદ કોલેજ ખાતે વાર્ષિક શીબીરનો પ્રારંભ

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ થરાદના એન.એસ.એસ.વિભાગ દ્વારા વાર્ષિક શિબિરનો શુભારંભ થરાદ તાલુકાના કરણસર ગામે થયો. શિબિરનું ઉદઘાટન લાખણીના સબ રજિસ્ટ્રાર શ્રી ગજેન્દ્રભાઈના હસ્તે કરવામાં આવ્યું.આ પ્રસંગે કોલેજના આચાર્યશ્રી અને અધ્યાપકો, ગામના આગેવાનો અને ગામજનો ઉપસ્થિત રહ્યા હતા. કોલેજની એન.એસ.એસ. ની સ્વયંસેવક બહેનોએ સ્વાગત નૃત્ય કરી સર્વ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું. એન.એસ.એસ. ના કોઓર્ડીનેટર ડો.ભિપિનભાઈ ચૌધરીએ વાર્ષિક શિબિરના આયોજન વિશે ગામલોકોને પરિચય આપ્યો હતો. બેટી બચાવો, બેટી પઢાવો વિશે જનજાગૃતિ અર્થે ચિત્ર પ્રદર્શન અને રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડીસા કોલેજ ખાતે મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટની સેમી ફાઈનલ યોજાઈ

ભરત સુંદેશા

આજે ડીસા કોલેજ ના યજમાન પદે હેમ. ઉ. ગુજ. યુનિ આંતર કોલેજ ક્રિકેટ બહેનોની બીજી સેમિફાઈનલ મેચ મહિલા કોલેજ ઊંઝા અને પાંથવાડા કોલેજ વચ્ચે યોજાઈ જેમાં મહિલા કોલેજ ઊંઝાનો ભવ્ય વિજય થયો હતો.

ડીસાથી સોનાણા ખેતલાજી યાત્રાધામનો સાયકલ પ્રવાસ

વિનોદ બાંડીવાલા

ડીસા ડીસાથી રાજસ્થાનમાં આવેલ નાડોલ, આશાપુરા થઈ સોનાણા ખેતલાજી યાત્રાધામનો ડીસાના નવ યુવાનો પરેશ સોલંકી, હસમુખકુમાર ચૌહાણ વિક્રમ ટાંક વિગેરેએ સાયકલ ઉપર પ્રવાસ ખેડ્યો હતો. તા.૨૫/૧/૨૦૧૮ ના રોજ બપોરે ડીસાથી નીકળી દોઢ દિવસમાં યાત્રાધામ સોનાણા ખેતાલાજી ૨૭૦ કીલો મીટરનો પ્રવાસ કરી માનતા સુખરૂપ પૂર્ણ કરેલ.

દાંતીવાડા તાલુકાના શિકરીયા પાથમિક શાળામાં પ્રજાસતાક પર્વની ઉજવણી

ઈશ્વર રબારી

પ્રતિનિધિ દાંતીવાડા

દોતીવાડા તાલુકા ના શિકરીયા ગામે ૬૯મા પ્રજાસતાક દિન નિમિત્તે શાળા ના બાળકો ધ્વરા પ્રભાતફેરી નુ આયોજન કરવામાં આવ્યુ હતુ ત્યારબાદ ગામની દિકરી પુજાબેન વિષ્ણુભાઈ જોષી ના હસ્તે ધ્વજ વંદન કરવામા આવ્યુ હતુ પાથમિક શાળા ના બાળકો ધ્વરા દેશભકતિના ગીત અભિનય ગીત નાટકો જેવા રંગારંગ કાર્યક્રમ કરવામા આવ્યા હતા આ પસંગે આજુબાજુના ગામના લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ તેમજ પુજાબેન તેમજ આરતી બેન સીલ્ડ તથા પમાણપત્ર સરપંચ નરેશ ભાઈ ગાલવાડીયા ડેલીગેટ પવિણભાઈ જોષી હસ્તે એનાયત કરવામાં આવેલ તેમજ ગામના આગેવાનો ચમનજી શંકરભાઈ બારોટ વિષ્ણુભાઈ રાજુભાઈ ગણપત ભાઈ પોપટ ભાઈ વિહાભાઈ વિજયભાઈ ઉપસ્થિત રહેલ આ કાર્યક્રમ ને સફળ બનાવામાં શાળા સ્ટાફ મિત્રો એ સફળ સંચાલન કરેલ આભાર વિધી શાળા આચાર્ય બહેનશ્રી સીતાબેન કરેલ.

લુણાવા ગામે મામાજી મહારાજના મંદિરે ઉજામણું યોજાયું

ડીસા લુણાવા ગામે મામાજી મહારાજની પ્રાણ પ્રતિષ્ઠાના ૧૧ માં વર્ષમાં પ્રવેશ નિમિતે ઉજવણું તથા સમસ્ત પરમાર(માળી) પરિવારનો વ્યસન મુક્તિ કાર્યક્રમ યોજાયો હતો. તા.૨૯/૧/૨૦૧૮ ના રોજ લુણાવા (માળીફામ) મુકામે યોજાયેલ સમસ્ત માળી સમાજ દર્શન (ઝંજાવું) પ્રસંગે તા.૨૮/૧/૨૦૧૮ ના સાંજે ભજન સતસંગ તથા લોક ડાયરો રાખેલ અને સવારે ભોજન પ્રસાદનું આયોજન કરાયું હતું. જેમાં સમસ્ત લુણાવાના માળી (પરમાર) યુવાનોએ કોઈ પણ પ્રકારનું વ્યસન ન કરવાનાં સંકલ્પ લીધા હતા. આ પ્રસંગે વંશાજ પી.તથા વશરામજી પી.તથા બદાજી મંત્રી લુણાવા શાખા તથા પીરાભાઈ તથા બળદેવભાઈ વગેરે ભારે જહેમત ઉઠાવી હતી.

વાવની ડાભલીયાવાસ પ્રા.શાળાના મુખ્ય શિક્ષકનો વિદાય સમારોહ યોજાયો

વિષ્ણુ પરમાર

તા.પ્રતિ. વાવ

વાવ તાલુકાની ખીમાણા વાસ સેન્ટર શાળાના નેજા હેઠળ આવેલી ડાભલીયાવાસ પ્રા.શાળાના મુ.શિક્ષક નાનાલાલ હરીરામ આસલ (૨.છ.ણ.વ.ળ.) તા.૩૧/૧૦/૧૭ ના રોજ વયોનિવૃત થતાં તા.૨૬/૧/૨૦૧૮ ના રોજ પ્રજાસત્તાક પર્વના દિવસે ડાભલીયાવાસ પ્રા.શાળામાં સ્ટાફમિત્રો અને ગ્રામજનોના સહીયારા પ્રવાસથી વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે વાવ નિવૃત થયેલા મુ.શિક્ષક નાનાલાલ આસલને રોકડ રકમ અને સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે શાળાના એસ.એમ.સી. અધ્યક્ષ પીરાજી સોલંકીએ જણાવ્યું હતું છેલ્લા સાડાસાત વર્ષથી ડાભલીયાવાસ પ્રા.શાળામાં ઉમદા સેવા આપી રહેલ. નાનાલાલ આસલની રાહબરી હેઠળ આવેલી ડાભલીયાવાસ પ્રા.શાળા નંદનવન સમાન બની ગઈ છે તેઓએ શાળા માટે ભારે યોગદાન આપ્યું છે તેમનું પાછળનું નિવૃત જીવન સુખમય અને શાંતિમય રીતે પસાર થાય તેવું જણાવ્યું હતું. જ્યારે શાળામાંથી વિદાય લઈ રહેલા મુ.શિક્ષક નાનાલાલ આસલે પણ પોતાના સાડાસાત વર્ષના ફરજ દરમિયાન ગામ લોકો તરફથી મળેલ સહાય બદલ આભાર માન્યો હતો.

જે પ્રસંગે શાળાના આચાર્ય હસમુખભાઈ ત્રિવેદી એસ.એમ.સી.અધ્યક્ષ પીરાજી સોલંકી, સુજાજી, રામજીભાઈ, હીરાજી તેમજ શાળાના સ્ટાફમિત્રો ગ્રામજનો અને સ્નેહીજનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

જુનાડીસા પ્રા. શાળા નં.૩ના બાળકોને બટુક ભોજન

વિનોદ બાંડીવાલા

ડીસા જુનાડીસા બાળકો ભગવાનનું સ્વરૂપ ગણાય છે.તેથી બાળકોને બટુક ભોજનો વિશેષ મહિમા રહેલો છે. સરકારે પણ શાળાઓમાં ભણતા બાળકોને પૌષ્ટીક ભોજન મળી રહે તે માટે તિથિ ભોજનની યોજના અમલ બનાવી છે જેને ગામેગામ દાતાઓ તરફથી સુંદર પ્રતિસાદ સાંપડી રહ્યો છે.ત્યારે ડીસા તાલુકાના જુનાડીસા ગામના નવાપુરા વિસ્તારમાં આવેલ અંબા માતા મંદિર વર્ષોથી આસ્થા સ્થાનક રૂપે પૂજાય છે. માં અંબા ભાવિકોની મનોકામના પૂરી કરે છે. મંદિરમાં સંત નારણગીરી બાપુના આગમન બાદ મંદિરના નવીની કરણનું કામ પણ હાથ ધરાયું છે. જેથી ગ્રામજનોમાં ખુશાલી છવાઈ છે.

બાળકો ભગવાનનું સ્વરૂપ ગણાય છે.તેથી બાળકોને બટુક ભોજનો વિશેષ મહિમા રહેલો છે. સરકારે પણ શાળાઓમાં ભણતા બાળકોને પૌષ્ટીક ભોજન મળી રહે તે માટે તિથિ ભોજનની યોજના અમલ બનાવી છે જેને ગામેગામ દાતાઓ તરફથી સુંદર પ્રતિસાદ સાંપડી રહ્યો છે.ત્યારે ડીસા તાલુકાના જુનાડીસા ગામના નવાપુરા વિસ્તારમાં આવેલ અંબા માતા મંદિર વર્ષોથી આસ્થા સ્થાનક રૂપે પૂજાય છે. માં અંબા ભાવિકોની મનોકામના પૂરી કરે છે. મંદિરમાં સંત નારણગીરી બાપુના આગમન બાદ મંદિરના નવીની કરણનું કામ પણ હાથ ધરાયું છે. જેથી ગ્રામજનોમાં ખુશાલી છવાઈ છે.

"સુખી બનવાની માસ્ટર કી"

"પરિસ્થિતિ બદલવી કઠણ, મન : સ્થિતિ બદલવી સરળ : રાજરક્ષિત વિજયજી મ.

નવસારી

યુગપ્રધાન આચાર્ય સમ પંન્યાસ પ્રવર શ્રી ચન્દ્રશેખર વિજયના શિષ્ય જૈનાચાર્ય હંસકીર્તિસુરિજી, મુનિ શ્રી હંસબોધિ વિજયજી, પંન્યાસ રાજરક્ષિત વિજયજી આદિ-૩૦ સાધુ ભગવંતો નવસારીથી પદયાત્રા કરતાં સચીન-સ્ટેશન જૈનસંઘમાં પધાર્યાં હતાં.

પંન્યાસ રાજરક્ષિત વિજયજીએ જણાવ્યું કે, પરિસ્થિતિ કર્મોન અધિન છે.જ્યારે મન : સ્થિત સ્વાધિન છે. ગમે તેવા દુઃખોના વાવાઝોડાં હતાશ થશો નહિ મહાપુરૂષોને જીવનમાં દુઃખો આવ્યા ત્યારે હતાશા નહિ પરંતુ હિંમત રાખી હતી. રામને ચૌદવરસ- વનમાં જવું પડ્યું, અજંના માતાને ૨૨-૨૨ વરસ પતિનો વિરહ સહન કરવો પડ્યો, નરસિંહ મહેતા ઉપર આફતો તુટી પડી છતાં પ્રભુના સ્મરણથી અને શરણથી દુઃખોને દવા સમજીને પી ગયાં.

પૂજ્ય રાજરક્ષિત વિજયજીએ જણાવ્યું કે, પરિસ્થિતિ બદલવી તે આપણા હાથમાં નથી પરંતુ મન : સ્થિતિ બદલવી સ્વાધિન છે. મન : સ્થિતિને કબજે રાખો તો પ્રત્યેક પરિસ્થિતિ આનંદનો યઝ્ઝકું છે પણ મન : સ્થિતિ કબજે નથી તો પ્રત્યેક પરિસ્થિતિ અગ્નિકુંડ સમાન છે. હાય હાય કરશું તો હોળી થશે અને હોય હોય કરશું તો દિવાળી જેવું વાતાવરણ બનશે. હિન્દુસ્તાન જ્યારે ૨૬ મી જાન્યુઆરીએ પ્રજાસત્તાકદિન ઉજવશે. ત્યારે દેશભક્તિનો જુવાળ હૃદયમાં ઝગટે એ ખૂબ જરૂરી છે. રાષ્ટ્રરક્ષા વિના ધર્મ રક્ષા થવી મુશ્કેલ છે.

આચાર્ય હંસકીર્તિસુરિજીનો કાર્યક્રમ સૂરતમાં તા.૨૬, ૨૭-૨૮ જાન્યુ. અરિહંતપાર્ક જૈન સંઘ સુમુલ ડેરી રોડ સુરત તા.૨૯-૩૦ બાબુ નિવાસ ગલિ તા.૩૧ થી ૬ ફ્રેબુ. ઉમરા જૈન સંઘમાં રોકાણ કરશે ?

પેપળુ ગામેથી દેશી દારૂ તથા દારૂ ગાળવાનો વોશ પકડાયો

મહીલા સહીત ત્રણ આરોપી ફરાર

કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

ભીલડી પોલીસ સ્ટેશનમાં નવા વરાયેલ પી.એસ. આઈ. એસ.વી. આહીરે સંભાળતાની સાથે દારૂ અને જુગારની બદી નાબુદ થાય તે માટે કડક કાર્યવાહી હાથ ધરી છે જે અનુસંધાને લાખણી તાલુકાના પેપળુ ગામે અલગ અલગ જગ્યાએ રેડપાડી ત્રણ બુટલેગરો વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી છે. જિલ્લા પોલીસ વડાની સુચનાથી પી.એસ.આઈ. એસ.વી.આહીરે સ્ટાફ, સાથે પેટ્રોલીંગમાં મળેલ બાતમીના આધારે ઠાકોર શકરીબેન શકરાજી, ઠાકોર નટવરજી શકરાજી અને શ્રવણજી શકરાજીના રહેણાંક મકાનમાં રેડ પાડતા તેમનો માલીકીના મકાનમાંથી દેશી દારૂ લીટર ૨૦, દારૂ ગાળવાનો વોશ લીટર ૧૪૦૦ અને મોટર સાયકલ (કિંમત રૂા.૧૫૦૦૦) સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. જોકે મહીલા સહીત ત્રણ બુટલેગર આરોપીઓ ફરાર થઈ ગયા હતા. જેમની વધુ તપાસ પી.એસ.આઈ. એસ.વી. આહીર ચલાવી રહ્યા છે.

ધાનેરા તાલુકામાં બોગસ ડોક્ટરોનો રાફડો

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા સહિત તાલુકાના ગામડાઓમાં ઠેરઠેર બોગસ ડોક્ટરો તંત્રની મીઠી નજર હેઠળ ગેરકાયદે પ્રેકટીસ કરી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરી રહ્યાં છે.

ધાનેરા નગરપાલિકા વિસ્તારમાં અને ગામડાઓમાં બી.એમ.એસ, એચ.એમ. એસ.ની ડિગ્રી ધરાવતા બોગસ ડોક્ટરો ખુલ્લેઆમ એલોપેથીની પ્રેકટીસ કરે છે. એ તો ઠીક ધાનેરાની ખાનગી હોસ્પિટલોમાં બે- પાંચ વર્ષ ફંપાઉન્ડગીરી કર્યા બાદ ગમે તે ગામડામાં દવાખાનું ખોલી નાખે છે અને તંત્રની મીઠી નજર તળે ધૂમ પ્રેકટીસ કરી ગરીબ અને ભોળી જનતાને બિન્દાસ લૂંટે છે. એટલું જ નહીં, આ બોગસ ડોક્ટરો ધાનેરા, ડીસા અને પાલનપુરની હોસ્પિટલોમાં ભલામણો કરી દર્દીઓને મોકલતા પણ હોવાનું કહેવાય છે. અજ્ઞાનતાના કારણે ઘણી વખત દર્દીનો જીવ જોખમમાં મુકાય અને કેશ બગડે એટલે દર્દીના વાલી-વારસો સાથે 'સેટીંગ' કરી સમાધાન કરી નાખે છે. જેથી બગડેલા કેશ બહાર આવતા નથી. આ બાબતે નિષ્ઠાવાન આરોગ્ય અધિકારી સત્યતાની તપાસ કરી ડીગ્રી વગર એલોપેથીની દવા કરતા બોગસ ડોક્ટરોને ઝડપી કાયદેસરની કાર્યવાહી કરે તેમ પ્રજા ઈચ્છે છે.

ખીમાણામાં પોલિયો રવિવારની ઉજવણી કરાઈ

વિષ્ણુ સોલંકી

પ્રતિ. ખીમાણા

કાંકરેજ તાલુકાના ખીમાણા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા પોલિયો રવિવાર - ૨૦૧૮ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પી.એચ.સી. ના ડૉ. એસ.બી.અન્સારી, સુપરવાઈઝર આર. વી. પટેલ, તથા એમ.પી.ડબ્લ્યુ. રાજુ સોલંકી, ગૌતમ પરમાર દ્વારા સુંદર આયોજન કરવામાં આવેલ. દરેક આંગણવાડી કેન્દ્રો સહિત જાહેર સ્થળ તેમજ હાઈવે ચાર રસ્તા ઉપર પોલિયોના બુથ ગોઠવવામાં આવ્યા હતાં અને ૦ થી ૫ વર્ષના તમામ બાળકોને પોલિયોની રસીના બે ટીંપા પીવડાવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે ખીમાણા પી. એચ. સી. સ્ટાફ સહિત આંગણવાડી કાર્યકર બહેનો અને આશાવર્કર બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.હાઈવે ચાર રસ્તા પર પોલિયો બુથને કપુરજી પરમાર, નરેન્દ્રસિંહ ચૌહાણ, રાવતસિંહ પરમાર, વગેરે દ્વારા ૦ થી ૫ વર્ષના બાળકોને. પોલિયોની રસીના બે ટીંપા પીવડાવી ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.

ગજાનન યુવક મંડળ દિયોદર દ્વારા શહીદો કે નામ યોજયો

તાલુકા પ્રતિનિધિ દીઓદર

શ્રી ગજાનન યુવક મંડળ દિયોદર દ્વારા ઓગડનાથ સોસાયટીના ચોક ખાતે ૬૯માં પ્રજાસત્તાક દિન નિમિત્તે "એક શામ શહીદો કે નામ" સાંસ્કુતિક કાર્યક્રમ યોજયો હતો. જેમાં દિયોદરની શાળાઓ અને કોલેજ ના કુલ ૧૭૦ જેટલા વિધાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં જરા યાદ કરો કુરબાની એ મેરે વતન કે લોગો સમુહનુર્ત્ય વગેરે રજૂ કર્યો હતા. જેમાં જી.વી.વાઘેલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ વખા, વી.કે.વાઘેલા હાઈસ્કુલ, મોર્ડન સ્કુલ, માધ્યમિક અને પ્રાથમિક શાળાના વિધાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત પૂર્વ આમંત્રિત મહેમાનોનું બાલિકાઓ દ્વારા સ્વાગત ગીત અને કુમ કુમ તિલક કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ વિધાર્થીઓને આશ્વાસન ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના વિવિધ દાતાઓના સહયોગથી આયોજન કરવામા આવ્યું હતુ. આ પ્રસંગે ઈશ્વરભાઈ ટી. પટેલ (ગાગોલ) વી.કે.વાઘેલા હાઈસ્કુલના આચાર્ય એ.પી.ભાટી, પૂર્વ સરપંચ કનુભાઈ પઢિયાર, ભવાનજી ઠાકોર દીપકભાઈ અખાણી દિયોદર તાલુકા ભાજપ મહામંત્રી ભરતભાઈ અખાણી દિયોદર તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ નરસિંહભાઈ દેસાઈ, જે.સી.ત્રિવેદી વકીલ, બી.કે.જોષી સહિત ગજાનન યુવક મંડળના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને મંડળ સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

થરાદની ખોરડા કોલેજ પાસે બસ ઉભી ન રહેતા વિદ્યાર્થીઓ પરેશાન

વિદ્યાર્થીઓનું ટોળું એસ ટી ડેપોમાં રજુઆત કરવા ધસી આવ્યું

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ ડીસા રોડ ઉપર આવેલા એપી ત્રિવેદી કોલેજનું સ્ટોપેજ હોવા છતાં પણ થરાદથી આવતી તથા થરાદ તરફ જતી એસટી બસો નહી ઉભી રાખવાના કારણે ગ્રામીણ વિસ્તારોમાંથી થરાદ શહેરમાં અભ્યાસ અર્થે અપડાઉન કરતા વિદ્યાર્થીઓને હાલાકી ભોગવવી પડી રહી છે.આ અંગે રોષ વ્યક્ત કરતા વિદ્યાર્થીઓ જણાવ્યું હતું કે પાસ કઢાવેલ છતા પણ બસને હાથ ધરવા છતાં બસના ચાલક કંડક્ટરો પોતાની મનમાની કરીને બસ થોભાવતા નથી.

સોમવારે ડીસા ડેપોની બસ ઉભી ન રહેતાં વિદ્યાર્થીઓનું ટોળું થરાદ ડેપોમેનેજરને રજૂઆત કરવા ધસી આવ્યું હતું.તેમણે જણાવ્યું હતુંકે વિદ્યાર્થીઓને જોઈને ઓવર સ્પીડમાં બસ હંકારી જાય છે એકદમ ખાલી હોવા છતાં પણ ઘણી વખત ઊભી રાખવામાં આવતી નથી આથી બસ ચૂકી જવાના કારણે લેટ થવાથી શાળામાં પણ મોડુ થઈ જાયછે.જોકે ડેપો મેનેજરે આ અંગે વિદ્યાર્થીઓની રજુઆત ડીસા ડેપોમાં મોકલવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

આકોલા નગરે જૈનાચાર્ય શ્રી જગતચંદ્રસુરીની નિશ્રામાં

મીઠી પાલડીના નુતન દિક્ષીતની વડી દીક્ષા યોજાઈ

પ્રતિનિધિ મીઠી પાલડી

બનાસકાંઠાના દિયોદર તાલુકાના મીઠી પાલડીના પરમ પુજય મુનિરાજ શ્રી ભવ્યયશ વિજયજી મ.સા.(સંસારીનામ-પ્રુવિલ દોશી મીઠી,પાલડી વાળા) ની વડી દિક્ષા ગત મહાસુદ-૧૦(શનિવાર) ૨૩/૦૧/૨૦૧૮ ના રોજ પરમ પુજય આ.ભ.શ્રી વિજય જગતચંદ્ર સુરીશ્વરજી મ.સા. (ડહેલાવાલા), આદીઠાણાની નીશ્રામાં આદિનાથ જૈન સંઘ મધ્યે આકોલા (મહારાષ્ટ્ર)નગરે યોજાઈ ગઈ. મુળ દિયોદરના મીઠી પાલડીના દોશી પ્રુવીલ હસમુખલાલ જેઓની દીક્ષા પ.પૂ.આ.ભ.શ્રી.વિજય જગતચન્દ્ર સુરીસ્વર જી મ.સા.આદિ ઠાણાની નીશ્રામા તારીખ ૪/૧૨/૨૦૧૭ ના રોજ સુરત (વેસુ)નગરે યોજાઈ હતી, ત્યારથી જેઓ નુતન દિક્ષીત મુનિરાજ શ્રી ભવ્યયશ વિજયજી મ.સા.તરીકે ઓળખાયા. પૂજય મુનિરાજશ્રી આચાર્ય ભગવંત સાથે સુરતથી વેત્રુઈ-મદ્રાસ તરફ વિહાર કરતા ગત મહા સુદ-૯ ના રોજ મહારાષ્ટ્ર ના આકોલા નગરે પધાર્યા હતા જયા આકોલા જૈન સંઘ ની વિનંતી નો સ્વીકાર કરીને પૂજય આચાર્ય ભગવંતે નુતન દિક્ષીત પરમ પુજય મુનિરાજ શ્રી ભવ્યયશ વિજયજી મ.સા.(સંસારીનામ-પ્રુવિલ દોશી મીઠી,પાલડી વાળા) ની વડી દીક્ષા યોજવાનુ નક્કી કર્યુ હતું. તારીખ૨૭/૧/૨૦૧૮ ને મહાસુદ-૧૦ના રોજ વહેલી સવારે મંગલ મુર્હુતમાં વડી દીક્ષાની વિધિનો પ્રારમ્ભ થતા "ગુરૂજી અમારો અંતર્નાદ,અમને આપો આશીર્વાદ" ના નારા ગૂંજી ઉઠ્યા હતા.

આ પ્રસંગે દોશી અમૃતલાલ છોટાલાલ પરિવાર તરફથી શ્રીફળ ની તેમજ બીજા લાભાર્થી પરિવાર તરફથી ગોળના રવાની પ્રભાવના થવા પામી હતી.

કુસ્તીમાં અવ્વલ રહેતી દિકરીની સિધ્ધીઓનો એવોર્ડ સ્વીકારતાં પિતાનું હૈયુ ભરાયું

થરાદની દંગલ લેડી મિત્તલ પરમારનું રાજયમંત્રી દ્વારા સન્માન કરાયું

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

ગત તારીખ ૨૭ ૧૦ ૨૦૧૭ ના રોજ મહારાષ્ટ્રના પુણે ખાતે યોજાયેલી ૬૬મી ઓલ ઈન્ડિયા પોલીસ મીટ (કલસ્ટર) રેસલીંગ ચેમ્પીયનશીપ ૨૦૧૭ માં મહિલા કુસ્તી સ્પર્ધામાં ૫૯ કિલોગ્રામ વર્ગમાં સમગ્ર દેશની મહિલા કુસ્તી સ્પર્ધકોએ ભાગ લીધેલ હતો. તેમાં સરહદી રેન્જ હેઠળનાં પશ્ચિમ કચ્છ ભુજના બિન હથિયારી લોકરક્ષક કુમારી મિતલબેન કાંતિભાઈ પરમાર એ વિજેતા બની સિલ્વર મેડલ મેળવી પશ્ચિમ કચ્છ ભુજ જિલ્લા સરહદી રેંજ તેમજ ગુજરાત પોલીસનું ગૌરવ વધાર્યું હતું.મિત્તલ મૂળ બનાસકાંઠાના થરાદ શહેરની વતની હોઇ થરાદ ખાતે ૨૬મી જાન્યુઆરીએ યોજાયેલા જિલ્લાના પ્રજાસત્તાકદિન પર્વે તેણીનું રાજયમંત્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. જો કે મિતલ ઉપસ્થિત ન હોય તેના પિતાએ એવોર્ડ સ્વિકાર્યો હતો.દિકરીની સિદ્ધિઓનો એવોર્ડ સ્વીકારતા પિતાનું હૈયું ભરાઈ આવ્યું હતું.

બનાસકાંઠાના સરહદી થરાદ શહેરની પોલીસકર્મી મિતલ પરમારે ગુજરાત પોલીસમાં પ્રથમ વખત મહિલા (બિન હથીયારી મહિલા એલ.પી.સી) એ ઓલ ઈન્ડિયા પોલીસ સ્પર્ધામાં વિજેતા બનેલ હોય તેવું બન્યું હતું જે એક વિશિષ્ટ સિદ્ધિ હતી તથા ગુજરાત પોલીસની કોઈ મહિલા લોકરક્ષકની આ સિદ્ધિ મળી હોય તેવી પ્રથમ ગૌરવપુર્ણ ઘટના હતી.મિતલ પરમાર રાજયકક્ષાએ કુસ્તીમાં પ્રથમ આવતા આ દંગલ લેડીનું થરાદ ખાતે ૨૬ મી જાન્યુઆરી એ યોજાયેલા ૬૯માં જિલ્લાકક્ષાના પ્રજાસત્તાક દિને રાજયના શ્રમ અને રોજગાર મંત્રી દિલીપભાઈ ઠાકોરના હસ્તે વિશિષ્ટ વ્યકિતઓના સન્માન બદલ એવોર્ડ આપવામાં આવ્યો હતો. જેમાં મિત્તલ પરમાર ઉપસ્થિત ન હોય તેના પિતા કાંતિભાઈ પરમારે આ એવોર્ડનો સ્વીકાર કર્યો હતો. સમગ્ર રાજયમાં ગૌરવ અપાવતી અસાધારણ સિદ્ધિ ના એવોર્ડ સ્વીકારતા એક પિતા તરીકે તેમનું હૈયું આનંદ અને ગૌરવથી ભાવવિભોર બની છલકાઈ ઊઠ્યું હતું તેમ એવોર્ડ સ્વીકારતા કાંતિભાઈ પરમારે જણાવ્યું હતું.

જંબુસરના અણખી ગામે ગ્લાસ કંપની દ્વારા કર્મચારીને ૬ લાખથી વધુની સહાય

પ્રતિ. અંકલેશ્વર

જંબુસર તાલુકાના અણખી ગામ આવેલી શોટ ગ્લાસ કંપનીમાં કીડનીની બીમારીથી કર્મચારીનું મોત થતાં કંપની દ્વારા કર્મચારીને ૬ લાખથી વધુ સહાય કરાઈ હતી.શોટ ગ્લાસ કંપનીમાં ફરજ બજાવતા શનાભાઈ ધનજીભાઈ સોલંકી રહે. ઉચ્છદ તા.જંબુસર જે લાંબો સમયથી કીડનીની બિમારીથી પીડાતા હતા. તેનું તાજેતરમાં અવસાન થતાં તેઓના પરિવારનો સહારો છીનવાઈ ગયો હતો. આવા પરિવારને સહાય કરવાં કંપની સત્તધીશો તથા કર્મચારીઓ આગળ આવ્યા હતા. અને કર્મચારીઓએ ૩,૭૦,૦૦૦ જેટલી રકમનો ફાળો એકત્ર કરતાં જ એટલી રકમનો ફાળો કંપની સત્તધીશોએ આપતાં કુલ ૬,૧૪,૦૦૦ જેટલી રકમ એકત્ર થયેલી રકમનો ચેક વિતરણનો કાર્યક્રમમાં કંપનીના પ્રેસીડન્ટ જયોર્જ સ્પારશુ, વાઈસ પ્રેસીડન્ટ એચ.આર.રાકેશભાઈ પટેલ,સીનીયર મેનેજર એચ.આર.ધર્મેન્દ્ર પટેલ સહિતના હોદેદારોની ઉપસ્થિતિમાં મૃતક કર્મચારીના ઘરે જઈ મૃતકના પરિવારજનોને ચેક અર્પણ કરી સાંત્વના પાઠવી હતી.

પાલનપુરના ગાદલવાડામાં સમાજ સુરક્ષા યોજનાનો ચેક અર્પણ કરાયો

પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિ વડગામ

દશનામ ગોસ્વામી સમાજ વિકાસ ટ્રસ્ટ દ્વારા ગત તારીખ ૨૭/૧/૨૦૧૮ ને શનિવારે સમાજ સુરક્ષા યોજના અંતર્ગત મૃતકના પરિવારને રૂા.૬૮૪૦૦/- નો આર્થિક સહાયનો ચેક અર્પણ કરાયો હતો.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ પાલનપુર તાલુકાના ગાદલવાડા ના વતની પનપુરી માધુપુરી ગોસ્વામીનું અવસાન થતાં ટ્રસ્ટના પ્રમુખ રતુભારથી ગોસ્વામી (વલસોલ) અને ચાર જલા સમાજ પ્રમુખ અમૃત પુરી ગોસ્વામી (વડગામ) ના હસ્તે મૃતકના વારસદાર બાબુપુરી ધનપુરી ગોસ્વામીને રૂા.૬૮૪૦૦/- નો ચેક અર્પણ કરાયો હોવાનું અમીષપુરી એસ. ગોસ્વામી (બાદરપુરા-ભૂતેડી) એ જણાવ્યું હતું.

કાંકરેજ વિભાગ રાજપુત સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો

સજ્જનસિંહ સોલંકી

પ્રતિનિધિ કંબોઈ

બનાકાંઠા જિલ્લાના રાજપુત કર્મચારી મહામંડળ દ્વારા છઠ્ઠો તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ ૨૦૧૮ કાંકરેજ ધારાસભ્ય કિર્તીસિંહજી વાઘેલાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં ૧૦૯ તેજસ્વી તારલાઓ તથા ૩૧ નવ યુક્ત કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં દાતા બહાદુરસિંહ દાદુસિંહ (ભડથ) પ્રમુખ અખિલ ક્ષત્રિય મંચ ગુજરાત પ્રદેશ, અણદુભા બાલસિંહ ડાબી કારોબારી અધ્યક્ષ કાંકરેજ, પ્રહલાદસિંહ રણજીતસિંહ વાઘેલા સરપંચ વડા, સમુજી મલાજી ડાભી (સરપંચ શિહોરી) તથા હકુભા પનસિંહ ડાબી તથા પુનમસિંહ મોઘજી તથા સમસ્ત દરબાર સમાજના ૪૨ ગામોના આગેવાનોએ હાજરી આપી હતી. જેમાં શિહોરીની બાળાઓ દ્વારા તલવાર રાસ યોજવામાં આવી હતી. તેમજ આ પ્રસંગે ક્ષત્રિય સમાજના આગેવાનોએ સમાજમાંથી કુરિવાજો દુર કરી શિક્ષણ ઉપર ભાર મુકવામાં જણાવ્યું હતું. આ પ્રસંગે કાંકરેજ કર્મચારી મંડળ દ્વારા સમસ્ત પત્રકારોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

પાલનપુરના શ્રીરામ સ્મૃતિ ઉપવનને રાષ્ટ્રીય સન્માન મળ્યું

સંજય જોષી

પાલનપુર

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા છેલ્લા ૨ વર્ષોથી ચાલી રહેલા યુવા વર્ષના સમાપન નિમિતે નાગપુર ખાતે ત્રિ દિવસનો નવસુર્જન યુવા સંકલ્પ સમારોહ સંપન્ન થયો. આ આયોજન માટે ભારત સહીત વિશ્વભરના ૧૦૦૦૦થી વધુ યુવાનો નાગપુરના ઉમિયા ધામ ખાતે આવ્યા હતા. આ આયોજનમાં યુવાનો ગાયત્રી પરિવારના આગ્રણીય સિવાય મોટી સંખ્યામાં જાણ સેવકો આવ્યા હતા.

આ પ્રસંગે દેશ ભરના ૪૦૦ જિલ્લામાંથી વિવિધ કાર્યોથી સમાજ સેવા કરનારા પરિજનોને નવસર્જન યુવા સન્માનથી સન્માનવામાં આવ્યા હતા. ગુજરાતના બનાસકાંઠાના પાલનપુરને વૃક્ષ ગંગા અભિયાન અંતર્ગત શ્રીરામ સ્મૃતિ ઉપવનના નિર્માણ તથા તેના સંચાલન માટે સન્માનિત કરવામાં આવ્યા હતા. હરિદ્વારના દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયના પ્રતિકુલપતિ ડો.ચિન્મય પંડ્યાજીના હસ્તે યુવા પ્રકોષના અંબારામભાઈ પટેલે સન્માન પ્રાપ્ત કર્યું હતું.

અનુસંધાન પાના નં.૬

ડીસા હનુમાનજીના મંદિરની ૨૩ વર્ષ પૂર્ણ થતા હવન યોજાયો

ભરત સુંદેશા

ડીસા

ડીસા નગરપાલિકા કચેરીમાં આવેલા બાલા હનુમાનજીના મંદિરની સ્થાપનાને આજે ૨૩ વર્ષ પુરા થતા આજે મંદિર સંકુલમાં યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઈન્દિરા ગાંધી ભવનના વેપારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. દર વર્ષે આ મંદિર ખાતે સ્થાનિક વેપારીઓ દ્વારા મંદિરની પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે ૧૯૯૫માં નિર્માણ પામેલા આ મંદિર પ્રત્યે સ્થાનિક વેપારીઓમાં ખૂબ જ આસ્થા છે. આજે મંદિરની સ્થાપનાને ૨૩ વર્ષ પુરા થતા વૈદિક મંત્રોચ્ચાર સાથે યોજાયેલા યજ્ઞમાં ઈન્દિરા ગાંધી ભવનના વેપારીઓએ આહુતિ આપી હતી. જેથી મંદિર સંકુલમાં ધાર્મિક માહોલ છવાઈ ગયો હતો.

ડીસામાં વિશ્વકર્મા જયંતીની ઉજવણી

ભરત સુંદેશા

ડીસા

આજે વિશ્વકર્મા જયંતી પ્રસંગે ડીસા શહેરના છેવાડે હાયવે પર આવેલા ભગવાન વિશ્વકર્માના મંદિર ખાતે પણ યજ્ઞનું આયોજન કરવા ઉપરાંત ભવ્ય મેળો યોજાયો હતો.. નિર્માણ કાર્યના પ્રણેતા એવા ભગવાન વિશ્વકર્મા કારીગર વર્ગ તેમજ મિસ્ત્રીઓના આરાધ્ય દેવ માનવામાં આવે છે.. અને લુહાર સમાજ, મિસ્ત્રી સમાજ, સુથાર સમાજ સહીત કારીગર અને મિસ્ત્રી વ્યવસાય સાથે સંકળાયેલા લોકોના આરાધ્ય દેવ માનવામાં આવે છે. અને ભગવાન વિશ્વકર્માના જન્મદિવસ પ્રસંગે વિશાળ સંખ્યામાં દરેક સમાજના લોકો મંદિર ખાતે યોજાયેલા યજ્ઞના દર્શન કરવા ઉમટી પડ્યા હતા.

ધાનેરામાં ઈંધણ બચાવોની જાગૃતિ રેલી યોજાઈ

એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા માં ઈન્ડીયન ઓઈલ કોર્પોરેસન ના ડીલર ધાનેરા પેટ્રોલીયમ તેમજ વિવેકાનંદ વિદ્યાલય ના સંયુક્ત ઉપક્રમે ઈંધણ બચાવવા માટેની લોક જાગૃતિ માટે રેલી યોજાઈ હતી જેમાં વિવેકાનંદ વિદ્યાલય ના૨૦૦ વિદ્યાર્થીઓ તેમજ ધાનેરા પેટ્રોલિયમના સ્ટાફ સાથે બેનરો અને સુત્રોચાર સાથે ધાનેરામાં રેલી યોજ હતી તેમજ ડીઝલ-પેટ્રોલ ભરાવવા આવનાર લોકોને પણ આ બાબતે જાગૃત કરવામાં આવ્યા હતા. જેમાં વ્યાયમ શિક્ષક નરસિંહભાઈ ભોકા, કિશનભાઈ ઠક્કર, જીતુભાઈ પટેલ વગેરે પણ સાથે રહ્યા હતા. રેલીમાં ભાગ લેનાર વિધાર્થીઓને ઈન્ડીયન ઓઈલ કોર્પોરેસન ના સહયોગથી વિધાર્થીઓને હળવો નાસ્તો પણ આપવામાં આવ્યો હતો.

તંત્રી સ્થાનેથી ...

મુર્ખ સત્યનું એક જ અંગ જુએ છે, પંડિત તેના સો અંગ જુએ છે.

રાહુલની છઠ્ઠી લાઈન : કોંગ્રેસની પીડા !

પ્રજાસત્તાક દિવસની ઉજવણી પ્રસંગે યોજાતી પરેડ કાર્યક્રમમાં કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીને મહેમાનો માટેની વિશેષ દીર્ધાની ચોથી પંક્તિ (લાઈન)માં બેઠક ફાળવવામાં આવી અને રાહુલ તે છતાં એ કાર્યક્રમમાં પહોંચ્યા ત્યારે તેમને ચોથીને બદલે છઠ્ઠી પંક્તિમાં ખણાની બેઠક ફાળવાઈ હતી તેથી કોંગ્રેસ સ્વાભાવિકે નેતાગીરીના ભવાં ખેંચ્યા છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષા સોનિયા ગાંધીને હમેશા પહેલી પંક્તિમાં બેઠક ફાળવવામાં આવતી હતી તેથી કોંગ્રેસ તો શું સૌ કોઈ એવી અપેક્ષા રાખે કે તેમના અનુગામી એવા રાહુલ ગાંધીને પણ પહેલી પંક્તિમાં બેસાડાય. પરંતુ ભાજપ અગાઉ 'ઉભી થયેલી પરંપરા'ને તોડી પાડી અને રાહુલ ગાંધીને પ્રથમ ચોથી પંક્તિમાં જગ્યા ફાળવી અને આ વિશે ઉહાપોહ થયા પછી ૪થીને બદલે તેમને છઠ્ઠી પંક્તિમાં ધકેલી દીધા. ઉહાપોહના કારણે એમ થયું હોય તો એમ કહી શકાય કે, 'તેમ ન થવું જોઈએ.' સંભવ છે કે યોગાનુયોગ કોઈ કારણોવશાત ચોથી પંક્તિને બદલે છઠ્ઠી પંક્તિમાં જગ્યા ફાળવવામાં આવી હોય. સ્વાભાવીક રીતે અજાણતા આપણે આપણે વિચાર કરીએ તો આપણને કોંગ્રેસ નેતાગીરીની નારાજગીમાં દમ લાગે. એક રાષ્ટ્રીય પક્ષના વડાના એટલા સન્માનની સૌને અપેક્ષા વર્તાય. પરંતુ જાણવા મળતી વિગતો પ્રમાણે ભાજપ સરકારના વહિવટી તંત્ર જુની પરંપરાને અનુસર્યું છે. વચ્ચે ઉભી કરાયેલી પરંપરાને પડતી મૂકી છે.

કોંગ્રેસ નેતાઓના નારાજગીભર્યા પ્રત્યાઘાત આવ્યા પછી ભાજપના પ્રવક્તા અનીલ બલુનીએ પણ પોતાના પ્રત્યાઘાત આપ્યા છે. જેને મોટા ભાગના માધ્યમોએ ખાસ નોંધમાં નથી લીધા. જે નોંધમાં લેવા જેવા છે. બલુનીના જણાવ્યા પ્રમાણે 'ભૂતકાળમાં દેશ પર કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએની સરકાર સત્તામાં હતી ત્યારે આ પ્રસંગે તત્કાલિન વિપક્ષી નેતાઓને ૪થી કે છઠ્ઠી પંક્તિની વાત રહેવા દો, તેમને વિશિષ્ઠ દીર્ધામાં પણ બેસવા માટે જગ્યા નહોતી અપાતી. બનુનીને પક્ષના પૂર્વ અધ્યક્ષો રાજનાથસિંહ અને નીતિન ઘડતરીનો ઉલ્લેખ કર્યો છે. જો કોંગ્રેસ પોતાના સમયમાં વિપક્ષના નેતાઓની માનમર્યાદા નહોતી જાળવતી તો તે હવે વિપક્ષમાં છ ત્યારે એવી આશા કેવી રીતે રાખી શકે છે ? જેમ રાજનાથ અને ગડકરી મુખ્ય વિપક્ષના અધ્યક્ષો હતા તેમ રાહુલ ગાંધી વિપક્ષના અધ્યક્ષ છે તેથી વિશેષ કંઈ નથી.

વિશેષની વાત પડખે મૂકો તેઓ તેમની તોલે પણ આવી શકે તમ નથી. રાજનાથ અને ગડકરી જે પક્ષના અધ્યક્ષ હતા તે પક્ષ લોકસભામાં માન્ય વિપક્ષ તરીકેનો દરજ્જો તો ધરાવતો હતો. રાહુલ ગાંધીનો પક્ષ લોકસભામાં માન્ય વિપક્ષનું સ્થાન મેળવવાની લાયકાત પણ ધરાવતો નથી. વિપક્ષ તરીકે માન્યતા પ્રાપ્ત કરવા માટે લોકસભાની કુલ્લ બેઠકોની ઓછામાં ઓછી ૧૦ ટકા કે તે કરતાં વધુ બેઠક જીતી લાવવી જે તે વિપક્ષ માટે જરૂરી છે. ૫૪૩ની ક્ષમતા ધરાવતી

લોકસભામાં કોંગ્રેસના માત્ર ૪૪ સભ્યો જ ચૂંટાયા છે. કોંગ્રેસે પોતાના વલણને ભૂલી જઈને ભાજપ સરકાર પર નિમ્નકક્ષાનું રાજકારણ રમવાનો આક્ષેપ કર્યો છે. પણ તેમને એ જ મળ્યું છે જે તેમણે વાવ્યું છે. કોંગ્રેસ જ્યારે સત્તામાં હતી ત્યારે મુખ્ય વિપક્ષના અધ્યક્ષને પ્રજાસત્તાક પરેડ પ્રસંગે વિશિષ્ઠ દીર્ઘામાં સ્થાન આપતી નહોતી પણ સત્તા પક્ષ કોંગ્રેસના અધ્યક્ષા માટે વિશિષ્ઠ દીર્ઘાની પંક્તિમાં બેઠક ફાળવતી હતી. પ્રોટોકોલ પ્રમાણે ત્યાં સરકારી હોદા ધરાવતા મહાનુભાવોને જ પ્રથમ પંક્તિમાં બેઠક ફાળવવાની હોય છે. સોનિયા ગાંધી પાસે એવો કોઇ હોદો નહોતો. છતાં સત્તાના બળે કોંગ્રેસની સરકાર પોતાના પક્ષના અધ્યક્ષાને પ્રથમ પંક્તિમાં બેસાડતી હતી.

ભાજપ પ્રવકતાએ દાવો કર્યો છે કે કોંગ્રેસ અમરા અધ્યક્ષોને વિશિષ્ઠ દીર્ધામાં પણ સ્થાન આપતા નહોતા પણ અમે સ્વસ્થ લોકતંત્રમાં

વિશ્વાસ રાખીએ છીએ. અમે કોંગ્રેસ જેટલા નીચા નથી ઉતર્યા અને રાહુલ ગાંધીને વિશિષ્ઠ દીર્ધામાં બેઠક ફાળવી છે. આ પહેલં સોનિયા ગા- ંધી કોંગ્રેસના અધ્યક્ષા હતા ત્યારે તેમને પ્રજાસત્તાક પરેડ પ્રસંગે વિશિષ્ઠ દીર્ધામાં પ્રથમ પંક્તિમાં બેઠક ફાળવવામાં આવી હતી. ૨૦૧૪ની ચુંટણીમાં કોંગ્રેસની હાર થઈ અને ભાજપ સત્તામાં આવ્યો તે પહેલાંથી સોનિયા ગાંધીને પ્રથમ પંક્તિમાં સ્થાન મળતું હતું. ભાજપ સત્તામાં આવ્યા પછી ૨૦૧૫, ૨૦૧૬ અને ૨૦૧૭માં પ્રજાસત્તાક પરેડ પ્રસંગે સોનિયા ગાંધીને આ સ્થાન અપાતું રહ્યું હતું. ભાજપને બદલો જ લેવો હોત તો સોનિયા ગાંધીને પ્રથમ પંક્તિમાં સ્થાન તો ન ફાળવત પણ તે સાથે રાજનાથસિંહ અને નીતિન ગડકરી સાથે થયું હતું તેમ તેમને વિશિષ્ઠ દીર્ધામાં સ્થાન ન ફાળવત. ભાજપ સરકારે તો કોંગ્રેસના પ્રમુખ બદલ્યા ત્યાં સુધી રાહ જોઈને સોનિયા ગાંધી પ્રત્યે સૌજન્ય દાખવ્યું છે. સરકારી સૂત્રો તો કહે છે કે, પ્રોટોકોલ પ્રમાણે તો વિપક્ષના નેતાને સાતમી પંક્તિમાં બેઠક ફાળવવાની થાય છે. એટલે રાહુલ ગાંધીએ છઠ્ઠી લાઇનમાં બેઠક મળવા બદલ વહીવટી તંત્રનો આભાર માનવો જોઇએ.

અંતર્દષ્ટિ- વિનયશીલતા

વિનયશીલતા મનુષ્ય જીવનનો એક મહત્ત્વપૂર્ણ ગુણ છે. આમ તો મનુષ્યમાં અનેક મહત્ત્વપૂર્ણ ગુણ છે, જેનાથી તે ચરિત્રવાન અને આદર્શવાન બને છે. એ ગુણોમાં વિનયશીલતા સૌથી મહત્ત્વપૂર્ણ છે. આ એવો ગુણ છે જે જીવનમાં સુગંધ ફેલાવે છે. સામાન્ય રીતે જે લોકો વિનયશીલ છે, વિનીત છે, વ્યવહાર કુશળ છે, મૃદુભાષી છે, તે આસાનીથી બધાના હૃદયમાં સ્થાન બનાવી લે છે. એ જ મહત્ત્વપૂર્ણ છે કે લોકો કોઈને સુંદર આચરણ, કુશળ વ્યવહાર અને વિનયશીલતાને કારણે પ્રેમ કરવા લાગે છે. આ મનુષ્યનો એ ગુણ છે, જેનાથી તે બીજાઓની તુલનામાં શ્રેષ્ઠ બને છે. વિનયશીલતાનો અર્થ છે - ઝૂકી જવું, વિનીત હોવું, પોતાના અહં- કારને ત્યાગી દેવો. મનુષ્ય અને પશુમાં એ જ અંતર છે કે મનુષ્ય વિનીત અને મૃદુભાષી બની શકે છે, તે પોતાના પ્રેમપૂર્ણ વ્યવહારથી બીજાઓને જીતી શકે છે, પરંતુ પશુ એવું નથી કરી શકતાં.

વિનયશીલતા મનુષ્યના જીવનનો સર્વશ્રેષ્ઠ ગુણ છે. પ્રારંભમાં મનુષ્ય સામાન્ય હોય છે, પરંતુ ધીમે ધીમે જ્યારે તે સમાજને જુએ છે, ત્યારે તે નિર્ણય કરવા લાગે છે કે સારું શું છે અને ખરાબ શું છે? તેના કયા વ્યવહારથી લોકો ખુશ થાય છે અને કયા વ્યવહારથી દુ:ખી થાય છે. એવું એટલા માટે, કારણ કે આચરણથી જ મનુષ્ય ઓળખાય છે. જન્મથી કોઈ વ્યક્તિ મહાન નથી હોતી. તેથી નાનાં બાળકોને બધા જ પ્રેમ કરે છે, પરંતુ જેવો તે મોટો થવા લાગે છે, તેને પોતાનાં-પારકાંનો બોધ થવા લાગે છે. તે પણ કોઈને પ્રેમ કરવા લાગે છે અન કોઈની સાથે ઘૃણા કરતો થઈ જાય છે. મનુષ્ય ઈચ્છે છે કે લોકો તેને પ્રેમ કરે અને તે સ્વાભાવિક પણ છે. પશુઓને જ્યારે આપણે પ્રેમ કરીએ છીએ તો તે પણ આપણને પ્રેમ કરવા લાગે છે.

વ્યક્તિ ઈચ્છે છે કે બધા જ લોકો તેને પ્રેમ કરે, પરંતુ તે કોઈને પ્રેમ ન કરે. એવો એકાંગી પ્રેમ ઝાઝું ટકી ન શકે. એવું એ જ વ્યક્તિ કરી શકે છે, જે સહૃદય હોય, જેના હૃદયમાં કોઈના પ્રત્યે દ્વેષ ન હોય. જ્યારે આપણા મનમાં એવો ભાવ એટલે કે સરળતા, નિશ્ચલતા કે સહૃદયતા આવી જાય છે તો આપણા માટે કોઈ શત્રુ હોતો જ નથી. કોઈને શત્રુ કે મિત્ર બનાવવા આપણા હાથની વાત છે. જે કોઈને શત્રુ માની લે છે, તે તેનો શત્રુ બની જાય છે. એ જ કારણ છે કે ભગવાન બુદ્ધ અને મહાવીરનો કોઈપણ શત્રુ ન હતો.

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

ગુજરાત કોઓપરેટીવ મિલ્કમાર્કેટીંગ ફેડરેશનના ચેરમેન અને વાઈસ ચેરમેન પદે સર્વાનુમતે ચૂંટાયા

ગુજરાત કો-આપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (જીસીએમએમએફ)ના ચેરમેનપદે રામસિંહભાઇ પી, પરમાર, ચેરમેન, ખેડા જિ.સ.દૂ.ઉ.સં.લિ., આણંદની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. તેમના નામનો પ્રસ્તાવ શંકરભાઇ એલ ચૌધરી, ચેરમેનશ્રી, બનાસકાંઠા જિ.સ.દૂ.ઉ.સં.લિ., પાલનપુર ધ્વારા કરવામાં આવ્યો હતો અને વલમજીભાઇ હુંબલ, ચેરમેનશ્રી, કચ્છ જિ.સ.દૂ.ઉ. સં. લિ., અંજાર ધ્વારા ટેકો જાહેર કરવામાં આવ્યો હતો.ગુજરાત કો-આપરેટીવ મિલ્ક માર્કેટીગ ફેડરેશન (જીસીએમએમએફ)ના વાઇસ ચેરમેનપદે જેઠાભાઇ જી. ભરવાડ, ચેરમેન, પંચમહાલ જિ.સ.દૂ. ઉ.સં.લિ., પંચમહાલ ની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. જીસીએમએમએફના ચેરમેનની ચુંટણી ડેપ્યુટી કલેક્ટર, આણંદની હાજરીમાં થઇ હતી અને તેમાં જીસીએમએમએફના ૧૮ સભ્ય દૂધ સંઘોના તમામ ચેરમેનો હાજર રહયા હતા. જીસીએમએમએફએ વર્ષ ૧૯૭૩ થી ચેરમેનપદની વરણી બિનહરિફ રીતે થતી આવે છે તે પ્રણાલિકાને પુનઃ જાળવી રાખી છે.જીસીએમએમએફ ભારતની રૂા.૨૭૦૪૩ કરોડનું વાર્ષિક ટર્નઓવર ધરાવતી ખાદ્ય ઉત્પાદનોની માર્કેટીગ વ્યવસ્થા સંભાળતી ટોચની સંસ્થા છે કે જેના ધ્વારા "અમૂલ" બ્રાન્ડ હેઠળ દૂધ અને દૂધની વિવિધ બનાવટોની વિશાળ શ્રેણીનું માર્કેટ- ીંગ તેમજ વિતરણ કરવામાં આવે છે. જીસીએમએમએફ તેના સભ્ય સંઘો ધ્વારા રાજયના ૧૮૫૪૯ થી વધુ ગામડાંઓમાંથી ૩૬ લાખ દૂધ ઉત્પાદકો પાસેથી સરેરાશ ૨૧૦ લાખ લિટર દૂધ પ્રતિદિન એકત્રિત કરે છે.રામસિંહભાઇ પી, પરમાર, ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., અમૂલડેરીના ચેરમેન તરીકે વર્ષ ૨૦૦૩ થી કાર્યરત છે. ખેડા દૂધ સહકારી સંઘ રૂા. ૫૫૦૦ કરોડથી વધુ વાર્ષિક ટર્નઓવર તથા ૬ લાખ દૂધ ઉત્પાદક સભ્યો સાથે રાજયના મોટો દૂધ ઉત્પાદક સંઘમાનો એક એકમ છે. તેના ધ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ માં ૩૦ લાખ લિટર પ્રતિદિન દૂધ સંપાદિત કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજય બહાર પુણે અને પશ્ચિમ બંગાળ ખાતે પ્લાન્ટ સ્થાપેલ છે જેની પ્રોસેસીગ ક્ષમતા ૨૮ લાખ લિટર પ્રતિદિન છે.વર્ષ ૨૦૨૦ સુધીમાં જીસીએમએમએફનું લક્ષ્ય દૈનિક ૩૦૦ લાખ લિટર દૂધ સંપાદન કરી પ્રોસેસ કરી વેચાણ કરવાનું છે અને રૂા.૫૦,૦૦૦ કરોડનું ટર્નઓવર હાંસલ કરવાનું છે. જીસીએમએમએફ રાજયના લાખો દૂધ ઉત્પાદકોની આકાંક્ષાઓનુ પ્રતિક છે અને તેઓ આને વધુ ઉચ્ચ દિશા તરફ લઇ જવાનો પ્રયત્ન કરશે.

પ્લાસ્ટિક સર્જરીની નવીન ટેકનિક મુખનાં કેન્સરથી પીડિત દર્દીઓ માટે આશાનું કિરણ

નારાયણા મલ્ટિસ્પેશ્યાલ્ટિ હોસ્પિટલે ગાલ અને જડબામાં તીવ્ર અલ્સર સાથે મુખનાં કેન્સરથી પીડિત ૪૫ વર્ષનાં એક પુરુષની સફળ સારવાર કરવા સ્કેપૂલા ફ્રી ફ્લેપ ટેકનિકનો ઉપયોગ કરીને નવીન સર્જરી કી હતી. આ ટેકનિકમાં દર્દીનાં ગાલની શ્લેષ્મગ્રંથિ અને જડબાનાં નીચેનાં ભાગનું નવનિર્માણ કરવામાં આવ્યું હતું. દર્દી હવે ચહેરા પર કોઈ પણ પ્રકારની વિરૂપતા જોવા ન મળે એ રીતે બોલી શકે છે, ખાઈ શકે છે અને પ્રવાહી ગળી શકે છે. દર્દી છેલ્લાં છ મહિનાથી ડાબા જડબાનાં નીચેનાં ભાગમાં તીવ્ર પીડા અનુભવતાં હતાં અને જોધપુરમાં નારાયણાની પેરિફેરલ ઓપીડીમાં રિપોર્ટ કરાવ્યાં હતાં. વિસ્તૃત પરીક્ષણ પછી દર્દીને બાયોપ્સી કરાવવાની સલાહ આપવામાં આવી હતી, પણ તેઓ આ માટે તૈયાર નહોતા. ઓપીડીમાં ડૉક્ટર્સે તેમને સમજાવ્યાં છતાં દર્દી વિસ્તૃત નિદાન કરાવવામાં સંકોચ અનુભવતાં હતાં. શરૂઆતનાં નિદાનમાં દર્દીને ડાબા ગાલમાં અલ્સરનું નિદાન થયું હતું. કેન્સરનું નિદાન થવાનાં ડરને કારણે દર્દીએ વિસ્તૃત પરીક્ષણ કરાવવાનું ટાળ્યું હતું અને હોમિયોપેથિક સારવાર કરાવી હતી. થોડો મહિનો આ સારવાર લીધા પછી પણ સ્થિતિમાં સુધારો થયો નહોતો. ત્યારબાદ નારાયણામાં ડૉ. નતાશા લાલવાણી સાથે ડૉ. શક્તિસિંહ દેવરા સહિત ઓરલ ઓન્કોલોજિસ્ટની ટીમે પ્રાથમિક પરીક્ષણો કર્યા હતાં, જેમાં મુખનું કેન્સર હોવાનું નિદાન થયું હતું. "ઘણી વખત મુખનાં કેન્સરથી પીડિત દર્દીઓ ચહેરો વિકૃત થવાનાં અને સમાજમાં તરછોડાવાનાં ડરથી સારવાર કરાવવા ઇચ્છતાં નથી. અમે એક મહિનામાં મુખનાં અતિ આગળ વધી ગયેલા રોગોનાં સરેરાશ ૨૫ દર્દીઓની ચકાસણી કરી છે તથા તેમને બાયોપ્સી અને સર્જરી કરવાની જરૂરિયાત વિશે સમજાવવામાં સરેરાશ ૬થી ૮ મહિનાનો સમય લાગી જાય છે." અલ્સરને સફળતાપૂર્વક દૂર કર્યા પછી દર્દીનાં ગાલ, જડબાનાં નીચેનાં ભાગ અને હડપચીનાં દેખાવમાં કોઈ ફરક પડતો નથી. ડૉક્ટરની ટીમ માટે સૌથી મોટો પડકાર ખામીને બરોબર ભરવાનો અને દર્દીને સામાન્ય જીવન જીવવામાં મદદરૂપ થવાનો હતો.મુખનાં કેન્સરનું નિદાન થયા પછી તેનો સામનો કરવો શારીરિક અને ભાવનાત્મક એમ બંને સ્તરે અતિ મુશ્કેલ છે. સારવાર પછી દર્દીઓને શ્વાસ લેવામાં, ગળવામાં, પીવામાં અને ભોજન કરવામાં મુશ્કેલીઓ પડી શકે છે. બોલવાની ક્ષમતાને પણ અસર થઈ શકે છે અને ક્યારેય આ ક્ષમતા ગુમાવે પણ છે. કાઉન્સેલિંગની સાથે સાથે રિકન્સ્ટ્રક્ટિવ કે પ્લાસ્ટિક સર્જરીની આધુનિક ટેકનિક પર ધ્યાન કેન્દ્રિત કરીને નારાયણા મલ્ટિસ્પેશ્યાલ્ટી હોસ્પિટલ દર્દીઓને સંપૂર્ણ સારવારનો અભિગમ પ્રદાન કરે છે.નારાયણા મલ્ટિસ્પેશ્યાલ્ટી હોસ્પિટલ પશ્ચિમ ભારતમાં અતિ થોડી હોસ્પિટલમાં સામેલ છે, જ્યાં સ્કેપુલા ફ્રી ફ્લેપ જેવી દુર્લભ સર્જરીઓ હાથ ધરવામાં આવે છે. અત્યાર સુધી સેન્ટરમાં આશરે ૧૦ દર્દીઓની સારવાર સફળતાપૂર્વક કરવામાં આવી છે. હોસ્પિટલ ઓરલ સ્ક્રીનિંગ પણ ઓફર કરે છે અને મુખનાં ગંભીર રોગો વિશે લોકોને જાગૃત કરવા નિયમિતપણે અભિયાનો હાથ ધરે છે.

વર્ચ્યુસા ૩૦ જાન્યુઆરી, ૨૦૧૮નાં રોજ પોલારિસ માટે ડિલિસ્ટિંગ ઓફર શરૂ કરશે

પોલારિસ કન્સલ્ટિંગ એન્ડ સર્વિસીસમાં ૭૪.૨૨ ટકા હિસ્સો ધરાવતી વર્ચ્યુસા કન્સલ્ટિંગ સર્વિસીસ ૩૦ જાન્યુઆરી, ૨૦૧૮થી ભારતીય સ્ટોક એક્સચેન્જોમાંથી પોલારિસ માટે ડિલિસ્ટિંગ ઓફર લોંચ કરશે. વર્ચ્યુસા આ ડિલિસ્ટિંગ ઓફર મારફતે ૨૬.૪૧ મિલિયન શેર (૨૫.૭૮ ટકા) એક્વાયર કરશે. ડિલિસ્ટિંગ ઓફર ૫ ફેબ્રુઆરી, ૨૦૧૮નાં રોજ પૂર્ણ થશે. બિડમાં સુધારોવધારો કરવા કે પાછી ખેંચવા માટેનો છેલ્લો દિવસ ૨ ફેબ્રુઆરી છે. ડિલિસ્ટિંગ કિંમત રિવર્સ બુક બિલ્ડ પ્રોસેસ દ્વારા નક્કી થઈ છે અને વર્ચ્યુસા સંશોધિત કિંમતનો સ્વીકાર કરવાનો કે અસ્વીકાર કરવાનો વિકલ્પ પણ ધરાવશે. વર્ચ્યુસાનાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સે ૧૫ જાન્યુઆરી, ૨૦૧૮નાં રોજ ભારતીય સ્ટોક એક્સચેન્જોને માહિતી આપી હતી કે, કંપનીએ ઇક્વિટી શેરદીઠ રૂ. ૩૭૦ની ઇન્ડિકેટિવ ઓફર પ્રાઇઝ નક્કી કરી છે, જે ડિલિસ્ટિંગ ઓફરમાં પોલારિસનાં જાહેર શેરધારકો દ્વારા રજૂ થનાર ઇક્વિટી શેર સ્વીકારવાની ઇચ્છતી હોય એવું બની શકે છે.ઇક્વિટી શેરદીઠ પ્રાઇઝ રૂ. ૨૨૦.૭૩ કરતાં ઇન્ડિકેટિવ પ્રાઇઝ ૬૭.૬ ટકા વધારે છે, જેનાં પર એક્વાયર કરનાર વર્ચ્યુસા માર્ચ, ૨૦૧૬માં કંપનીની વોટિંગ શેર કેપિટલનો ૭૮.૬૫ ટકા હિસ્સો ધરાવે છે, જે તેણે અગાઉનાં પ્રમોટર્સ અને જાહેર શેરધારકો પાસેથી મેળવ્યો હતો. વળી ઇન્ડિકેટિવ પ્રાઇઝ રૂ. ૨૩૨.૩૭ની ફ્લોર પ્રાઇઝથી ૫૯.૨ ટકા વધારે છે.

ડીપી વર્લ્ડ, એનઆઈઆઈએફએ રોકણ માટે પ્લેટફોર્મ ઊભું કર્યું

મરિન અને ઇનલેન્ડ ટર્મિલ્સ વૈશ્વિક સંચાલક ડીપી વર્લ્ડે આજે જણાવ્યું હતું કે તેણે નેશનલ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ (એનઆઇઆઇએફ) સાથે હાથ મિલાવ્યા છે જેથી પોર્ટસ અને લોજિસ્ટિક્સ સેક્ટરમાં ત્રણ અબજ ડોલર સુધીના રોકાણ માટેનું પ્લેટફોર્મ સર્જી શકાય. ડીપી વર્લ્ડ એક નિવેદનમાં જણાવ્યું છે કે એનઆઇઆઇએફ અને ડીપી વર્લ્ડ જાહેરાત કરે છે કે ભારતમાં પોર્ટસ, ટર્મિનલ્સ, ટ્રાન્સપોર્ટેશન અને લોજિસ્ટિક્સ બિઝનેસીઝમાં રોકાણ કરવાનું પ્લેટફોર્મ સર્જવામાં આવી રહ્યું છે. આ પ્લેટફોર્મ સેક્ટરમાં એસેટસ અને ડેવલપ પ્રોજેક્ટસ હસ્તગત કરવા ત્રણ અબજ ડોલર સુધીનું મૂડીરોકાણ કરશે. તેમે જણાવ્યું હતું કે આ ભાગીદારી મે ૨૦૧૭ માં થયેલા ધી મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (એમઓયુ) ને અનુસરશે અને અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નહ્યાન અને ડીપી વર્લ્ડ ગ્રુપના ચેરમેન અને સીઇઓ સુલ્તાન અહમદ બિન સુલાયેમે ફેબ્રુઆરી ૨૦૧૬માં ભારતની મુલાકાત લીધી હતી. આ પ્લેટફોર્મ સી પોર્ટસ ઉપરાંતની તકો પણ તપાસશે, જેવી કે રિવર પોર્ટસ અને ટ્રાન્સપોર્ટેશન, ફ્રેઇટ કોરિડોર્સ, પોર્ટ - લેડ સ્પેસિયલ ઇકોનોમિક ઝોન્સ, ઇન્લેન્ડ કન્ટેઇનર ટર્મિનલ્સ અને લોજિસ્ટિક્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર વગેરે, તેમ પણ નિવેદનમાં જણાવાયું હતું. સુલતાન અહમદ બિન સુલાયેમે જણાવ્યું કે, અમે માનીએ છીએ કે બેસ્ટ ઇન કલાસ લોજિસ્ટિક્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અમારી નિપુણતા સાથે એનઆઇઆઇએફનું સ્થાનિક જ્ઞાન અને સરકારી ભાગીદારીનું ખરૂં કોમ્બિનેશન બની રહેશે, જે ભારતમાં મહત્વપૂર્ણ વિકાસ તાકો નાો લાભ મેળવશે. એનઆઇઆઇએફના સીઇઓ સુજોય બોઝે જણાવ્યું હતું કે કંપનીનો હેતુ બંદર અને મૂળ સ્થળ વચ્ચે માલસામાનની હેરફેરનો ખર્ચ ઘટાડવાનો છે.

ટેલી દ્વારા એસએમઈની વૃદ્ધિ અને વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરતાં ટેલી એક્સિલરેટર લોન્ચ કરાયું

અમદાવાદ

દેશની અવ્વલ બિઝનેસ સોફ્ટવેર પ્રદાતા ટેલી સોલ્યુશન્સ એસએમઈને સશક્ત બનાવવા અને તેમની વૃદ્ધિનો માર્ગ મોકળો કરવાના લક્ષ્ય સાથે નાના અને મધ્યમ વેપારોને કન્સલ્ટન્સી સેવા આપવા માટે ટેલી એક્સિલરેટર (ટીએક્સ) નામે અનોખો પ્રોગ્રામ લઈને આવી છે. અમદાવાદમાં આજે આને અનુસરીને એક કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ભાગીદારો, ગ્રાહકો અને પ્રભાવશાળીઓએ હાજરી આપી હતી. આ કાર્યક્રમ હેઠળ ટેલીએ ટેલી એક્સિલરેટર્સ નામે ભાગીદારોની નિયુક્તિ કરી છે, જેઓ દેશભરમાં બધા ટેલી ભાગીદારો અને નાના વેપારોના કોચ, મેન્ટર અને ટ્રેનરની ભૂમિકા ભજવવા માટે વેપાર સલાહકારી સેવાઓ આપશે. આ કાર્યક્રમનું લક્ષ્ય એસએમઈને તેમની વેપાર અને રોકાણોની તકો સાકાર કરવામાં અને ઘરઆંગણે તેમ જ વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મક બનવા માટે મદદરૂપ થવાનું છે.દેશમાં વેપાર સાહસિકતાની તકોને પ્રોત્સાહન આપવા માટે ક્રાંતિકારી કર સુધારણા સરકારે રજૂ કરી છે અને ડિજિટાઈઝેશન પર ભાર આપવામાં આવી રહ્યો છે, જેને લીધે ખરા અર્થમાં સ્પર્ધાત્મક વેપાર વાતાવરણ બન્યું છે. સ્પર્ધામાં આગળ રહેવા અને સક્ષમ વૃદ્ધિનો માર્ગ મેળવવા માટે નાના અને ઊભરતા વેપારો માટે વૃદ્ધિ અને વિકાસ સંબંધી વેપારોના મેક્રો પાસાં ઓ પર માર્ગદર્શક પ્રકાશ પાડવામાં આવશે. મોટી કંપનીઓ અને બહુરાષ્ટ્રીય કંપનીઓને આવી ઓફરો ભરપૂર મળે છે અને તેમને મજબૂત કન્સલ્ટિંગ કંપનીઓનો પણ આધાર મળે છે. જોકે એસએમઈ માટે આવી સેવાઓનો સદંતર અભાવ છે. આ ધ્યાનમાં લઈને અને આ વેપારો દ્વારા ભવિષ્યમાં સામનો કરવા પડનારા પડકારોને ધ્યાનમાં લઈને દેશવ્યાપી કાર્યક્રમની સ્થાપના કરવામાં આવી છે.હાલમાં દરેક રાજ્ય માટે ૧ ટીએક્સ ભાગીદાર છે, જે દેશભરમાં વેપારોને આ ભાગીદારોને આસાનીથી પહોંચ આપશે. દરેક ભાગીદારને એસએમઈ કેન્દ્રિત ભૂમિકાઓમાં ભરપૂર અનુભવ છે અને હવે નવા પ્રવાસે નીકળી રહ્યા છે અને ઊભરતા વેપારોને માર્ગદર્શન અને શીખ આપશે.એસએમઈ આ દેશમાં ભરપૂર સંભાવના ધરાવે છે અને અર્થવ્યવસ્થામાં મુખ્ય પ્રેરક છે અને એકંદરે જીડીપીમાં નોંધનીય યોગદાન આપે છે. અમને ટેલી એક્સિલરેટર પ્રોગ્રામની આ પહેલમાં ટેલી સાથે સંકળાવાની બેહદ ખુશી છે. બહુ ઓછી કંપનીઓ એસએમઈના પરિપૂર્ણ વિકાસમાં પોતાને સમર્પિત કરે છે અને ટેલીએ આ પહેલને અત્યંત ગંભીરતાથી લીધી છે. આ કાર્યક્રમ માટે અમને એક ભાગીદાર તરીકે પસંદગી કરાઈ તે બદલ ગૌરવની લાગણી થાય છે અને અમે નાના અને મધ્યમ વેપારો માટે વૃદ્ધિને ગતિ આપવા વચનબદ્ધ છીએ.આ કાર્યક્રમ હેઠળ ટીએક્સ ભાગીદારો વેપારોને નજીવા ખર્ચે સલાહકારી સેવાઓ અને/ અથવા મૂળભૂત સેવાઓ આપશે. સલાહકારી સેવાઓમાં મેન્ટરિંગ અને કોચિંગ, ફાઈનાન્સને આસાન પહોંચ, સુધારિત સંસ્થાકીય સંસ્કૃતિ અને વૃદ્ધિ તથા ઉત્પાદકતા સુધારવા માટે ઉદ્યોગના ઉત્તમ વ્યવહારોનો સમાવેશ થાય છે.

આરોગ્ય માટે બહુ ફાયદાકારી હોય છે ગોળવાળું દૂધ

ગોળનો સેવન અમારા આરોગ્ય માટે બહુ ફાયદાકારી છે. તેમજ દૂધના અંદર પણ પૌષ્ટિક તત્વોનો ભંડાર છિપાયેલું છે. ગોળનો સેવન અમારી પાચન ક્રિયાને દુરૂસ્ત બનાવવાનું કામ કરે છે. ત્યાં જ દૂધ કેલ્શિયમની ભરપૂર માત્રા હોવાના કારણે આ અમારા હાડકાઓને મજબૂત બનાવવાનું કામ કરે છે. પણ શું તમે ક્યારે દૂધમાં ગોળ મિક્સ કરી પીવાના ફાયદા વિશે સાંભળ્યા છે? જો દૂધ અને ગોળને મિક્સ કરી નાખી તો અમારું શરીરની મૂળ જરૂરિયાત પૂરી થઈ જાય છે. દૂધમાં ગોળ મિક્સ કરી પીવાથી અમારા શરીરમાં લોહીની ઉણપ, થાક જેવી ઘણી સમસ્યાઓથી છુટ્કારો મળે છે. આવો જાણી દૂધમાં ગોળ મિક્સ કરી પીવાથી ફાયદા વિશે..

૧. જો તમે નિયમિત દૂધમાં ગોળ મિક્સ કરી પીવો છો તો તેનાથી અમારું શરીરનો લોહી સાફ હોય છે. જેના કારણે ફોડા-ફોળલીઓ અને ઈજા થવાની શકયતા ઓછી થઈ જાય છે.૨. ગોળ અને દૂધનો સેવન અમારી પાચન ક્રિયાને મજબૂત બનાવવાનું કામ કરે છે. દરરોજ ગોળવાળા દૂધ પીવાથી કબ્જની પ્રોબ્લેમ પણ નહી હોય છે. ૩. સાંધાના દુખાવામાં ગોળવાળું દૂધ પીવું ખૂબ ફાયદાકારી હોય છે. તે પીવાથી સાંધાના દુખાવામાં આરામ મળે છે.

રાષ્ટ્રવાદ

દેશમાં ગત વર્ષોમાં "રાષ્ટ્રવાદ" ને લઈને ચર્ચાઓ ચાલી રહી છે. શુ છે આ રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રવાદી દ્રષ્ટિકોણ...? શુ દેશપ્રેમ કે દેશભક્તિ એ જ રાષ્ટ્રવાદ કે પછી બંને અલગ છે...? આવો રાષ્ટ્રવાદની પરિકલ્પનાને સમજવાનો પ્રયત્ન કરીએ....

રાષ્ટ્રવાદ અર્થાત Nationalism શબ્દને ડીક્ષનરીમાં સર્ચ કરીશું તો કંઈક આવો અર્થ નીકળશે. રાષ્ટ્રવાદ એટલે :

- રાષ્ટ્ર એક સ્વતંત્ર ઘટક છે માટે તેનું હિત સાધવાનો ભાવ.
- રાષ્ટ્રભક્તિ / સ્વદેશાવાદ
- પોતાના રાષ્ટ્ર પ્રત્યે એકાત્મ અને ગૌરવની ભાવના જરૂર પડે રાષ્ટ્ર માટે તન મન અને ધન ન્યોછાવર કરવા તત્પર રહેવાની ભાવના.

એ જ પ્રમાણે જો રાષ્ટ્રવાદી શબ્દને ડીક્ષનરીની દુનિયામાં સર્ચ કરીશું તો કંઈક આવા અર્થો નીકળશે.

રાષ્ટ્રવાદી એટલે :

- સ્વરાજ્ય કે સ્વદેશનો પક્ષકાર
- સ્વરાજ્યની તરફેણ કરનાર
- સ્વદેશવાદી

કુલ મળીને જોઈએ તો પોતાના રાષ્ટ્ર પ્રત્યે લગાવ અને સમર્પણના ભાવને રાષ્ટ્રવાદ કહે છે. ભારત એક સાંસ્કૃતિક, ધાર્મિક અને ભાષા વિવિધતા ધરાવતો રાષ્ટ્ છે. રાષ્ટ્રવાદની ભાવના જ એક એવી ભાવના છે જે સંસ્કૃતિની વિભિન્નતાઓ હોવા છતાં બધા દેશવાસીઓને એકસૂત્રમાં બાંધી શકે છે. ભારત જ નહી વિશ્વના મોટાભાગના દેશો રાષ્ટ્રની તુલના મા સાથે કરે છે કારણ કે જે પ્રકારે માં પોતાના બાળકનું પાલન પોષણ કરે છે ઠીક એ જ પ્રકારે એક રાષ્ટ્ર પણ પોતાના નાગરિકોના જીવનની આવશ્યકતાઓ પુરી કરે છે. દુનિયાના કોઈ પણ દેશની પ્રગતિ માટે તે દેશના નાગરિકોમાં રાષ્ટ્રવાદની ભાવના હોવી જરૂરી છે.

નોબેલ પુસ્કારથી સન્માનિત વિશ્વ કવિ રવિન્દ્રનાથ ઠાકુર જાપાનના પ્રવાસ પર હતા.એક વિદ્યાલયમાં તેમને નિમંત્રણ મળ્યું. તેમને ત્યાંના બાળકોને એક પ્રશ્ન પુછ્યો : "તમે કયા ધર્મને માનો છો...? " જવાબ મળ્યો : 'બૌદ્ધ ધર્મ'. ઠાકુરે પૂછ્યું "શુ તમે જાણો છો બુદ્ધ ધર્મના પ્રણેતા મહાત્મા બૌદ્ધ ભારતમાં જન્મ્યા હતા..?" જવાબ મળ્યો : "જી હા, અમે જાણીએ છીએ"

રવીન્દ્રનાથ ઠાકુરે પછીથી એક બહુ અઘરો સવાલ કર્યા : " કલ્પના કરો કે મહાત્મા બુદ્ધ સેના લઈ તમારા દેશ જાપાન પર આક્રમણ કરે તો તમે શું કરશો...?" એક બાળક સ્ફૂર્તિથી ઉભો થયો અને ગુસ્સાથી બોલ્યો : "અમે બુદ્ધનો સામનો કરીશું. ભગવાન બુદ્ધની બધી જ મૂર્તિઓ ઓગાળીને ગોળીઓ બનાવીશું અને બુદ્ધ તથા તેમની આક્રમણકારી સેનાને કચડી નાખીશુ. કવિવર રાવીન્દ્રનાથનું મસ્તક બાળકોની રાષ્ટ્રભક્તિ સામે ઝૂકી ગયું. આ છે "રાષ્ટ્રવાદ". કદાચ આ રાષ્ટ્રવાદી દ્રષ્ટિકોણના લીધે જ ભારત સાથે પાપાપગલી શરૂ કરનાર જાપાન આજે પોતાની શક્તિ વડે દુનિયાને હંફાવે છે.

"રાષ્ટ્ર"- એક અદ્રશ્ય અને અદમ્ય ભાવનાનું નામ છે. આ અદ્રશ્ય ભાવનાને સાકાર કરે છે- રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રવાદી દ્રષ્ટિકોણ. ત્યારે જ તો બિસ્મિલ કહી ઉઠે છે.

"યદી દેશહિત મેં મરના પડે મુઝકો સહસ્ત્રો બાર ભી
તો ભી ન મૈં ઈસ કસ્ટ કો નિજ ધ્યાન મેં લાઉ કભી
હો ઈસ ભારતવર્ષ મેં શત બાર જન્મ મેરા
કારણ સદા હી મૃત્યુ કા દેશોપકારક કર્મ હો."

ભારત જ નહી વિશ્વમાં ચર્ચા ચાલે છે કે "દેશભક્તિ અને રાષ્ટ્રવાદમાં શ્રેષ્ઠ કોણ...?" બંનેની તુલના કરતા પહેલા બંનેનો ભેદ સમજવો આવશ્યક છે. શુ આ બંને શબ્દ એક જ વિચારના બે પહેલું છે, બે અર્થ ધરાવે છે કે બંને સર્વથા અલગ છે...?

દેશભક્તિ અને રાષ્ટ્રવાદ. બંને શબ્દ વિપરીત અર્થવાળા તો નથી પરંતુ પર્યાયવાચી પણ નથી. જ્યાં એકની સીમા સમાપ્ત થાય છે ત્યાં બીજાની પ્રારંભ થાય છે. રોચક વાત એ છે કે જ્યારે આપ આ માર્ગ પર ચાલી રહ્યા છો ત્યારે રેલગાડીની જેમ આપને પણ ખબર નથી હોતી કે ક્યારે એ એક પ્રદેશની સીમાને છોડીને ક્યારે બીજા પ્રદેશમાં પહોંચ્યા.

દેશભક્તિ અને રાષ્ટ્રવાદને સમજતા પહેલા દેશ અને રાષ્ટ્ર શબ્દની પરિકલ્પના સમજવી પડે. દેશ મતલબ - કોઈ ભૂભાગની ભૌગોલીક અને રાજનૈતિક સીમાઓ.ઉદાહરણ તરીકે કચ્છમાં મજૂરી કરતો રાધનપુરના કોઈ ગામડાનો શ્રમિક પાસે તમે ક્યારેક સાંભળ્યું હશે કે" હું દેહ(દેશ)માં જઈ રહ્યો છું." અર્થાત તે પોતાના ગામડે જઈ રહ્યો છે. એના ગામની સીમાઓ જ એના માટે દેશ છે. દેશભક્તિ કે દેશપ્રેમનો અર્થ છે પોતાના દેશ કે ક્ષેત્રની સીમાઓથી પ્રેમ જ્યારે રાષ્ટ્રની વાત કરીએ તો રાષ્ટ્ર અર્થાત એ ક્ષેત્રમાં રહેવાવાળા લોકો, તેમની સંસ્કૃતિ, વિરાસત અને તેમના ઇતિહાસથી પ્રેમ.

જો આપ દેશની સીમાઓ અને ક્ષેત્રને પ્રેમ કરો છો તો તે દેશપ્રેમ છે. જો આપ દેશની પહેચાન,પોતાની સાંસ્કૃતિક ધરોહર અને ઇતિહાસથી પ્રેમ કરો છો તો તે રાષ્ટપ્રેમ છે.

આપણા માટે રાષ્ટ્રીય પરિપેક્ષમાં જ રાષ્ટ્રવાદી બની રહેવું હંમેશા સંભવ હોતું નથી. આપણે નાની-નાની વાતોમાં પણ પોતાનું રાષ્ટ્રવાદીપણું બતાવી શકીએ છીએ. જેમ કે - વીજળી બચાવવા માટે પોતાના ઘરમાં અનાવશ્યક બલ્બ ચાલુ ન રાખવા, અનાવશ્યક પંખા, કુલર કે છજ્ઞ ન ચલાવવા, બહાર નીકળતા પહેલા લાઈટ પંખા અવશ્ય બંધ કરીએ, પોતાની રોજિંદી ક્રિયાઓમાં અધિક પાણીનો ઉપયોગ ટાળીએ, લગ્ન સમારોહ કે રેસ્ટોરન્ટ આદિમાં ચા- પાણી કે ભોજન આદિ કરતા સમયે પોતાની પ્લેટમાં ભોજન છોડતા નથી. પ્લાસ્ટિકના બિનજરૂરી ઉપયોગને ટાળીએ, કચરો કચરાપેટી માં જ નાખીએ, પોતાની દિનચાર્યમાંથી કેટલોક સમય રાષ્ટ્રનિર્માણના કાર્યમાં આપીએ જેવા કે - જરૂરિયાતવાળા ગરીબ બાળકોના વિસ્તારમાં જઈને તેમને શિક્ષણ આપીવુ, મેડિકલ કેમ્પ ખોલવા. તેમના દુઃખ અને દર્દને તેમની સાથે બેસીને સમજવું વગેરે..

આ બધી નાની-નાની વાતો છે પરંતુ આપણાં રાષ્ટ્રવાદી હોવાનું પ્રમાણ છે. આપણે મોટી મોટી વાતો પર સરકાર પર ચિલ્લાઈએ છીએ, કોઈ વિશેષ પક્ષને રાષ્ટ્રવાદી બનવાના ઉપદેશો આપીએ છીએ પરંતુ સ્વયં આવી નાની વાતોનું ધ્યાન નથી રાખતા તો આપણો રાષ્ટ્રવાદ એક નાટક અથવા તો પાખંડી સિદ્ધ થાય છે. આપણે હંમેશા રાષ્ટ્રવાદી રહી શકીએ છીએ અને રહીએ પણ છીએ બસ ઉપસ્થિત અવસરને ઓળખવાની જરૂર છે.રાષ્ટ્રવાદ કોઈ સરકાર, વ્યક્તિ કે કોઈ પક્ષની બાપદાદાની જાગીર નથી. એના પર દરેક રાષ્ટ્રવાદીનો સમાન અધિકાર છે. જો આમાં પણ આરક્ષણ થઈ ગયું હોત તો ગરીબની ઝૂંપડીનો માટીનો દીવો કારગિલ વિજય ઉત્સવમાં ધનિકની કોઠીના બલ્બોના સામે શરમાઈને સ્વયં બુઝાઈ જાત. પરંતુ થયું નહી અને ના થઇ શકે છે. રાષ્ટ્રવાદના ઉત્સવમાં દિપક અને બલ્બની કોઈ પ્રતિયોગીતા નથી હોતી પરંતુ બલ્બ સ્વયં દીપકને પોતાનો પિતા માનીને તેની આંગળી પકડીને રાષ્ટ્રવાદના મેળામાં નાચવા લાગે છે.વર્તમાન સ્થિતને ધ્યાનમાં રાખીને જોઈએ તો આ જાતિવાદ અને કોમવાદયુક્ત વાતાવરણમાં સમાજની એકતા અને અખંડિતતા જાળવવા માટે રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રવાદી દ્રષ્ટિકોણ એક માત્ર એવું માધ્યમ છે જેના થકી સમગ્ર દેશને જાતિ, ધર્મ,પંથ - સંપ્રદાયથી પર થઈને એકસૂત્રમાં બાંધીને માં ભારતીને પરમ વૈભવ પર પુનઃ પ્રસ્થાપિત કરી શકીએ છીએ...ભારતમાતા કી જય... - **સાધના**

ઝંડા ઉંચા રહે હમારા

જસાલી

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકાના જસાલી ગામે શ્રી સહયોગ વિદ્યામંદિર ખાતે ૬૯ માં ગણતંત્ર દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ.સંસ્થાના પ્રમુખ શ્રી બાબુભાઈ છગાલીયાના હસ્તે ધ્વજવંદન યોજાયેલ.ત્યારબાદ બાળકોને ઈનામ વિતરણ કરાયેલ.શાળાના આચાર્યશ્રી તથા સ્ટાફગણ દ્વારા સુંદર આયોજન થયેલ.મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહેલ.

ચિત્રોડા

લાખણી તાલુકાના ચિત્રોડા ગામે સૌથી વધુ ભણેલો કન્યાના હાથે ધ્વજ વંદન કરાયું સરકાર દ્વારા બેટી બચાવો અભિયાન અંતર્ગત પ્રજાસત્તાક દિનના દિવસે ગામમાં સૌથી વધુ ભણેલ કન્યાના હાથે ધ્વજવંદન કરવાનો પરિપત્ર કરવાથી દરેક ગામે ગામની કન્યાઓ અભ્યાસ માટેની રૂચી નવરો થયેલ છે અને સરકારમાં આ સુંદર અભિગમ અને ગામલોકો પણ ખુબ સારી રીતે કામ કરે છે લાખણી તાલુકાના ચિત્રોડા મુકામે પણ આજરોજ ગામની ઢીકરી મોસમ બેન ભલાભાઈ સુથાર ના હાથે ધ્વજવંદન કરવામાં આવ્યું અને તેમને સન્માન પત્ર અને ટ્રોફી પણ શાળાના આચાર્ય અને ગામના અગ્રણીઓ દ્વારા અર્પણ કરાવવામાં આવી.

શ્રી થરાદ દોલતસિંહજી પુસ્તકાલય

થરાદ

થરાદ તાલુકા દોલતસિંહજી સાર્વજનિક પુસ્તકાલયમા દેશના ૬૯માં પ્રજાસત્તાકદિનની ઉજવણી થઈ. આ કાર્યક્રમનુ ગ્રંથપાલ મયંકભાઈ દવે આયોજન કર્યુ હતું. જેમાં થરાદના માજી કેની જયંતીલાલ વ્યાસે ધ્વજ ફરકાયો હતો. આ કાર્યક્રમ માં ગ્રંથપાલ મયંક દવે, સેવક, ટીનાભાઈ ભાટી,જીગર વ્યાસ,સંજય ભાટી, કોશિક પ્રજાપતિ વગેરે નગરજનો તથા બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

મુડેઠા

સાદુલસિંહ એમ રાઠોડ

મુડેઠા પગાર કેન્દ્ર શાળામાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી ડીસા તાલુકાના મુડેઠા પગાર કેન્દ્ર શાળામાં ૨૬ મી જાન્યુઆરી ૬૯ મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરાઇ હતી જેમા ગામ ના સરપંચ રાઠોડ કાન્તિજીના હસ્તે ધ્વજવંદન ફરકાવી ને સલામી આપી હતી. ગામ ના અગ્રણી માજી તાલુકા ડેલીકેટ ભગુજી રાઠોડ ભગુભાઈ સેધાજી વિનાજી સાદુલસિંહ રાઠોડ (પત્રકાર) વગેરે ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય હિતેશભાઈ પુરોહિત શાળા સ્ટાફ વિધાથી હાજર રહ્યા હતા.

કંબોઈના મોતીસર પ્રાથમિક શાળા

સરજનસિંહ સોલંકી

પ્રતિનિધિ કંબોઈ

૨૬ જાન્યુઆરી એટલે ગણતંત્ર દિવસ પ્રજાસત્તાક દિવસની કંબોઈના મોતીસર પ્રાથમિક શાળા ખાતે ઉજવવામાં આવી તેમાં સવારે પ્રભાત ફેરી બાદ રાષ્ટ્રગીત સાથે ધ્વજ દેવુસિંહ સોલંકી જેઓ શાળાના જમીન દાતા છે તેમના હસ્તે ફરકાવવામાં આવ્યો હતો, અને શાળાના બાળકોને મીઠાઈ વેચવામાં આવી હતી. આ પ્રસંગે વિનુભા સોલંકી, ભોમસિંહ સોલંકી વિષ્ણુભાઈ પટેલ આચાર્ય, અલખાજી ઠાકોર, ધનસિંહ સોલંકી, સુરજસિંહ સોલંકી, બાબુસિંહ સોલંકી, ઉપસ્થિત રહ્યા હતા.

સરાલ પ્રા.શાળા

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકાના સરાલ ગામ જે તાલુકામાં પ્રથમ નંબરની પ્રા.શાળા પરાવે છે. આ શાળામાં શહેરી વિસ્તારને પણ ભુલાવી દે તેવા વિવિધ સાંસ્કુતિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ધાનેરાથી પણ લોકો કાર્યક્રમો દેખવા માટે સરાલ ગામની મુલાકાત લીધી હતી. આ શાળાના આચાર્ય ગીરધરભાઇ પટેલ તેમની ટીમ દ્વારા ગ્રામજનો પાસે થી દાન લાવી ને બે બખત પુરનો ભોગ બનેલ આ શાળાને ફરીથી બેઠી કરીને ધાનેરામાં નંબર વન શાળા બનાવી છે. જેથી તેમને પણ ગ્રામજનો દ્વારા અભિનંદન પાઠવ્યા હતા. જ્યારે આ દિને ગ્રામજનો દ્વારા પણ દાનની સરવળી વહેવડાવી હતી.

લવાણા પંથકની વિવિધ શૈક્ષણિક સંકુલો

હસમુખ ચૌધરી

પ્રતિનિધિ લવાણા

ગત ૨૬ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ સમગ્ર દેશમાં ૬૯માં પ્રજાસત્તાક દિવસની ધામ ધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં લવાણા પંથકની વિવિધ શૈક્ષણિક સંકુલોમાં પણ પ્રજાસત્તાક દિવસની ધામ ધૂમ પુર્વક ઉજવણી કરાઈ હતી.

લાખણી તાલુકાના લવાણા ગામે આવેલ શ્રી વિદ્યામંદિરમાં અને ઉ.મા શાળા. આટ્સ્ર્ કોલેજ લોકનિકેતન વિનય મંદિર. લવાણા પે કેન્દ્ર શાળા. કાનપુર (કુ) પ્રાથમિક શાળા લીબાઉ પ્રાથમિક શાળા. કે.જી.બી.વી. શૈક્ષણિક સંકુલ લવાણા સહિતની વિવિધ શૈક્ષણિક સંકુલોમાં ૬૯ પ્રજાસત્તાક દિનની હર્ષો ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી, તો દિયોદર તાલુકાન ઉદયપુરા (મકડાલા) પ્રાથમિક શાળા. રાંટીલા પે કેન્દ્ર શાળા મધપુરા (રાં) પ્રાથમિક શાળા. સહિતની વિવિધ શિક્ષણિક સંકુલોમાં પણ ૬૯માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દરેક સંકુલોમાં શાળાના બાળકો દ્વારા વહેલી સવારે ગામમાં પ્રભાતફેરી કાઢવામાં આવી હતી. જેમાં દેશભક્તિના નારાઓથી ગામની ગલિયો ગુંજવી હતી. જયાર બાદ રાષ્ટ્ર ધ્વજ ફરકાવી રાષ્ટ્ર ધ્વજને સલામી આપવામાં આવી હતી, તો દરેક શૈક્ષણિક સંકુલોમાં શાળાના બાળકો દ્વારા સુંદર દેશભક્તિને લગતા સાંસ્કુતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા, અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લઈ સુંદર પ્રદર્શન કરનાર બાળકોને ઈનામ આપી બિરદાવામાં આવ્યા હતા. આ પ્રસંગે તમામ શૈક્ષણિક સંકુલોમાં તમામ શાળાના પ્રિન્સિપાલ સ્ટાફ ગણ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

અમીરગઢ

વિશાલ નાઈ

પ્રતિનિધિ અમીરગઢ

લોકશાહીના મહાપર્વ એવા ૬૯ માં પ્રજાસત્તાક દિનની સરકારી વિનયન કોલેજ અમીરગઢ, મોડેલ સ્કુલ અમીરગઢ તથા પ્રાથમિક શાળામાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે ઉજવણી કરવામાં આવી હતી. પ્રાથમિક શાળા-૧ માં ઉપસરપંચના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ કરવામાં આવ્યો અને કાર્યક્રમના અંતમાં આભારવિધિ તથા પ્રસાદ વિતરણ કરી કાર્યક્રમની આભારવિધિ કરવામાં આવી હતી.

બાપલા હાઈસ્કુલ

પ્રતિનિધિ બાપલા

ધાનેરા તાલુકાની શ્રી મહર્ષિ કણ્વ અભિનય વિદ્યાલય, બાપલામાં ૬૯ માં ગણતંત્ર દિવસ નિમિત્તે બાપલા હાઈસ્કુલ તથા પ્રાથમિક શાળાના બાળકો દ્વારા હાઈસ્કુલના પટાંગણમાં તિરંગાને ગામના સરપંચ વૈજંતિબેન હરેશભાઈ શાહ દ્વારા સલામી આપવામાં આવી હતી. જે પ્રસંગે બાપલાના શ્રેષ્ઠીવર્ય હરેશભાઈ શાહ, પાંથાવાડા એપીએમસી ના માજી ચેરમેન રેસાભાઈ પટેલ, માંનાભાઈ પટેલ, ખેમાભાઈ પટેલ, દુધમંડળીના મંત્રી મકાભાઈ પટેલ, પાંથાવાડાના વેપારી ખેતાભાઈ પટેલ, બાપલાના માજી સરપંચ અજયભાઈ સોલંકી તથા ગ્રામજનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. બાપલાના ગ્રામજનો દ્વારા રૂા. ૨૭૮૦૦/- ઈનામ સ્વરૂપે આપી પ્રોત્સાહિત કર્યા હતા. તેમજ ગામના અગ્રણી વેપારી ગણેશ કરિયાણાવાળા ગણેશભાઈ રબારી અને બાપલા સરપંચ દ્વારા ગણતંત્ર દિવસ નિમિત્તે શાળાના સંકુલમાં આવનાર તમામ બાળકો, વાલીઓ અને મહેમાનોને તિથિભોજન આપવામાં આવ્યું હતું.

રૈયા પે.કેન્દ્ર શાળા

ચેતન કોઠારી

પ્રતિનિધિ રૈયા

દિયોદર તાલુકાની રૈયા પે.કેન્દ્ર શાળામાં ૬૯ માં પ્રજાસત્તાક દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગામની સૌથી વધુ ભણેલી પંચાલ વિણાબેન અમીચંદભાઈના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. બાદમાં શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રાખેલ હતા. શાળાના બાળકોને પ્રોત્સાહન માટે રૂા. ૨૧૦૦૦ નું દાન મળેલ અને બાળકોને કોઠારી દલપતભાઈ ખેતશીભાઈ પરિવાર તરફથી ગોળ રવિ અને મીઠાઈનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે ગામના સરપંચ પરમાર અવલબેન વાઘાભાઈ, નેળીબેન નાથાભાઈ પટેલ, નાથાભાઈ પટેલ, વિરમાભાઈ પટેલ, નાગજીભાઈ સુથાર એસએમસી અધ્યક્ષ માનસુંગભાઈ પટેલ, પબાજી ઠાકોર ઠક્કર જીગરભાઈ ડો.દિલીપભાઈ પ્રજાપતિ વોરા હિતેશભાઈ ભરતભાઈ ખરસાણ મંત્રી તથા ગામના વડીલો, યુવાનો, આગેવાનો હાજર રહ્યા હતા.

થરા શ્રી વિનય વિદ્યામંદિર

યશપાલસિંહ ટી.વાઘેલા

તાલુકા પ્રતિ. થરા

કાંકરેજ આંજણા કેળવણી મંડળ સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ૬૯ મા પ્રજાસત્તાક દિનની ઉજવણી કેળવણી મંડળના પ્રમુખ અણદાભાઈ આર.પટેલના કેળવણી મંડળના પ્રમુખ અણદાભાઈ આર. પટેલના હસ્તે ત્રિરંગો લહેરાવીને કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રમુખએ રાષ્ટ્રની ગરીમા જળવાય તેવા ઉમદા કાર્ય કરી રાષ્ટ્ર વિકાસમાં સહભાગી બનવા અપીલ કરી હતી. આ પ્રસંગે કિસાન સંઘના કુરાભાઈ પટેલ, આચાર્ય એમ.ડી. પટેલ, રિયાબેન પટેલ, ઈશ્વરભાઈ પટેલ સહિત સ્ટાફ પરિવાર તથા નગરજનો ઉપસ્થિત રહેલ. ધ્વજવંદનનું સંચાલન એમ.વી.પટેલે કરેલ.

આચાર્ય એમ.ડી.પટેલની અધ્યક્ષતામાં ધો.૧૦ અને ધો.૧૨ ના વિદ્યાર્થીઓના વાલીઓની ગ્રુપ ચર્ચા માટે મીટીંગ યોજાઈ. જેમાં વિદ્યાર્થી- વાલી- ગુરુગણનો ત્રિવેણી સંગમ સમાન અને ત્રિકોણ રચી આગામી પરીક્ષામાં વિદ્યાર્થીઓમાંથી પરીક્ષાનો ભય દુર થાય ને વાલીઓ પણ નિરાંત અનુભવે તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા. આ મીટીંગનું સંચાલન આઈ.બી.બોકાએ કરેલ. શિક્ષક નરેશભાઈ પટેલ તથા એન.વી.શેખલીયાએ અભ્યાસક્રમની સરળતા અંગે માહિતી આપેલ.

સીસરાણામાં રમતવીરના હસ્તે ધ્વજવંદન

સુભાષ વ્યાસ

વડગામ તાલુકાની સીસરાણા પ્રા.શાળા ખાતે હિમાચલ પ્રદેશના ધર્મશાળા ખાતે પાંચ રાજ્યોની વોલીબોલ સ્પર્ધામાં ભાગ લેનાર રમતવીર કીર્શોકકુમાર વીરાભાઈ ચૌધરીના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય પી.બી. ચંદ્રીસાએ પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.

ઢીમા સંસ્કાર વિદ્યાલય

વર્ધાજી ચૌહાણ

પ્રતિનિધિ ઢીમા

ઢીમા સંસ્કાર વિદ્યાલય હાઈસ્કુલમાં ૬૯-પ્રજાસત્તાક દિનની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ઢીમાની તમામ પ્રા.શાળાના બાળકોની ઉપસ્થિતિમાં સંસ્કાર વિદ્યાલયના મંત્રી સંઘવી વિનુભાઈ ચિમનલાલના હસ્તે ધ્વજ લહેરાવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમથી ઢીમા ગામની કુલ સાત પ્રાથમિક શાળાઓ જેવી કે બી.આર. આંબેડકર પ્રા.શાળા, સોલંકીવાસ ઢીમા પ્રા.શાળા, ધરણીધર પ્રા.શાળા, પટેલવાસ પ્રા.શાળા, રાજગુરૂ પ્રા.શાળા તેમજ ઢીમા ફસ્તુરબા છાત્રાલયની બાળાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમની અંદર મુખ્ય મહેમાનમાં મહંત જ્ઞાનકીદાસ મહારાજ, મનજીભાઈ રાજપુત, અજાભાઈ પટેલ, મથારામભાઈ બ્રાહ્મણ, ઢીમા ગ્રામ પંચાયતના સરપંચ હર્ષબિન સેવક, ઓખાભાઈ રાજપુત, રવાજી ચૌહાણ, પ્રભુભાઈ ઠક્કર, રણુભાઈ સાપુ, રાજપુત નરુભતભાઈ, ચૌહાણ શંકરભાઈ, હરિજન સામતાભાઈ તેમજ ઢીમા ગ્રામજનોના તમામ લોકોએ હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

થરા-૧ પે કેન્દ્ર શાળા

કનુભાઈ પ્રજાપતિ

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના થરા શહેરની થરા-૧ પે.કેન્દ્ર શાળામાં ૬૯ માં પ્રજાસત્તાકદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળા સ્ટાફ- આમંત્રિત મહેમાનો- નગરજનો અને શાળાની બાળકોની ઉપસ્થિતિમાં ભુતપૂર્વ વિદ્યાર્થીની ઠાકોર પુનમબેન વિનોદભાઈના વરદહસ્તે ધ્વજ ફરકાવામાં આવ્યો હતો. આ ઉપરાંત ધ્વજવંદન સમારોહમાં શાળાના વિદ્યાર્થીઆએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યા હતા. સ્ટેજ સંચાલન બાબુભાઈ જોષીએ કર્યુ હતું. તથા શાળાના આચાર્ય રમેશભાઈ એન.પટેલે બાળકોને આઝાદી વિશે સમજ, તથા બેટી બચાવો, તથા બેટીના શિક્ષણની વાત કરી હતી. તથા તેજસ્વી બાળકોને ઈનામ આપવામાં આવ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકોને પ્રકાશભાઈ ભેમાભાઈ પટેલ તરફથી બોલપેનો આપવામાં આવી હતી. થરા નગરપાલિકાના પ્રમુખ વિનોદભાઈ ઠાકોર તરફથી બાળકો માટે રૂા. ૧૧૦૦/- આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં જયંતિભાઈ પ્રજાપતિ, પ્રકાશ પટેલ તેમજ કાળુભાઈ ચૌધરી, સુશીલાબેન પટેલ, ભરતભાઈ સુથારે સુંદર યોગદાન આપ્યું હતું. અંતે અજિતભાઈ શાહે આભારવિધિ કરી હતી. કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

વાઘેલા વિલાસબાએ એથ્લેટીક્સ રમતમાં રાજયકક્ષાએ ગોલ્ડ મેડલ મેળવતાં મંત્રીના હસ્તે સન્માન કરાયું

બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકાના નાની ભાખર પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી વાઘેલા વિલાસબા વાદળસિંહએ એથ્લેટીક્સ રમતમાં રાજયકક્ષાએ પ્રથમ નંબર મેળવી ગોલ્ડ મેડલ પ્રાપ્તવ કરતાં ૨૬ જાન્યુઆરી, જિલ્લાકક્ષાના પ્રજાસત્તાક પર્વે શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરના હસ્તે શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. ચાલુ વર્ષે હિંમતનગર ખાતે યોજાયેલ રાજયકક્ષાના ખેલ મહાકુંભમાં અન્ડર-૧૪ બહેનોની સ્પર્ધામાં ગુજરાત રાજયમાં ૮૦ મીટર વિઘ્નદોડની એથ્લેટીક રમતમાં પ્રથમ નંબર મેળવી ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. ત્યારબાદ એથ્લેટીક્સ અન્ડર-૧૪ની નેશનલકક્ષાની સ્પર્ધામાં ચીપલુણ જિ.રત્નાગીરી (મહારાષ્ટ્ર) ખાતે યોજાયેલ સ્પર્ધામાં ભારતના તમામ રાજયો વચ્ચેની ૮૦ મી.વિઘ્નદોડમાં પાંચમો નંબર મેળવ્યો હતો.

ધાનેરામાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા ખાતે ગણિત- વિજ્ઞાન પ્રદર્શન યોજાયેલ. જેમાં ૧૩૨ કૃતિઓ (મોડેલ) વિદ્યાર્થીઓ, શાળાના શિક્ષકો તથા ઓલ ઈન્ડિયા રામાનુજન મેટસ ક્લબ દ્વારા બનાવવામાં આવેલ.

પ્રદર્શન તા. ૨૦/૧/૧૮ તા. ૨૧/૧/૧૮ બે દિવસ રાષ્ટ્રીય અધ્યક્ષ ડો.ચંદ્રમોલી જોષી, મેટસના રાષ્ટ્રીય એક્સપર્ટ વૈજ્ઞાનિક ડો.મેહુલભાઈએ ૫૦ જેટલી પ્રાથમિક શાળા તથા માધ્યમિક શાળાની કૃતિઓ નિહાળી ગમ્મત સાથે ભણતરમાં ગણિત કેવી રીતે ગણી શકાય તેની સમજ આપી હતી.

શાળાના સ્થાપક તથા ધારાસભ્ય નથાભાઈ પટેલ તથા સંકુલના રૂપાભાઈ પટેલ, સુરેશભાઈ ચૌધરીએ ધાનેરા તાલુકા માટે સર્જનાત્મક શૈક્ષણિક કાર્ય કર્યું હોઈ પાલનપુરથી આવેલ કલ્પેશ અખાણી, વિજ્ઞાનને જીવનમાં ઉતારી અંધશ્રધ્ધા નાબુદીના દંષ્ટાંતો સમજાવ્યા હતા. જે.કે. સુથારે ગણિત વિશે પ્રવિણભાઈએ ભણતરના વાસ્તવિક જીવનમાં ઉપયોગ શું? તે વિશે વિસ્તૃત સમજ આપી હતી.

શ્રી અમીરગઢ પગાર કેન્દ્ર શાળા -૧ માં વિજ્ઞાન-ગણિતના સાધનોનું પ્રદર્શન યોજાયું

પ્રતિનિધિ અમીરગઢ

ગત તા. ૨૦/૧/૨૦૧૮ ના રોજ શ્રી અમીરગઢ-૧ પ્રા.શાળામાં રાજુભાઈ જી. પટેલના માર્ગદર્શન હેઠળ અને વિજ્ઞાન-ગણિતના શિક્ષક પ્રા. ધર્મેન્દ્રસિંહના આયોજન હેઠળ આ વિજ્ઞાન- ગણિત સાધનોનું પ્રદર્શન યોજવામાં આવ્યું.

આ વિજ્ઞાન- ગણિત સાધનોના પ્રદર્શનમાં શાળાના શિક્ષક ધર્મેન્દ્રસિંહ ધો.૩ થી ૮ ના બાળકોને વિજ્ઞાનના સાધનોની ઓળખ કરાવી હતી. શાળાના બાળકોએ વિજ્ઞાન-ગણિતના અવનવા સાધનો જોઈને પ્રભાવિત થયા હતા. આ પ્રદર્શનમાં સહયોગ આપનાર મુરાદભાઈ મીર, મણીલાલ પંચાલ, રાજુભાઈ દેલવાડીયા, દુધાભાઈ પરમાર ભારે જહેમત ઉઠાવી હતી.

લુદરામાં નેશનલ ગર્લ્સ ચાઈલ્ડ ડે અંતર્ગત ગુરૂશિબિર યોજાઈ

એ.જી. કોકાણી

પ્રતિનિધિ લુદરા

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર દ્વારા બ.કાં. જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા દિયોદર તાલુકાના લુદરા ગામે ગુરૂશિબિર યોજવામાં આવેલ. ગામમાં છોકરીઓનું પ્રમાણ ઓછુ હોવાથી ગામના ઉપસ્થિત આગેવાનોને પુરૂષ સ્ત્રી અંગે આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ. બેટી વધાવો, બેટી પઢાવો, રસીકરણ, સુરક્ષિત માતૃત્વ અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ.

આ પ્રસંગે ડો.એન.કે.ગર્ગ જિલ્લા એપેડેમીક અધિકારી, ડો.બ્રિજેશ વ્યાસ તાલુકા હેલ્થ ઓફિસર, અજયભાઈ મહેતા ટીબીઓઈસીઓ અને ટીએચવી ચંપાબેન નગરીયા, હાર્દિકભાઈ ત્રિવેદી વગેરે દ્વારા આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ. આ પ્રસંગે ગામના સરપંચ, ઉપસરપંચ તથા ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

શ્રી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય, કાંટ ખાતે સરસ્વતી પૂજન

ડીસા

શ્રી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય, કાંટ ખાતે તા.૨૨/૦૧/૨૦૧૮ ના રોજ હિંદુ ધર્મ અને ભારત વર્ષ ના મહા પર્વ એવા મહાસુદ પાંચમ એટલે કે વસંત પંચમીના દિવસે શાળામાં અભ્યાસ કરતા સર્વ વિદ્યાર્થી ભાઈ બહેનો દ્વારા મા સરસ્વતી પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સર્વે વિદ્યાર્થીઓને વસંતપંચમી, જ્ઞાન પંચમી, શિક્ષાપત્રી એટલે શું..? આ દિવસના ધાર્મિક માહભય અંગેનું માર્ગદર્શન અને મહિતી શાળાના આચાર્ય આલ ભરતભાઈ દ્વારા આપવામાં આવી હતી, કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને પ્રસાદી વહેચવામાં આવી હતી. કાર્યક્રમની આભાર વિધિ શિક્ષક મોઢ રાહુલભાઈ દ્વારા કરવામાં આવી હતી.

આસોદર પ્રાથમિક શાળા

શ્રવણ સાધુ

પ્રતિનિધિ આસોદર

થરાદ તાલુકાની આસોદર પ્રાથમિક શાળામાં શુક્રવારે ૬૯ માં પ્રજાસત્તાક દિન ની જિંદવણી કરવામાં આવી હતી.જેમો બેટી બચાવો બેટી પઢાઓ અંતર્ગત ગામની દીકરી ચંદ્રિકાબેન ગલાભાઈ પટેલ ના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.સરપંચ અને શાળા ના આચાર્ય દ્વારા શિલ્ડ-પ્રમાણપત્રથી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. શરૂઆતમા ગામમા પ્રભાતફેરી બાળકો દ્વારા વંદેમાતરમઅને ભરતમાતાકી જય ના સૂત્રોચ્ચાર સાથે ગામની શેરીઓમાં રેલી કાઢી હતી .બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ મો ઝડાગીત,નુત્ર્ય ,રાસગરબા અને નાટક કરવામાં આવ્યું હતું.મોટી સંખ્યામાં ગામ લોકો હાજર રહી ભારે ધામધૂમથી પ્રજાસતાક દિન ની ઉજવણી કરવામાં આવી હતી.

નાણાંકીય વર્ષ ..

પાના નં .૧ ચાલુ

આવકવેરા વસુલાતમાં પણ વધારો થયો છે. આગામી નાણાંકીય વર્ષમાં નિકાસની કિંમતમાં અર્થવ્યવસ્થામાં ગ્રોથ જોવા મળે છે. વર્તમાન નાણાંકીય વર્ષમાં ડાયરેક્ટ ટેક્સ વસુલાતના ટાર્ગેટને હાંસલ કરવા માટેની પણ આશા છે. નાણાંકીય વર્ષ ૨૦૧૯માં નાણાંકીય નુકસાનના લક્ષ્યાંકમાં નજીવો વધારો થઇ રહ્યો છે. નાણાંકીય નુકસાન માટે લક્ષ્ય ત્રણ ટકા રહેવાનો અંદાજ છે. જીએસટી વસુલાતમાં સુધારો થવાનો અંદાજ છે અને રેવેન્યુમાં વધારો થવાનો અંદાજ છે. આર્થિક સર્વે ૨૦૧૮માં આર્થિક સલાહકારોની તરફથી સલાહ આપવામાં આવી છે કે મધ્યમ અવધિમાં રોજગાર, શિક્ષણ અને કૃષિ પર ભાર મુકવામાં આવનાર છે. આ તમામ સેક્ટરમાં ખાસ ધ્યાન આપવાની જરૂર છે. અર્થતંત્રમાં વર્તમાન સમયમાં પડકારોને પહોંચી વળવા માટે આવા પગલા લેવાની જરૂર દેખાઇ રહી છે.

એક સાથે ..

પાના નં .૧ ચાલુ

દેશમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણનો આંકડો ૬૦ અબજ અમેરિકી ડોલર પર પહોંચી ગયો છે. રાષ્ટ્રપતિએ કહ્યુ છે કે ૨૫૧ પાસપોર્ટ સેવા કેન્દ્રોને મંજુરી આપવામાં આવી ચુકી છે. વિકાસને મજબુત આધાર આપવા માટે આર્થિક સંસ્થાઓને મજબુત કરવાની દિશામાં કામ કરવામાં આવી રહ્યુ છે. તેમણે કહ્યુ હતુ કે અફઘાનિસ્તાનને ઘઉંનો પ્રથમ જથ્થો મોકલી દેવામાં આવ્યો છે. વિદેશોમાં રહેતા પ્રવાસી ભારતીયોની સાથે દેશના સંબંધ મજબુત થઇ રહ્યા છે. પ્રવાસી ભારતીય સાંસદોના સંમેલન આયોજિત કરવામાં આવી રહ્યા છે. ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટીસની ચૂંટણી ખુબ જ રોમાંચક રહી છે. જેમાં ભારતને સફળતા મળી છે. રામનાથ કોવિન્દે એમ પણ કહ્યુ હતુ કે ભારત હમેંશા સહયોગની ભાવનાથી કામ કરે છે. આજે વિશ્વના કોઇ પણ જગ્યાએ રહેતા ભારતીયોને વિશ્વાસ છે કે તે ક્યારેય સંકટમાં પડશે નહી. જો કોઇ ભારતીય લોકો સંકટમાં મુકાશે તો સરકાર તેમને પરત લાવવા માટે તમામ પ્રયાસો કરશે. તેમણે કહ્યુ હતુ કે ૯૦ હજાર ભારતીયને પરત લાવવામાં આવ્યા છે. તેમણે કહ્યુ હતુ કે સરકારે વન રેન્ક વન પેન્સનને પૂર્ણ કરીને ૨૦ લાખથી વધારે નિવૃત સેનિકોને ૧૦ હજાર કરોડ રૂપિયાની બાકી રકમ ચુકવી દીધી છે. દેશની આંતરિક સુરક્ષામાં વધારો થયો છે. સરકારે પોલીસ દળોના આધુનિકીકરણ માટે ૧૮ હજાર કરોડની યોજના મંજુરી કરી છે. નેશનલ ફુડ સિક્યુરિટી એક્ટ હેઠળ ખાદ્યાન આપવાની વ્યવસ્થાને પારદર્શી બનાવવા માટે પગલા લેવામાં આવી રહ્યા છે. સરકારે રાષ્ટ્રીય પછાત વર્ગ પંચને બંધારણીય દરજ્જો આપવા માટે બંધારણીય સુધારા બિલ રજૂ કરવામાં આવ્યુ છે. વન્ય પેદાશોના લઘુતમ સમર્થન મુલ્યને વધારી દેવામાં આવ્યા છે. તેમની સરકારે વાસને વૃક્ષની શ્રેણીમાંથી દુર કરવાનો નિર્ણય પહેલાથી જ કર્યો છે. દેશમા અઢી કરોડથી વધારે દિવ્યાંગ લોકો છે. સરકાર તેમના માટે સતત કામ કરી રહી છે.

તમામ આશાને..

પાના નં .૧ ચાલુ

આ ઉપરાંત પેટ્રોલ-ડિઝલની વધી રહેલી કિંમતોથી પરેશાન લોકોને બજેટમાં રાહત મળે તેવી શક્યતા દેખાઇ રહી છે.

વડાપ્રધાન મોદીએ ત્રિપલ તલાક બિલ પસાર કરવામાં મદદ કરવા વિરોધ પક્ષોને અપીલ કરી હતી. ત્રિપલ તલાકના મુદ્દા પર સંસદમાં જોરદાર સંગ્રામ જોવા મળે તેવા સંકેત દેખાઇ રહ્યા છે. સરકાર સંકેત આપી ચુકી છે કે વિરોધ પક્ષના વિરોધ છતાં ત્રિપલ તલાક બિલને પાસ કરવા માટે તે કોઇ કમી રહેવા દેશે નહીં.

૭૫ નપાની..

પાના નં .૧ ચાલુ

જે તે બેઠકોની પેટા ચૂંટણી પણ યોજાશે. ચૂંટણી ઉમેદવારે પોતાના ઉમેદવારી પત્ર સાથે પોતાના ગુનાહિત ઈતિહાસ, શૈક્ષણિક લાયકાત, મિલકત અને દેવા સહિતની વિગતો સાથેનું સોગંદગનામું ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરવાનું રહેશે. રાજય ચૂંટણી આયોગ દ્વારા મતદાનનો સમય સવારે આઠથી સાંજ પાંચ વાગ્યા સુધીનો નક્કી કરવામાં આવ્યો છે. ઉમેદવારોના ઉમેદવારી પત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ તા.૩-૨-૨૦૧૮ છે, ઉમેદવારીપત્રો ચકાસણીની તારીખ તા.૫-૨-૨૦૧૮ નિયત કરાઇ છે. ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચવી હોય તો ઉમેદવારી પરત ખેચંવાની છેલ્લી તારીખ ૬-૨-૨૦૧૮ નક્કી કરવામાં આવી છે. ૧૭મી ફેબ્રુઆરીએ સવારે ૮-૦૦થી સાંજે ૫-૦૦ વાગ્યા સુધી ચૂંટણી (મતદાન) યોજાશે, જો પુનઃ મતદાન યોજવાની પરિસ્થિતિ સર્જાય તો તેની ૧૮-૨-૨૦૧૮ અને છેલ્લે ૧૯-૨-૨૦૧૮ના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે. આ સિવાય છ નગરપાલિકાઓની પેટા ચૂંટણી અને રાજકોટ મહાનગર પાલિકાના એક વોર્ડની પેટાચૂંટણી પણ યોજાશે.

લઘુતમ તાપમાનમાં ..

પાના નં .૧ ચાલુ

વાતાવરણની અસર જોવા મળી રહી છે. ઠેરઠેર ઝાડા ઉલ્ટી ખાંસી તાવ શર્દી જેવા વાયરલ જન્ય બિમારીઓનુ પ્રમાણ જોવા મળી રહ્યુ છે. હવામાન વિભાગના સુત્રો પાસેથી મળતી વિગતો પ્રમાણે ડીસામાં આજનુ તાપમાન ગઈકાલ કરતાં લઘુતમ અને મહત્તમ તાપમાનમાં વધારો નોંધાયો છે. જેમાં લઘુતમ તાપમાન ૧૧ ડીગ્રી જ્યારે મહત્તમ તાપમાન ૩૦૪ ડીગ્રી નોંધાયું છે.

ચૂંટણી પહેલા..

પાના નં .૧ ચાલુ

ગુજરાતમાં ચૂંટણી બાદ જેટલી હવે બીજા વિકલ્પ પર કામ કરી શકે છે. ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં ભાજપનુ નેટવર્ક ઘટી રહ્યુ છે. જે તેના માટે ચોક્કસપણે ચિંતાજનક બાબત છે. કારણ કે ગ્રામીણ વિસ્તારોમાં પણ મોટા પાયે વસ્તી રહેલી છે. જેની સીધી અસર લોકસભા ચૂંટણીમાં જોવા મળી શકે છે. આ ઉપરાંત મધ્યપ્રદેશ, છત્તિસગઢ અને રાજસ્થાનમાં આ વર્ષે વિધાનસભાની ચૂંટણી પણ યોજાનાર છે. આ ચૂંટણીની સાથે સાથે વર્ષ ૨૦૧૯માં સામાન્ય ચૂંટણી પણ યોજાનાર છે. હાલના વર્ષોમાં કેટલીક વખત ખેડુતો આંદોલન પણ કરી ચુક્યા છે. જો સરકાર ગ્રામીણ સેક્ટરમાં સબ્સિડી પર ધ્યાન આપે છે તો આ બાબતની શક્યતા છે કે કૃષિ પર બજેટમાં ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ખેડુત સમુદાયની હાલના વર્ષોમાં અવગણના થઇ રહી હોવાના હેવાલ અનેક વખત મળી ચુક્યા છે.

વર્ષ ૧૯૬૦ના મધ્ય સુધી બજેટ ભાષણમાં મુખ્ય રીતે કૃષિ પર ધ્યાન આપવામાં આવતુ હતુ. એ બાબત એ વખતે શક્ય ની હતી જ્યારે લાલ બહાદુર શાસ્ત્રી દેશના વડાપ્રધાન બન્યા હતા. લાલ બહાદુર શાસ્ત્રીએ વર્ષ ૧૯૬૫માં જય જવાન જય કિસાનનો નારો આપ્યો હતો. ત્યારબાદથી આ સદીની શરૂઆત સુધી કૃષિ તરફ બજેટમાં કોઇ વધારે ધ્યાન આપવામાં આવ્યુ નથી. આજ કારણસર દેશમાં ખેડુતોની હાલત ખરાબ થતી રહી છે. ખેડુતોની આત્મહત્યા પણ દેશમાં જોવા મળી રહી છે. કેટલાક રાજયોમાં તો ખેડુતોની આત્મહત્યાનો આંકડો સેંકડોમાં પણ પણ પહોંચી ગયો છે. બજેટમાં અગ્રીકલ્ચરના બદલે ગ્રામીણ સેક્ટર જેવા શબ્દનો ઉપયોગ વધારે થાય છે.

પાલનપુરના શ્રીરામ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આ સિવાય ગાયત્રી શક્તિપીઠ પાલનપુરના પ્રમુખ ગીરીશભાઈ પટેલ, મનોજ પટેલ સહીત ૨૫થી વધુ પરિજનો જિલ્લામાંથી નાગપુર પહોંચ્યા હતા. ઉલ્લખનીય છે કે આ ઉપવનનું ઉદ્ઘાટન પણ પાલનપુર ખાતે બે વર્ષ પૂર્વ ડો.ચિન્મય પંડ્યાજીના હસ્તે પાલનપુર ની ગાયત્રી શક્તિપીઠ ખાતે કરેલ હતું. આ ઉપરાંત સુરતના દિનેશ પટેલને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. તેઓ દ્વારા યુવનોમાં વિચાર ક્રાંતિ માટે એક વેબસાઈટ બનવવામાં આવી છે. આમ ગુજરાતને બે સનમાન મળ્યા છે. આ સમારોહના અંતિમ સત્રમાં ભારતના કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી વિશેસ ઉપસ્થિત રહા હતા.

વડગામ તાલુકામાં...

પાના નં .૮ ચાલુ

ખુલ્લેઆમ ધજાગરા ઉડી રહ્યાં છે. વડગામ વિસ્તારમાં દેશી દારૂ ગાળવાની પ્રવૃતિને પ્રોત્સાહન આપનાર આવા વેપારી સામે કડક પગલાં ભરી તેના તમામ ગોડાઉન, વખારોમાં તપાસ હાથ ધરવી જોઈએ. તેવી તાલુકાની જનતાએ ઉગ્ર માંગ કરી છે.

પાલનપુરમાં કરોડોના...

પાના નં .૮ ચાલુ

વિભાગીય નિયામકની કચેરી પણ ખાલી કરી યંત્રાલયમાં ખસેડવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, વર્તમાન સયમે એસ. ટી. કોલોનીમાં આવેલા ૧૫૦ કવાર્ટસ તોડી પાડી ત્યાં રૂપિયા ૧૧૩.૬૨ કરોડના ખર્ચે બસ પોર્ટનું નિર્માણ કરવામાં આવનાર છે. આઇકોનિક બસપોર્ટમાં આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવાવવામાં આવનારી છે.

ડીસામાં ક્રિકેટ...

પાના નં .૮ ચાલુ

પટેલ (રહે. ગ્રીનસિટી સોસાયટી, શુભમ પાર્ટી પ્લોટ પાસે, ડીસા), વિનોદ દેવચંદભાઈ સોની (રહે. એન.આર. પાર્ક, ડીસા), અશોક ભવરલાલ પ્રજાપતિ (રહે. અમૃત નગર સોસાયટી, ડીસા), ભાવેશ રમેશભાઈ પંચાલ (રહે વિશ્વકર્મા સોસાયટી, રેલવે સ્ટેશન પાસે, ડીસા) ની અટકાયત કરી હતી.

પાલનપુર રેલવે...

પાના નં .૮ ચાલુ

જતાં સ્થળ ઉપર જ કરૂણ મોત નિપજ્યું હતુ. આ અંગેની જાણ થતાં તેના પરિવારજનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. આ અંગે પાલનપુર રેલવે પોલીસે અકસ્માતે મોતનો ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

થરાદના ભુરીયા...

પાના નં .૮ ચાલુ

કરતા પતિ પાસે જતી રહેતાં આ નરાધમોએ ત્યાં પણ પીછો ન છોડતાં ગત ૧૬ નવેમ્બરના રોજ વિરાભાઇ વોહતાભાઇ પટેલ રહે કમાલી તા.થરાદ સાથે સુરત આવી ત્રણેય જણાએ તેણીને બળજબરીથી બહાર બોલાવી છરીની અણીએ ગાડીમાં નાંખી ઉઠાવીને અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં વિરાભાઇના રૂમ પર લઇ ગયા હતા.

જ્યાં બંને હવસખોરો એ વારાફરતી તેણીની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચરવા આવતા હતા.જોકે ૦૪ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ તેણીની ચોકી કરતા વિરાભાઇની નજર ચૂકવી પોતાના ભાઇને ફોન કરી દેતા પ્રકરણનો ભાંડો ફુટવાના ભયથી તેણીને ધમકાવીને તેણી પોતાની મરજીથી જતી રહી હતી અને હવે પરિવાર લેવા આવે છે તેમ કહેવાનું શિખવાડી સવારે તેણીને નજીકના પોલીસ સ્ટેશનમાં લઈ આવ્યા હતા. ત્યાંથી ઘેર આવ્યા બાદ ભારે માનસિક તણાવમાં રહેવાના કારણે આખરે અજાણ પરિવાર તેની પાસેથી ઉપરોક્ત હકીકત જાણી ગયાં હતાં.જોકે બંને લંપટો સામાજીક સગા થતા હોવાના કારણે સમાજમાં બદનામીના બીકથી ફરીયાદના બદલે ઠપકો આપવાનું મુનાસીબ સમજતાં બંન્ને હવસખોરો લાજવાના બદલે સામા થઇ ઉલટાના ખોટા-કેસમાં ફસાવી મારી નાખવાની ધમકી આપતાં પરિવારની હિંમતથી રવિવારની રાત્રે થરાદ પોલીસમથકમાં તેણીએ ત્રણેય સામે ફરીયાદ નોંધવી હતી.

દાંતીવાડાના વાઘરોલ...

પાના નં .૮ ચાલુ

રમાડે છે જે હકીકત વાળી જગ્યાએ રેઇડ કરતા નીચેના ઈસમોને કૂલ રોકડ રકમ રૂ.૨૭૦૦ તથા મોબાઈલ નંગ-૦૩ જેની કિં.રૂ ૧૫૦૦ તથા વાહનો જેમાં મો.સા નંગ-૦૩ કિં.રૂ.૯૫,૦૦૦ એમ કિં.રૂ.૯૯,૨૦૦ ના મુદ્દામાલ સાથે રેઇડ દરમ્યાન ત્રણ ઈસમો પકડી પાડેલ છે તથા ત્રણ ઈસમો નાસી ગયેલ છે

પોલીસે પ્રવિણજી ચેનાજી ઠાકોર, દશરથજી ચેનાજી ઠાકોર, દિલીપજી હેમજી ઠાકોર રહે.વાઘરોલ તા દાંતીવાડા તેમજ નાસી ગયેલ ઇસમોમાં દિનેશજી ભગાજી ઠાકોર, જેણાજી જગશીજી ઠાકોર, ભીખાજી બાબુજી ઠાકોર તમામ રહે. વાઘરોલ. આ ઉપરોક્ત તમામ ઈસમો વિરૂધ્ધ દાંતીવાડા પો.સ્ટે. જુ.ધા.કલમ ૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

થરાદની શિવશક્તિ...

પાના નં .૮ ચાલુ

તારકભાઈને જાણ કરી હતી.આ અંગે પોલીસને જાણ કરતાં ઇન્ચાર્જ પીએસઆઇ બી.આર.પટેલ તથા પી.એસ.આઇ ડી એન શર્મા સ્ટાફ સાથે દોડી આવ્યા હતા તેમણે ઘટનાની ઝીણવટભરી તપાસ કરી વધુ તપાસ માટે ફિંગરપ્રિન્ટ એક્સપર્ટ તથા ડોગસ્કવૉડની મદદ માગી હતી માંડી સાંજે ડૉગ પણ આવી પહોંચ્યો હતો જે પગલાંના સ્મેલના આધારે લખાપીર હોટલ પાસેના હાઈવે તથા બાજુની કૌશલ્યા સોસાયટીના ખુણા સુધી જઈ આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે હજૂ તો સપ્તાહ પહેલાં જ નગરની શ્રીજીનગર અને પ્રગતિ નગર સોસાયટીમાં રહેતા બે ભાઈઓના બંધ મકાનોને નિશાન બનાવી તેમાંથી અંદાજિત એક લાખ રૂપિયાની ચોરીની ઘટનાની શાહી હજી સુકાઈ નથી ત્યાં ફરીથી તસ્કરોએ પોલીસને પડકારતા નગરની સોસાયટીઓમાં ભય સાથે ફફડાટની માહોલ ફેલાવા પામ્યો હતો.જોકે ઈન્ચાર્જ પીએસઆઈ બી.આર.પટેલે શનિ-રવિની રજાઓમાં વતન જતા સરકારી કર્મચારીઓ તથા અન્ય રહીશોને પણ થરાદ પોલીસમથકમાં જાણ કરવાની વિનંતી કરી હતી.

સ્થાનિક બજાર ભાવ

ચોકસી બજાર(કીલોના)
ચાંદી ચોરસા ૩૯૬૦૦
રૂપુ કાચું ૩૯૬૦૦
સોનુ તોલો ૩૦૭૦૦-૩૧૦૦૦
તેલ બજાર
રાધે પામોલીન ૧૦૩૦
પામોલીન ૬૩૦
સોયા રીફાઈન ૧૩૫૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૭૦
સીંગતેલ૧૫ કી. ૧૬૦૦
સીંગતેલ ૧૫ લી.૧૫૧૦
સીગતેલ ૫ લી. ૫૦૦
તિરૂપતી કપા. ૧૨૬૦
૫ લીટર ૪૦૫
વનસ્પતિ ઘી ૧૦૬૦-૧૧૮૦
કોપરેલ ૧૫ કિલો ૩૨૦૦
૫ કે. કોપરેલ૧૧૨૦
૫લી. અંકુર સીંગતેલ ૫૦૫
૧૫ લીટર સનફલાય ૧૨૪૦
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૦૦
૫ લી. ૫૨૦
૨ લી. ૧૯૮
ચોખા-દાળ બજાર
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
ખાંડ બજાર
(બોરીના ભાવ)
ખાંડ એસ. ૩૪૦૦-૩૫૦૦
ખાંડ એમ. ૩૫૦૦
ખાંડએલ. ૩૭૦૦
ચા-બજાર
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
આખા મરચાં-હળદર
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
ગોળ બજાર
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
ખોળ બજાર ૯૫૦-૧૦૦૦
દાણ ૭૦ કી.ગ્રા.૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
પરચુરણ
સોજી ૭૦૦
મેંદો ૬૮૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
શાકભાજી(૨૦ કિલોના ભાવ)
દુધી ૧૨૦-૧૬૦
સુકી ડુંગળી ૫૦૦
લસણ ૩૦૦-૫૦૦
ધાણા ૨૦૦-૨૪૦
મરચાં ૫૦૦-૬૦૦
લીબુ ૩૦૦-૫૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૨૪૦-૩૦૦
ટામેટા ૧૦૦-૧૪૦
ભીંડા ૮૦૦-૯૦૦
કોબી ૧૮૦-૨૪૦
વટાણા ૪૦૦-૫૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૧૦૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૮૦
તુવેર ૬૦૦-૭૦૦

ધાનેરામાં ધમધમતો વરલી-મટકાનો જુગાર

(પ્રતિ.) ધાનેરા

ધાનેરા નગર પાલિકા વિસ્તારમાં છેલ્લા એકાદ માસથી વરલી-મટકાનો જુગાર જાહેરમાં રમાવા લાગ્યો છે જેમાં યુવાનો અને ગરીબ શ્રમજીવી ઘરો બરબાદ થાય છે.

જેમાં મેલડી માતાના મંદિર, સુવાવડ ખાના બાજુ, જૂના બસ સ્ટેન્ડ વિસ્તાર, નેનાવા રોડ ઉપર ભગવતી વીડીયોની ગલીમાં નવા બસ સ્ટેન્ડની આજુબાજુમાં વરલી-મટકાનો જુગાર રમાઈ રહ્યો છે પોલીસ તંત્ર કડક કાર્યવાહી કરી બંધ કરાવે તે જરૂરી છે જેથી અભણ લોકો ઘરની ઘરવખરી વેચીને પણ જુગાર રમે છે તે અટકે અને તેમના બાળકોના આશિર્વાદ મળે પરંતુ પોલીસ જુગારના સરકારી ચોપડે બે-ત્રણ કેસ નિર્દોષ લોકોના ઉપર કરી સબ સલામતના નારા પોકારે છે તેવા આક્ષેપો થાય છે. ત્યારે પોલીસ આ મુદ્દે તટસ્થ તપાસ કરી. જુગાર રમાડતા મોટા માથાઓને પકડી કડક કાર્યવાહી કરે તેવો જનમત છે.

રાજ્ય કક્ષાના વિજ્ઞાન- ગણિત અને પર્યાવરણ પ્રદર્શનમાં સોલંકીવાસ (જેનાલ) પ્રાથમિક શાળાએ ભાગ લીધો

પ્રતિનિધિ જેનાલ

ડીસા તાલુકાની વરનોડા સી.આર.સી.ની સોલંકીવાસ (જેનાલ) પ્રાથમિક શાળાએ શિક્ષણ વિભાગ ગુજરાત રાજ્ય, જીસીઈઆરટી- ગાંધીનગર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન- પાલનપુર તથા વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર સંચાલિત શ્રી વિવિધલક્ષી વિદ્યામંદિર અને શ્રી કે.એમ.ચોક્સી હાયર સેકન્ડરી સ્કુલ આયોજિત ગુજરાત રાજ્યના ૪૫ માં વિજ્ઞાન, ગણિત, પર્યાવરણ પ્રદર્શન ૨૦૧૭-૧૮ માં પાંચમા વિભાગમાં ઈકો ફ્રેન્ડલી સ્કુલની બેસ્ટ એક્ટીવીટીનું પ્રદર્શન રજુ કરી

રાજ્ય કક્ષાના વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શનમાં ભાગ લીધો હતો.

પ્રદર્શનમાં ભાગ લેવાની સાથે પ્રદર્શન સંકલન કામગીરીમાં સોલંકીવાસ (જેનાલ) પ્રાથમિક શાળાના આચાર્ય અશ્વિનસિંહ સોલંકીએ પાંચ દિવસ હાજરી આપી હતી.

ડીસા કોલેજમાં વ્યાખ્યાન યોજાયું

ડીસા

ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની રીસર્ચ કમિટી દ્વારા આયોજિત સંશોધનલક્ષી વ્યાખ્યાન એચ.એન.જી. યુનિવર્સિટીમાં મેનેજમેન્ટ ફેકલ્ટીના ડીન ડૉ.નિશિથભાઈ ભટ્ટે આપ્યું હતું. તેમના વકતૃત્વનો વિષય હતો-'રીસર્ચ મેથડોલોજી ઈન કોમર્સ' કોમર્સના વિદ્યાર્થીઓએ તેમનું આ ખૂબ જ રસપ્રદ તેમજ માહિતી પ્રધાન વ્યાખ્યાન માણ્યુ હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન રીસર્ચ કમિટીના કન્વીનર પ્રા.ડૉ.સંકેતભાઈ પારેખે કર્યું હતું. આચાર્ય ડૉ. અમૃતભાઈ પટેલે શાબ્દિક આવકાર આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ભાવનાબેન ખત્રીએ કર્યું હતું.

આભારવિધિ કોમર્સ ફેકલ્ટીના ડીન પ્રા.કીર્તિભાઈ પટેલે કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રા.તેજસભાઈ આઝાદ અને પ્રા. દિવ્યાબેન પિલ્લાઈ મહત્ત્વની કડીરૂપ બન્યા હતા.

વડગામ તેમજ વિશ્વકર્મા સમાજનું ગૌરવ

તા પ્રતિ. વડગામ

વડગામ મેવાડા સમાજના યુવાકાર્યકર આશિષ પ્રવિણભાઈ મેવાડાને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ના પ્રદેશ કારોબારી સદસ્ય તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે, નવનિયુક્ત એબીવીપી પ્રદેશ કારોબારી સદસ્ય આશિષ મેવાડાએ છેલ્લા કેટલાક સમયથી વિદ્યાર્થીઓની વિવિધ સમસ્યાઓ, માંગણીઓ પ્રત્યે સરકારમાં રજુઆતો કરી સક્રિયકાર્ય કર્યું હતું. જેથી તેઓને પ્રદેશના યુવાનેતા તરીકે સ્થાન મળ્યું છે. આશિષ મેવાડાની એબીવીપી માં પ્રદેશમાં સ્થાન મળતાં વડગામ ગામ, ઈતર સમાજ અને વિશ્વકર્મા સમાજનું ગૌરવ વધાર્યું છે.

મીઠી પાલડીમાં પલ્સ પોલિયો નાબૂદી અભિયાન

નવિન દોશી

પ્રતિ. મીઠીપાલડી

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સમગ્ર ગુજરાતમાં પલ્સ પોલિયો નાબુદી અભિયાન અંતર્ગત તા.૨૮-૧-૧૮ ના રોજ મીઠીપાલડીમાં પોલિયો બુથનું ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતુ. જેમાં તાલુકા ડેલીગેટ ઉત્તમસિંહ.બી વાઘેલા, મીઠી પાલડી સરપંચ મોદી રમેશભાઈ, મેડીકલ ઓફિસર એમ.પી. પરમાર, મલ્ટી પર્પર હેલ્થ વર્કર કે.ડી.પટેલ તેમજ બુથ કર્મચારીઓ અને ગામ લોકો હાજર રહ્યા હતા.

ઈનરવ્હીલ કલબ દ્વારા પોલિયો રસીકરણ કેમ્પ યોજાયો

સંજય જોષી

પાલનપુર

દો બુંદ જીંદગી કે પોલિયો રસીકરણ અભિયાન ૨૮મી જાન્યુઆરીએ યોજાયું હતું. જેમાં પાલનપુરની ઈનરવ્હીલ કલબ પણ સહભાગી બની હતી. પાલનપુરમાં આજે ઠેરઠેર પોલિયો રસીકરણ કેમ્પ યોજવામાં આવ્યા હતા. સરકારના આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટમાં પાલનપુરની ઈનરવ્હીલ કલબ પણ જોતરાઈ હતી. પાલનપુરના સેવાભાવી સામાજિક કાર્યકર અને ઈનરવ્હીલ કલબ, પાલનપુરના પ્રમુખ નીલુબેન શાહની આગેવાની હેઠળ પાલનપુરમાં પોલિયો રસીકરણ કેમ્પ યોજી નાના બાળકોને દો બુંદ જિંદગી કે એવા પોલિયોની રસી પીવડાવી પોલિયો નાબુદી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં બાળકો શક્તિવર્ધક ગોળીઓ અને બિસ્કીટનું વિતરણ કરાયું હતું. આ કેમ્પમાં ઈનરવ્હીલ કલબના પ્રમુખ નીલુ શાહ સહિતના હોદ્દેદારોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

મેઘરજમાં એકલા પડેલા પિતા-પુત્રીએ સાથે ઝેર પી મોત વ્હાલુ કર્યું

(જી.એન.એસ) મેઘરજ

મેઘરજ નજીક આવેલા સિસોદરા ગામે પિતા-પુત્રીએ સાથે ઝેર પી લઈ જિંદગીનો અંત આણતા અરેરાટી ફેલાઈ છે. મેઘરજ તાલુકાના સિસોદરા ગામે રહેતા ૯૦ વર્ષીય રામાભાઈ ભેમાભાઈ ખાંટ અને તેમની ૧૫ વર્ષની પુત્રી પિક્રીએ મોડીરાત્રે પોતાના ઘરમાં જ ઝેરી દવા પી લેતા ઝેરની ગંભીર અસર થવાથી બંનેના ગણ્રત્રીની મિનિટમાં જ મોત થયા હતા.

વહેલી સવારે રામાભાઈના ભાઈ તેમને ચા આપવા આવ્યા ત્યારે બંનેના મૃતદેહ રૂમમાં પડેલા જોયા હતા.આત્મહત્યા કરનારા પિતા-પુત્રી છેલ્લા કેટલાક વખતથી ઘરમાં એકલા જ રહેતા હતા. રામાભાઈની પત્નીનું વર્ષો પહેલાં મૃત્યુ થયું હતું જ્યારે તેના પુત્રનું બે વર્ષ અગાઉ ઝેરી જન્યાવર કરડતા મોત થયું હતું.

બંને પિતા-પુત્રી જીવનમાં એકલા અટુલા પડી ગયા હોવાથી તેમનું જમવાનું અને ચા-પાણીની વ્યવસ્થા કુટુંબીજનો કરતાં હતાં. આમ એકલવાયા જીવનથી કંટાળેલા રામાભાઈએ પુત્રી સાથે જીવનલીલા સંકેલી લીધી હતી.

પાટણના કિમ્બુવામાં પ્રાથમિક શાળાને વાલીઓ દ્વારા તાળાબંધી

(હિં.સ.) પાટણ

પાટણની કિમ્બુવામાં પ્રાથમિક શાળાને વાલીઓ દ્વારા તાળાબંધી કરાઈ હતી. આ શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતા બે શિક્ષકો ફાજલ પડયા હતાં જેમને અન્યત્ર ખસેડવામાં આવતા વાલીમાં રોષ ફાટી નીકળ્યો હતો અને શાળાની તાળાબંધી કરી દેવામાં આવી હતી.

વાલીઓનું કહેવું છે કે ગ્રામ્ય વિસ્તારની સ રકારી અનુદાનીત શાળાઓમાં બાળકોની સંખ્યા ઘટી રહી છે સરકાર શિક્ષણનું ખાનગીકરણ કરી ર હેવા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. ત્યારે શાળામાં બાળકોની સંખ્યા વધે તે માટે પ્રયાસો કરવાના બદલે શિક્ષકોને અન્યત્ર ખસેડવામાં આવે છે જેના કારણે ભવિષ્યમાં અહીં જરૂર પડેય શલિક્ષકોની સંખ્યા હસે ઉપરાંત શિક્ષકો ઘટી જવાથી તેની ગંભીર અસર બાળકોના પાયાના શિક્ષણ ઉપર પડવાની ભીતિ લાવીઓ દ્વારા વ્યકત કરવામાં આવી છે.

બામરોલી પ્રા.શાળામાં પ્રજાસત્તાક દિનની ઉજવણી

બામરોલી પ્રા.શાળાના શિક્ષક ભાવેશભાઈ પ્રજાપતિને બીએલઓ તરીકે શ્રેષ્ઠ કામગીરી કરેલ હોવાથી પાટણ જિલ્લામાં પ્રથમ નંબર અને ગુજરાત રાજયમાં ત્રીજો નંબર મેળવતાં રાજયપાલશ્રી ઓ.પી. કોહલીના વરદ હસ્તે ઈનામ આપવામાં આવ્યું. જેમાં ૪,૦૦૦/- રૂા. નો ચેક તેમજ સર્ટીફિકેટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા તેમની આ શ્રેષ્ઠ કામગીરીને બાકરોલી ગામના ગ્રામજનો તથા એસ ડી આચાર્ય પ્રા. શાળાના આચાર્ય દેવીસિંહ પરમાર તથા સમગ્ર શૈક્ષણિક આલમે બિરદાવેલ છે તથા તેઓ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામનાઓ પાઠવેલ.

વિવિધ બજાર ભાવ

ઈસબગુલ		જીરુ	૨૫૦૦-૩૫૨૦
રાયડો	૧૬૦-૧૯૫	અજમો	૧૨૦૦-૧૯૦૦
એરંડા	૮૦૨-૮૧૩	ગવાર	૮૧૨-૮૬૬
ઘઉં	૩૫૮	તલ	૧૨૫૦-૧૩૨૦
બાજરી	૨૪૦-૨૯૫	મગ	૭૫૩-૮૯૧
મગફળી	૧૮૫-૭૨૫	મઠ	૫૫૦-૬૦૦
રાજગરો	૭૪૫-૭૭૫	ઈસબગુલ	૧૭૦૦-૧૯૩૦
ગવાર	૮૨૦-૮૭૭	**રાહ**	
કપાસ	૯૨૦-૯૮૧	રાયડો	૧૯૦-૭૦૧
પાલનપુર		એરંડા	૭૯૦-૮૦૧
રાયડો	૫૫૧-૧૧૪	રજકાબાજરી	૩૮૦-૪૦૧
એરંડા	૭૯૦-૮૧૩	ચિકુડી	૯૦૦-૯૫૧
મગફળી	૧૩૦-૭૫૨	**થરા**	
ઘઉં	૩૩૧-૩૫૮	જીરૂ	૩૨૫૦૦-૩૫૮૦
બાજરી	૨૩૧-૨૪૨	એરંડા	૮૧૦-૮૨૦
રાજગરો	૭૪૦-૮૨૯	રાયડો	૧૭૩-૧૮૩
ભીલડી		ગવાર	૮૨૦-૮૪૫
એરંડા	૮૦૧-૮૨૦	ઘઉં	૩૧૫-૩૧૫
રાયડો	૧૨૧-૧૮૩	બાજરી	૨૨૫-૨૪૩
રાજગરો	૭૦૧	અડદ	૧૭૫-૭૦૫
બાજરી	૨૪૫-૨૫૪	**સિદ્ધપુર**	
ઘઉં	૩૨૫	ઘઉં	૩૨૫-૩૭૫
ગવાર	૮૪૦-૮૮૦	બાજરી	૨૦૦-૨૧૦
તલ	૧૩૦૦-૧૪૧૧	જુવાર	૫૮૯-૮૨૫
અડદ	૧૪૫	એરંડા	૭૭૫-૮૨૦
કપાસ	૮૫૦-૯૮૦	અડદ	૭૫૫-૮૨૫
મગફળી	૫૦૦-૭૦૧	રાયડો	૫૯૩-૭૦૦
કપાસ	૮૮૦-૧૦૦૩	ગવાર	૭૫૧-૮૭૧
ધાનેરા		કપાસ	૯૦૦-૧૦૩૮
એરંડા	૮૦૦-૮૧૮	**પાટણ**	
રાયડો	૧૫૦-૭૦૪	જીરૂ	૩૧૦૦-૩૫૦૦
ઈસ.	૧૮૩૧	વરી.	૧૦૫૦-૧૩૫૦
તલ	૧૪૦૦-૧૫૫૦	મેથી	૪૭૦-૫૭૮
સુવા	૯૨૧-૯૧૦	સુવા	૯૧૦-૯૭૦
રાજગરો	૭૬૦	રાયડો	૧૩૦-૭૧૧
અન્ય	૯૫૦	એરંડા	૭૬૦-૮૨૮
બાજરી	૨૪૩-૨૭૪	અજમો	૫૦૦-૧૧૫૦
ઘઉં	૩૨૫	તલ	૧૩૫૧-૧૩૬૧
ગવાર	૮૨૦-૮૧૭	ઘઉં	૩૨૫-૩૭૧
મગફળી	૫૦૦-૭૦૧	બાજરી	૨૦૫-૨૪૩
કપાસ	૮૮૦-૧૦૦૩	બંટી	૩૩૧-૩૬૪
રાજગરો	૭૬૦	અડદ	૧૫૦-૮૧૪
થરાદ		ગવાર	૮૦૦-૮૭૫
રાયડો	૧૮૦-૭૩૦	કપાસ	૯૫૦-૧૦૩૯
એરંડા	૭૮૦-૮૧૯		

યાત્રાધામ બહુચરાજીમાં ટ્રાફિકની સમસ્યા અને પાકા દબાણોથી જનતા ત્રાહીમામ

ચાણસ્મા

યાત્રાધામ બહુચરાજી મોટુ વેપારી મથક છે અહિં આજુબાજુના ૧૦૦ કરતાં પણ વધારે ગામોના લોકો ખરીદી માટે આવે છે. મા બહુચરના ધામે રોજ-બરોજ દર્શનાર્થિઓની ભીડ રહે છે પરંતુ બજારમાં કે બસ સ્ટેન્ડ જેવા મહત્વના સ્થળોએ ટ્રાફિક સમસ્યાના ઠેર ઠેર દ્રશ્યો સર્જાય છે જો કે આ પ્રશ્ન ને હલ કરવા સ્થાનિક ગ્રા.પંચાયત તેમજ પોલીસની કામગીરી નિષ્ફળ પુરવાર થઈ રહી છે. માથાના દુખાવા રૂપ આ પ્રશ્નને હલ કરવા પંચાયતના વહિવટ કર્તાઓ સફળ કામગીરી કરવાને બદલે મુખ્ય બજારમાં ઝોડેપ્ટ લારી ગલ્લા ઉભા કરનાર માલિકો પાસેથી લોક ફાળો ઉઘરાવી પરોક્ષ રીતે દબાણ દારોને છાવરતાં લોકોમાં પંચાયતની કામગીરી સામે શંકા સેવાઈ રહી છે.

બહુચરાજીના હાર્ટ સમાન ઉપરની બજાર રેલ્વે સ્ટેશન, ત્રણ રસ્તા, બસ સ્ટેન્ડ ઉમિયાવાડી રોડ નીચેની બજાર સહિતના વિસ્તારોમાં ઠેર-ઠેર લારી ગલ્લા સહિત પાકા દબાણનો રાફડો ફાટી નિકળ્યો છે પરીણામે વારંવાર ટ્રાફિક કંધ થઈ જાય છે. અગાઉ આ સમસ્યાના હલ માટે સ્થાનિક પોલીસ અને વેપારી મંડળ દ્વારા નિર્ણય કરી કાચાં દબાણો દૂર કરવામાં આવ્યાં હતાં આ નિર્ણયનું એક જ અઠવાડીયામાં બાળ મરણ થઈ ગયું હતું. લારી ગલ્લાના માલિકો પાસેથી કાયમી વેપારીઓ પોતાની જગ્યામાં વેપાર કરવાની છુટ આપી ભાડુ ઉઘરાવે છે જ્યારે બીજી બાજુ ગ્રા.પં. ના હાલના સત્તાધિશો દબાણ હટાવવાના બદલે લારી ગલ્લાવાળા પાસેથી રૂા.૫૦૦/- પાવતી આપી લોકાળો ઉઘરાવતાં દબાણનો પ્રશ્ન વધુ પેચીદો બન્યો છે ખુદ ગ્રા.પં. દબાણ દારોને પરોક્ષ રીતે મદદ કરી રહી છે.

ગત તા.૨૨/૧/૧૮ ના રોજ ગ્રા.પંચાયત સરપંચ તલાટી અને વસુલાત કારકુન બધા સાથેમળીને હંગામી દબાણવાળા આશરે ૫૦ જેટલા વેપરીઓ પાસેથી રૂા.૫૦૦/- લેખે લોકફાળો ઉઘરાવ્યો હોવાની હકીકત પ્રકાશમાં આવી છે.

દબાણ દૂર કરવાનાં જવાબદારી સ્થાનિક ગ્રા.પંચાયતની હોવા છતાં અહી ખુદ ગ્રા.પંચાયતના ઈશારે દબાણ કરવાની છુટ આપી હોય તેવો મત સ્થાનિક લોકો કરી રહ્યા છે. ભવિષ્યમાં બહુચરાજીના ગેર કાયદે દબાણનો પ્રશ્ન વધુને વધુ જટીલ બને તો નવાઈ નહી !!

યાત્રાધામ બહુચરાજીમાં બાવન ગજની ધજા ચઢાવાઈ

ચાણસ્મા

ગુજરાતના સુપ્રસિધ્ધ યાત્રાધામ બહુચરાજીમાં મા બહુચરનું સ્થાનક આવેલું છે. અહિ માના દર્શને યાત્રાળુઓ પગ પાળા સંઘ સાથે બાધા-માનતા પુરી કરવા રોજ બરોજ માના ધામમાં ઉમટી પડે છે. દર માસની પૂનમે ગુજરાત ભરમાંથી મોટી સંખ્યામાં ભક્તો સ્થાનકે પધારી માના દર્શન કરી ધન્યતા અનુભવે છે.બેચર-બહુચરાજી ઠાકોર સમાજ દ્વારા દર વર્ષે મહાસુદ-૧૧ ના દિવસે મા બહુચરને બાવન ગજની ધજા ચઢાવવામાં આવે છે જે પરંપરાગત ગતરોજ સવારે બેચર ગામથી સમસ્ત ઠાકોર સમાજ દ્વારા વાજતે-ગાજતે ધજા લઈ ભક્ત સમુદાય માના ધામે પહોંચ્યો હતો. આ સમયે "બોલ માડી બહુચર જય જય બહુચર.." ના ઘોષનાદથી વાતાવરણ ગુજી ઉઠ્યું હતું આ સંઘમાં બહુચરાજી ના નવોદિત ધારાસભ્ય, બહુચરાજી માજી સરપંચ દિવાનસંગ ઠાકોર સહિત મોટી સંખ્યામાં ઠાકોર સમાજના લોકો જોડાયા હતા. મંદિર પરીસરમાં પહોંચી ધારાસભ્યના હસ્તે મા બહુચર ને ભાવન ગજની ધજા ચઢાવવામાં આવી હતી. આ પ્રસંગે બહુચરાજી નગર સહિત આજુબાજુના ગામોથી ભક્તોનું ઘોડાપુર ઉમટી પડ્યું હતું.

મુજપુર ખાતે વાસ્મો અંતર્ગત વોટર વર્કસ-ઓવરહેડ ટાંકીનું ભૂમિપૂજન

પાટણ

દંતાલીના સ્વામીશ્રી સચ્ચિદાનંદજી મહારાજે પાટણ જિલ્લાના શંખેશ્વર તાલુકાના મુજપુર ગામે રૂા.૫૮.૮૨ લાખનાખર્ચેતૈયાર થનાર વાસ્મો અંતર્ગત ઓવરહેડ ટાંકી, અન્ડર ગ્રાઉન્ડ સંમ્પ, પાણીની પાઈપલાઈન, પમ્પીંગ મશીનરી અને પંપરૂમ સહિત વીજળીકરણ અને પાણીના હવાદાની મહત્વાં-કાંક્ષી પાણી પુરવઠા યોજનાનું ભૂમિપુજન કર્યું હતું. આ પ્રસંગે શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોર આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

પૂ.સ્વામી સચ્ચિદાનંદજી મહારાજે પ્રેરક ઉદ્બોધનમાં પરસેવાની કમાઈ સેવા માટે વાપરવાની શીખ આપી હતી. આ પ્રસંગે મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું હતું કે, મુજપુર ગામે રૂા. ૬૦ લાખના વિનિયોગથી પાણી પુરવઠા યોજના કાર્યરત કરાનાર છે. જેનાથી ૮૭૧ પરિવારોની ૪,૨૫૫ ની જનસંખ્યા લાભાન્વીત થશે.

મુજપુર ગામના કાયાકલ્પ માટે સરકાર કાયમ માટે પ્રતિબદ્ધ છે. આયોજન મંડળની ગ્રાન્ટ થકી શંખેશ્વર તાલુકામાં વિકાસના કામો હાથ ધરાનાર છે તેમ મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું એન.આર.ડી. ડબલ્યું. પી.યોજના અંતર્ગત શરૂ કરાયેલ આ પ્રોજેક્ટમાં ૫૦ હજાર લિટરની ક્ષમતાવાળી ૧૫મીટર ઊંચી પાણીની ટાંકીનું નિર્માણ કરાશે. તેમજ ૨ લાખ લીટર ક્ષમતાવાળા સંમ્પનું નિર્માણ કરાશે. ૧૦,૫૮૬ મીટર પાઈપલાઈન બિછાવવામાં આવનાર છે. રૂ. ૭૧,૨૫રના ખર્ચે પંપ રૂમ અને રૂ. ૧.૫૦ લાખના ખર્ચે પંપીંગ મશીનરી કાર્યરત કરાનાર છે.

કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર રાજેશ રાજગુરૂ, વાસ્મોના ઈજનેરશ્રી સહિત સંતો, આચાર્યો, અગ્રણીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

રાધનપુરમાં રોટરી ક્લબ દ્વારા મેડિકલ કેમ્પ યોજાયો

કમલ ચકવર્તી

રાધનપુર

રાધનપુરમાં રોટરી ક્લબ દ્વારા ખુશ્રૂ હોસ્પિટલ ખાતે દરેક પ્રકારના કેન્સર તથા ગાળાના રોગો ઉપરાંત હૃદયરોગોનો ફ્રી નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો,જેમાં ૭૫ દર્દીઓએ લાભ લીધો હતો.હૃદયરોગના નિદાન માટે અમદાવાદની પ્રસિદ્ધ એચ. સી.જી.હોસ્પિટલના વિખ્યાત સર્જન ડો.ભૂપેશ શાહે તેમજ કેન્સરના દર્દીઓને ગાંધીધામની પ્રસિદ્ધ દેવ હોસ્પિટલના ડો. દેવેન્દ્ર ઠક્કરે તપાસીને નિદાન કર્યું હતું,

આ પ્રસંગે ડો.પ્રવીણ બી.ઓઝા, ડો. મુનીર અજમેરી, ડો. દિનેશભાઈ ઠક્કર, ડો.પરેશ દરજી, દિનેશભાઈ તેજસીભાઈ ઠક્કર, કોલેજના પ્રિન્સિપાલ સી.એમ. ઠક્કર,કાંતિભાઈ નાઈ સહીત અગ્રણીઓએ આ કેમ્પને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

રાધનપુર તાલુકાના કામલપુર ગામે આખા ગામનો જમણવાર

કમલ ચકવર્તી

રાધનપુર

રાધનપુર તાલુકાના કામલપુર ગામે ચેહરભાઈ રૂપાભાઈ ભરવાડના નવા મકાનના વાસ્તુ પ્રસંગે નવચંડી યજ્ઞ અને સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે આખા કામલપુર ગામના ગ્રામજનોનો જમણવાર રાખવામાં આવ્યો હતો.સમગ્ર પ્રસંગ ઉલ્લાસભેર ઉજવાયો હતો.

પાટણ જિલ્લામાં મતાદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણાનો કાર્યક્રમ હાથ ધરાશે

પાટણ

ભારતના ચૂંટણીપંચના નિર્દેશ અન્વયે પાટણ જિલ્લામાં તારીખ ૧-જાન્યુઆરી-૧૮ ની લાયકાતની તારીખના સંદર્ભે ૧૮ વર્ષ પુરા કરતા યુવા મતદારો માટે મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ હાથ ધરાનાર છે. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી જે.જે. પટેલે આ વિગતો આપતાં ઉમેર્યું હતું કે, મતાદારયાદી સુધારણા કાર્યક્રમ હેઠળ ફોટાવાળી મતદારયાદીના મુસદ્દાની પ્રસિધ્ધિ તા.૨૨/૦૧/૨૦૧૮ હક્ક દાવા અને વાંધા રજુ કરવાનો સમય તા. ૧૨/૦૨/૧૮ સુધી નિયોજિત સ્થળે હક્ક દાવા અને વાંધાઓ સ્વિકારવા માટે ખાસ ઝુંબેશની તારીખો તા.૨૮/૦૧/૧૮ અને ૦૪/૦૨/૧૮ અને ફોટાવાળી મતદાર યાદીની આખરી પ્રસિધ્ધિ તા.૧૨/૦૩/૧૮ સોમવારે પ્રસિધ્ધ કરવામાં આવશે. તા. ૦૪-ડેબ્રુઆરી-૧૮ રવિવારના રોજ ૭૬૮ લોકેશન અને ૧૧૯૪ બી.એલ.ઓ. કક્ષાએ મતદાર યાદી સુધારણા માટે ખાસ કેમ્પ કરવામાં આવશે. જે સવારે ૧૦-૦૦ થી સાંજે ૫-૦૦ કલાક સુધી થતી રહેશે. તેમ નાયબ જિલ્લા ચૂંટણી અધીકારીશ્રીએ મીડીયા મીટીંગમાં વધુમાં ઉમેર્યું હતું.

પાટણ ખાતે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરાઇ

પાટણ

૨૫ મી જાન્યુઆરી-૧૯૫૦ ના દિવસે ભારતના માનનીય ચૂંટણી પંચનું ગઠન કરાયું હતું. અને ૨૬-જાન્યુઆરી-૧૯૫૦ ના દિવસે ભારત પૂર્ણ પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યો હતો. આ પરંપરાના ભાગરૂપે દર વર્ષે ૨૫ જાન્યુઆરીએ દેશભરમાં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરાય છે. મતદાતા દેશનો ભાગ્ય નિર્ધારક હોઇ, તેનું સન્માન સર્વથા ઉચિત છે. તેમ પાટણના નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી જે.જે.પટેલએ તા. ૨૫ મી જાન્યુઆરીના રોજ પાટણની કે.કે.ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે યોજાયેલા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી પ્રસંગે જણાવ્યું હતું.જિલ્લા કક્ષાની ચિત્ર સ્પર્ધાના પ્રથમ વિજેતા વિદ્યાર્થી વિનોદ એ.દેસાઇ (ચવેલી), દ્વિજ એમ. રાજપૂત (ચેન્દુમણા) અને હેમલતા એન.નાયી (વાઘરોલ)ને અનુક્રમે રૂા.૨૫૦૦/-, રૂા.૧૫૦૦/- અને રૂા.૧૦૦૦/- નો ડેશ એવોર્ડ અને સન્માનપત્ર અપાયું હતું. નેશનલ ઇલેકશન ક્વીઝના વિજેતા વિદ્યાર્થી કાલાભાઇ આહિર, અસલમખાન ભટી અને મહંમદ મેમણને સન્માનપત્ર અપાયુ હતું. આ પ્રસંગે મતદાતાના શપથપત્રનું સામુહિક વાંચન કરાયું હતું.

સિધ્ધપુરના પ્રાંત ઓફિસર જસવંત જેંગોડા, નાયબ મામલતદાર સંજય દેસાઈઅને બી.એલ.ઓ. ભાવેશ ડી. પ્રજાપતિ ચૂંટણી કામગીરીમાં શ્રેષ્ઠ કામગીરી બદલ રાજ્ય કક્ષાએ પસંદગી પામ્યા છે. આ ઉપરાંત કાર્યક્રમ મદદનીશ મતદાર નોંધણી, અધિકારી નાયબ મામલતદાર, સેકટર ઓફિસર અને બી.એલ.ઓ.ને પણ શ્રેષ્ઠ કામગીરીના પ્રમાણપત્ર અપાયા હતા. કાર્યક્રમમાં કે.કે. ગર્લ્સ હાઇસ્કૂલની વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રાર્થના, સ્વાગત નૃત્ય અને એકસપરિમેન્ટલ હાઇસ્કૂલની બાળાઓ દ્વારા નૃત્ય રજુ કરાયું હતું.

કાર્યક્રમમાં ડી.ઇ.ઓ. કચેરીના દિનેશ પ્રજાપતિ, કે.કે.ગર્લ્સના ભલાભાઇ દેસાઇ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમનું સંચાલન ભરતભાઇ રાવલએને સંકલન જીગરભાઇ દરજી, મહેશભાઇ પટેલ, નાયબ મામલતદારે કર્યું હતું.

પાટણ તાલુકાના ત્રિમંદિર-બાલીસણા ખાતે શતાબ્દિ મહોત્સવ યોજાશે

પાટણ

પાટણ તાલુકાના બાલીસણા ખાતે સંતશ્રી અવિચળદાસ બાપુના સમાધિસ્થળ ત્રિમંદિર ખાતે શ્રી સદગુરુ પરિવારના ઉપકર્મે અવિચળદાસ બાપુનો શતાબ્દિ મહોત્સવ-૨૦૧૮ યોજાનાર છે. શ્રી સમરથ ગુરુજી મહારાજના ત્રિમંદિર આરૂઢ છે.

જેમાં સંત શ્રી અવિચળદાસ બાપુ, સંત શ્રી ત્રિકમદાસ બાપુ અને સંત શ્રી પાનદાસ બાપુની સમાધિ બિરાજમાન છે.મહા સુદી-પૂનમ તારીખ ૩૧/૦૧/૨૦૧૮ના રોજ શતાબ્દી મહોત્સવ મહા સુદી પૂનમે યોજાનાર છે. જેનો લાભ લેવા સતગુરૂ પરિવારે જણાવ્યું છે.

સિધ્ધપુર ખાતે ૬૯ મા ગણતંત્ર દિનની શાનદાર ઉજવણી

પાટણ

દેશના ૬૯ માગણતંત્ર દિનની પાટણજિલ્લાના સિદ્ધપુર ખાતે કરાયેલી જાજરમાન ઉજવણી પ્રસંગે પાટણ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ વિભાગના રાજયમંત્રીશ્રી વાસણભાઇ આહિરે દેશ દુલારા ત્રિરંગા રાષ્ટ્રધ્વજનેલહેરાવી સલામી આપી હતી. દેશની આઝાદી માટે ફનાગીરી લ્હોરનાર શહીદોને સ્મરણાંજલિ અર્પતાં મંત્રીશ્રીએ કહ્યું કે, વિશ્વની શિરમોર લોકશાહી રાજય વ્યવસ્થા તરીકે ભારતને વિશ્વ માન્યતા પરાવે છે.ભારત વર્ષની આઝાદીને હાંસલકરવા માટે શહીદોએ આપેલું બલિદાન સૌની વંદનાનું અધિકારી છે.

મંત્રીશ્રીના હસ્તે હાઈસ્કૂલના પરિષદ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું તેમજ મંત્રીશ્રીએ અત્રે યોજાયેલા રક્તદાન કેમ્પની મુલાકાત લઈ રક્તદાતાઓને બિરદાવ્યા હતા. આ ઉપરાંત મંત્રીશ્રીએ મામલતદાર કચેરી, પ્રાંત ઓફીસ કચેરી અને સિદ્ધપુરના બસ સ્ટેશનની મુલાકાત લઈ અત્રેની વહીવટી સવલતો અને પ્રજાલક્ષી સવલતોનું નિરીક્ષણ કર્યું હતું.

મંત્રીશ્રીએ ભારતના પ્રખ્યાત માતૃતર્પણ તીર્થ બિંદુ સરોવરની મુલાકાત લઈ પૂજા અર્ચના કરી હતી. અત્રેના મ્યુઝીયમને નિહાળ્યું હતું અને ભગવાન કપિલમુનીની મહાન વિરાસતની માહિતી મેળવી હતી. પ્રજાસત્તાક પર્વ નિમિત્તે બેસ્ટ નિવર્ચિન અધિકારી તરીકે પસંદ થયેલા સિદ્ધપુરના પ્રાંત ઓફિસરશ્રી જસવંત જેંગોડા, બેહરા-મૂંગા સ્કૂલ,પાટણના શિક્ષકશ્રી ગેમરભાઈ દેસાઈ સહિત રમતગમત તેમજઅન્ય ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરનારને મંત્રીશ્રીએ સન્માનપત્ર આપી બિરદાવ્યા હતા. મંત્રીશ્રીએ સિદ્ધપુર તાલુકા અને નગરના વિકાસ માટે રૂ. ૨૫ લાખનો ચેક તાલુકા વિકાસ અધિકારી અને ચીફ ઓફિસરને એનાયત કર્યો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેનાર બાળ કલાકારોને રૂ.૧.૨૧લાખના રોકડ ઈનામો મંત્રીશ્રીના હસ્તે એનાયત કરાયા હતા. કાર્યક્રમમાં સિદ્ધપુરના ધારાસભ્ય ચંદનજી ઠાકોર, જીઆઈડીસીના ચેરમેન બળવંતસિંહ રાજપૂત,ઠાકોર વિકાસ નિગમના ચેરમેન નંદાજી ઠાકોર, સંગઠનના મોહનભાઈ પટેલ,

ભરતભાઈ રાજગોર, નગરપાલિકાના પ્રમુખ અ જી ત ભ ા ઈ ત્રિવેદી,ગૌતમભાઈ દવે, મનિષ શેઠ, નિવાસી અધિક કલેક્ટર બી.જી. પ્રજાપતિ, નગર પાલિકાના સભ્યો, પદાધિકારીઓ, પ્રબુદ્ધ નાગરિકો, શિક્ષણવિદો, અધિકારીઓ -કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમનું સંચાલન રાજુભાઈ દેસાઈ અને હેતલબેન પટેલે કર્યું હતું.

રેલવે તંત્રની આડોડાઈ...

છાપીમાં નવું રેલ્વે સ્ટેશન કાર્યરત છતાં બુકીંગ જૂના સ્ટેશને કરાંતા મુસાફરો પરેશાન

વૃધ્ધ મુસાફરોને પાટા ઓળંગી ટ્રેનમાં બેસવા જતા અકસ્માતનો ભય

પ્રતિ. છાપી

વડગામ તાલુકાના વેપારી મથક છાપી ખાતે આવેલા રેલ્વે સ્ટેશન ઉપર છેલ્લાં કેટલાક સમયથી રેલ્વે સટેશનનું નવિનીકરણ સાથે ડબલ લાઈનનું કામ હાથ ધરવામાં આવ્યું છે. જો કે નવિન રેલ્વે સ્ટેશન પશ્ચિમ દિશામા કાર્યરત કરવા છતાં રેલ્વે બુકીંગ જૂના રેલ્વે સ્ટેશન ઉપર કરાતાં મુસાફરો ભારે યાતના ભોગવી રહ્યા છે.

વડગામ તાલુકાના છાપી રેલવે સ્ટેશન ઉપર તાલુકાના પચ્ચીસથી ત્રીસ જેટલા ગામના નાગરિકો છાપી રેલ્વે મથકનો પ્રવાસ માટે ઉપયોગ કરે છે. રેલ્વે સ્ટેશનનું નવિનીકરણ સહીત ડબલ લાઈનનું કામ છેલ્લાં કેટલાંક મહિનાઓથી કરવામાં આવી રહ્યું છે. જો કે રેલ્વે તંત્રની આડોડાઈ ના કારણે નવું સ્ટેશન કાર્યરત કરવા છતાં રેલ્વે બુકીંગ ઓફીસ જુના રેલ્વે સ્ટેશન ઉપરથી કરાતા વૃધ્ધ મુસાફરો સહીત પ્રવાસીઓને ટ્રેનમાં જવા માટે ટીકીટ જુના સ્ટેશન ઉપરથી લઈ ટ્રેનમાં બેસવા માટે નવા સ્ટેશન ઉપર પાટા ઓળંગીને જવું પડે છે. જેથી વૃધ્ધ પ્રવાસીઓને ભારે હાલાકી નો સામનો કરવો પડે છે. દરમ્યાન રેલ્વે તંત્ર તાત્કાલિક મુસાફરો ઉપર જવા માર્ગ બનાવવા સાથે નવિન રેલ્વે સ્ટેશન ઉપર ટીકીટ બુકીંગ શરૂ કરવા ઉગ્ર માંગ ઉઠી છે.

વડગામ તાલુકામાં રસકટ ગોળનો કાળો કારોબાર

દારૂબંધીના કાયદાના ખુલ્લેઆમ ઘજાગરા

તા.પ્રતિ. વડગામ

વડગામ તાલુકાના મેમદપુર, વણસોલ, સલેમ કોટ, મગરવાડા વગેરે ગામો સહિત તમામ વિસ્તારોમાં દેશી દારૂની ભઠ્ઠીઓ ઉપર વડગામનો એક ઈસમ વર્ષોથી રસકટ ગોળ પૂરો પાડવાનો ખુલ્લેઆમ વેપલો કરે છે અને ઉપર સુધી પહોંચ હોઈ તંત્રને પડકારે છે. રસકટ ગોળ, ફટકડી સ્થાનિક તાલુકા મથકેથી વિપુલ જથ્થામાં ઉપલબ્ધ થતી હોઈ છેલ્લા વીસ વર્ષમાં વડગામ વિસ્તાર દમણ જેવો બન્યો છે. દેશી દારૂના દાવાનળે કેટલાય ઘર બરબાદ કરી નાંખ્યા છે. નાની ઉંમરે યુવાધન મોતને ભેટે છે, દરેક ગામમાં દારૂથી હોજરી - લીવરના દર્દીઓનો ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. છતાં નશાબંધી અને પોલીસ વિભાગ દ્વારા આજ દિન સુધી દારૂ બનાવવાની સામગ્રી વેચનાર વેપારી સામે પગલા ભરાયાં નથી. તેથી સરકારના દારૂબંધીના કાયદાના

અનુસંધાન પાના નં.૬

પાલનપુરમાં કરોડોના ખર્ચે આઇકોનિક બસ પોર્ટ બનશે

એસટી સ્ટાફ ક્વાર્ટર્સ તોડવાની કામગીરી શરૂ

(સંજય જોષી)

પાલનપુર

ગુજરાત રાજ્ય માર્ગ અને વાહન વ્યવહાર નિગમ અને એમ. વી. ઓમ્ની પ્રોજેક્ટસ (ઇન્ડિયા) લી દ્વારા પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપના ધોરણે પાલનપુર ખાતે રૂપિયા ૧૧૩.૬૨ કરોડના ખર્ચે બસ પોર્ટનું નિર્માણ કરવામાં આવનાર છે. જેના પ્રારંભે સોમવારે હિટાચી મશીનો વડે જુના કવાર્ટસ તોડી પાડવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે.

પાલનપુરમાં વર્તમાન સમયની વિભાગીય કચેરી અને સ્ટાફ ક્વાર્ટર્સની જગ્યાએ ગુજરાત રાજ્ય માર્ગ અને વાહન વ્યવહાર નિગમ અને એમ. વી. ઓમ્ની પ્રોજેક્ટસ (ઇન્ડિયા) લી દ્વારા પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપના ધોરણે બસ સ્ટેન્ડનું નિર્માણ કરવામાં આવનાર છે. જેનું અગાઉ ખાતમુર્હત કરવામાં આવ્યું હતુ. જે બાદ હવે જુના ક્વાર્ટસ તોડી પાડવાના કામનો પ્રારંભ કરાયો છે. જે અંગતગત સોમવારે એસ. ટી. કોલોનીના જર્જરિત મકાનો હિટાચી મશીનો દ્વારા તોડવાના શરૂ કરાયા હતા. આ ઉપરાંત

અનુસંધાન પાના નં.૬

જી.સી.એમ.એફ.ના ચેરમેન તરીકે રામસિંહ પરમાર અને વા.ચેરમેન તરીકે જેઠાભાઈ ભરવાડની સર્વાનુમતે વરણી

ડીસા

ગુજરાત કો.ઓ.મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (જી.સી. એમ.એફ) ના ચેરમેન, વા.ચેરમેનની આણંદ ખાતે ચૂંટણી યોજાયેલ. જેમાં ચેરમેન તરીકે રામસિંહ પરમાર તથા વા.ચેરમેન તરીકે જેઠાભાઈ ભરવાડ સર્વાનુમતે ચૂંટાઈ આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર રાજયની તમામ ડેરીઓના પ્રતિનિધિઓએ સર્વાનુમતે ચેરમેન તરીકે બનાસડેરીના ચેરમેન અને પૂર્વમંત્રી શંકરભાઈ ચૌધરીનું નામ ભારતીય જનતા પાર્ટીના નિરીક્ષકો મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને મંત્રી કૌશિકભાઈ પટેલ સમક્ષ આપેલ. શંકરભાઈ ચૌધરી અને ગુ.પ્ર.ભાજપ મોવડી મંડળે વિચાર વિમર્શના અંતે રામસિંહ પરમારનું નામ નક્કી કરેલ. ગતરોજ હાથ ધરાયેલી ચૂંટણી પ્રક્રિયામાં રામસિંહ પરમારના નામની દરખાસ્ત શંકરભાઈ ચૌધરીએ કરતાં સીના આશ્ચર્ય વચ્ચે રામસિંહ પરમાર ચેરમેન તરીકે અને વા.ચેરમેન તરીકે જેઠાભાઈ ભરવાડ સર્વાનુમતે ચૂંટાઈ આવ્યા હતા.

થરાદ ડીસા હાઇવે એરવાલ્વ લીક થતાં હજારો લીટર પાણી વેડફાયું

કોઇ રાહદારીએ ખુંટી મારી હેડછાડ કરાતાં પાણી પુરવઠા તંત્ર દોડયું

(પ્રતિ.) થરાદ

થરાદ ડીસા હાઇવે પરની મીઠાપાણીની પાઇપલાઇનમાં ભંગાણ પડવાના કારણે હજારો લીટર પાણીનો વેડફાટ થવા પામ્યો હતો. કોઇ વટેમાર્ગુએ એરવાલ્વમાં છેડછાડ કરતાં લીકેજ થયાનું પાણીપુરવઠા વિભાગના સુત્રોએ જણાવ્યું હતું.

લુણાવાથી આવતી પીવાના મીઠા પાણીની પાઇપલાઇન થરાદ ડીસા હાઇવે પાસેથી પસાર થાય છે જેમાં અવારનવાર લીકેજીંગના કારણે પાણીની રેલમછેલ થતી જોવા મળી રહે છે. રવિવારની રાતે તાલુકાના કરણાસર પાસે મુખ્ય પાણીની લાઇનમાં

(વિષ્ણુ દવે)

લીકેજના હજારો લીટર પાણી વેડફાયું હતું. પાણીનું હાઇવે પર ભરાવો થવાના કારણે લોકો તથા વાહનચાલકોને હાલા કીઓ ભોગવવી પડી હતી. નોધનીય છેકે તાલુકાના કેટલાંક ગામોમાં પીવાનું પાણી નહી મળતું હોવાની ભુમરાણ વચ્ચે રોડ પર પાણી વેફાતાં પ્રજાજનોના જીવ પણ બળતા હતા. આ લીકેજ અંગે થરાદ પાણી પુરવઠા બોર્ડને જાણ કરતાં દોડેલા કર્મચારીઓએ તેને રિપેર કરી ને પુર્વવત કર્યુ હતું. આ અંગે થરાદ પાણી પુરવઠા કચેરીના એસ.ઓ. કુંવરાજી પંડ્યાએ જણાવ્યું હતુ કે રોડ પર આવેલા એરવાલ્વમાં કોઇ વટેમાર્ગુ શખસ દ્વારા ખુંટી મારી છેડછાડ કરાવાના કારણે લીકેજ થવા પામ્યું હતું.

થરા વિસ્તારમાંથી ૧૪ શકુનીઓને ઝડપતી એલ.સી.બી. પોલીસ

(યશપાલસિંહ ટી.વાઘેલા)

(તા.પ્રતિ.) થરા

જીલ્લામાં ચાલતી જુગાર/દારૂની પ્રવૃતિ નેસ્ત નાબુદ થાય તે અંગે જિલ્લા પોલીસવડાએ કડક અમલવારી કરવા સુચના કરતાં જે.એચ. સિંધવ, I/C પોલીસ ઇન્સ્પેક્ટર એલ.સી.બી. પાલનપુર તથા પ્રો.પો.સ.ઇ. એન.એન. પરમાર તથા પ્રો. પો.સ.ઇ. એમ.આર. મોહની આ તથા એલ.સી.બી. સ્ટાફના ડાહ્યા ભાઇ, છેલખાન, પ્રકાશભાઇ, દીલીપસિંહ, ધેંગાજી, ભરત જી, ભરતભાઇ, રાજુ ભાઇ, મિલનભાઇ, મહેશ ભાઇ, વિજયસીંહ, પ્રવિણ ભાઇ વિગેરેનાઓ થરા પો.સ્ટે. વિસ્તારમાં મિલકત સબંધી ગુનાઓ લગત પેટ્રોલીગમાં હતા

દરમ્યાન ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે વિપુલકુમાર રજની કાંત શાહ રહે.ઝાપટપુરા થરા તા.કાંકરેજવાળો ધનાસરી ગામે પ્રાથમિક શાળાના પાછળના ભાગે ખુલ્લા ગૌચરમાં કેટલાક ઇસમો ભેગા કરી ગંજીપાના વડે તીનપત્તીનો પૈસાથી હારજીતનો જુગાર રમી રમાડે છે જે હકીકત વાળી જગ્યાએ રેઇડ કરતા નીચેના ઇસમોને કુલ રોકડ રકમ રૂ.૨૬,૨૮૦ તથા મોબાઇલ નંગ-૧૨ જેની કિં.રૂ ૩૯,૦૦૦ તથા વાહનો જેમાં ૧ સેન્ટ્રો ગાડી તથા મો.સા નંગ-૦૩ કિં.રૂ. ૨,૪૫,૦૦૦ એમ કિં.રૂ. ૩,૧૦,૨૮૦ ના મુદ્દામાલ સાથે રેઇડ દરમ્યાન પકડી પાડેલ છે. ઉપરોક્ત તમામ ઇસમો વિરૂધ્ધ થરા પો.સ્ટે. જુ.પા.કલમ ૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

ઝડપાયેલા શકુનીઓ

વિપુલકુમાર રજનીકાંત શાહ, રહે.ઝાપટપુરા, તા.કાંકરેજ
અમીકુમાર વસંતલાલ અમાણી, રહે. રાધનપુર સંતીસુંજ સોસાયટી, ભાજપ ઝંડા ફલ્યા
ધ્રુવ હસમુખભઈ અમાણી, રહે.અમૃત પ્રથમ સોસાયટી સાંતલપોડિયા, અમદાવાદ
કલુભા નટવરસિંહ વાઘેલા, રહે.અમોલી કાકોલવાસ અણદોલી, તા.કાંકરેજ
કપિલકુમાર વસંતભઈ અમાણી, રહે.સોલંકી સોસાયટી રાધ૨ તા.કાંકરેજ
રમઝાનખાન હુસેનખાન ઠોકી, રહે.દરા ઉગમણાવાસ, તા.કાંકરેજ
શાહીનભઈ હસુભઈ મેમણ, રહે.જુના ગંજબજાર દરા, તા.કાંકરેજ
ભગુભા ખેતુભા વાઘેલા, રહે.અજુણ પાટી દરા, તા. કાંકરેજ
દિનેશભાઈ નરણભાઈ ગોહિલ, રહે. રાધનપુર શિવનગર સોસાયટી, તા.રાધનપુર
રમણસિંહ વિજુભા વાઘેલા રહે.વડા દોલણી પાટી, તા.કાંકરેજ
ગણપતભઈ સમુભઈ મેવી, રહે.મેઘીવાસ દરા, તા.કાંકરેજ
મહમદીન શમસ વાઘેલા, રહે.મજલવાડાની પાટી વડા, તા.કાંકરેજ
કલોકુમાર સંતીલાલ પટેલ, રહે. સમુદાયમાં ડીસમાર ટોટલની સામે ડીસા, તા.ડીસા
મુળભા અમરસીંગ ઝાડા, રહે.રાધ સોસાયટી ડીસા, તા.ડીસા મુળ રહે.દુધપુરા તા.ભેમરાણ

થરાદના ભુરીયા ગામની બહેન પર ભાઇઓએ જ દુષ્કર્મ આચરતાં ફીટકાર

(પ્રતિ.) થરાદ

પંથકમાં ફીટકાર મચાવનાર સામુહિક દુષ્કર્મની વિગતો મુજબ તાલુકાના ઘોડાસર ગામની એક પરિણીતા ગામથી ત્રણ કિ.મી.દૂર દવાખાનું ધરાવતા રામાભાઇ ધનાજી પટેલ સામાજિક રીતે સંબંધ ભાઈ થતા તથા વિઝિટ માટે અવારનવાર ઘરે આવતા જતા હોય કબારેક તેમની પાસે એકલી દવા કરાવવા પણ જતી હતી. દરમિયાન આશરે આઠ દસ મહિના પહેલા પેટની દવા કરાવવા માટે ભાઈના દવાખાને ગયેલી બહેનના ગુમાંગને અડી તપાસ કર્યા બાદ તેણીને ઘેનનું ઇન્જેક્શન તથા ગોળીમાં આપી તેની સાથે દુષ્કર્મ આચરી તેના નગ્ન ફોટા પાડી લીધા હતા.જે ભાનમાં આવેલી બહેનને બતાવી હવે આપણે મળતા રહીશું તેમ કહી આ વાત કોઈને કરીશ તો સમાજમાં બદનામ કરી ફોટાઓ વોટ્સઅપનો ફરતા કરી દેવાની ધમકી આપી ફરીથી દુષ્કર્મ આચર્યું હતું.ત્યારબાદ તેણીનો મોબાઈલ નંબર લઈ તેણી ના છતાં બદનામ કરવાની ધમકીઓ આપી ધાનેરા ગેસ્ટહાઊીસ સહિત બહારના સ્થળે લઈ જઈ તેની સાથે દુષ્કર્મ આચરતો હતો.

દરમિયાન ગત દિવાળી પછી તેણી ગામમાં જ પોતાના મામાઅચળાજીને ત્યાં મળવા માટે જતાં મામામામીની ગેરહાજરીમાં મામાનો દીકરો તેજાભાઈ તેમજ તેની પત્ની ઘેર હોય તો રોકાવાનો આગ્રહ કરતાં તેની રાત્રે રોકાઈ હતી રાત્રે તેજાભાઈ અને પોતે સગાં મામા-કોઈના ભાઈબહેન થતા હોય બહાર ઢાળિયામાં રૂમમાં વાતો કરતા સુઈ ગયા હતાં.આ વખતે મધરાત્રે તેજાભાઈ એ તેના ડોક્ટર સાથેના સંબંધની ખબર છે તેમ કહી છેડતી કરતા તેણે ઊભા થવાની કોશિશ કરતા બળજબરીપૂર્વક પકડી મોઢાને કપડાનો ડૂચો મારી વાત જાહેર કરી જાનથી મારી નાખવાની ધમકી આપી બેથી ત્રણ વખત દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ સવારે તેણી પોતાના ઘરે જતી રહી હતી પરંતુ બે ભાઈઓ ભ્લેકમેલ કરી તેની મજબુરીનો ગેરલાભ લેવાનું ચાલુ રાખતાં તેમના ત્રાસથી તેણી સુરત પ્રાઈવેટ નોકરી

અનુસંધાન પાના નં.૬

પાલનપુર રેલવે સ્ટેશને ટ્રેનની અડફેટે ૩૧ વર્ષીય યુવકનું મોત

પાલનપુર

પાલનપુરના હુંડીયાવાડી વિસ્તારમાં રહેતા ૩૧ વર્ષીય યુવકનું ટ્રેનની અડફેટે કરૂણ મોત નિપજયું હતુ. જેના મૃતદેહને પી.એમ. અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડી રેલવે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર શહેરના હુંડીયાવાડી વિસ્તારમાં આવેલા રબારીવાસમાં રહેતા ૩૧ વર્ષીય બાબુભાઇ કાળાભાઇ રબારી રેલવે સ્ટેશને પ્લેટફોર્મ નંબર પાંચ નજીકથી પસાર થઇ રહ્યા હતા. ત્યારે લાઇન નં. ૬ ઉપર કોઇ ટ્રેનની અડફેટે આવી ગયા હતા. જેમનું ગળુ કપાઇ

લાલાવાડા પાસે છોટા હાથી - બાઈક વચ્ચે અકસ્માત

પાલનપુર

પાલનપુર તાલુકાના લાલાવાડા ગામ પાસે બાઈક અને છોટાહાથી વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં ડીસાના ૪૫ વર્ષીય યુવકને ગંભીર ઈજા થઈ હતી. જેને વધુ સારવાર અર્થે અમદાવાદ રીફર કરાયો હતો. લાલવાડા ગામ પાસે શ્રી ચેહરમાંના મંદીર પાસે છોટા હાથી અને બાઈક વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં ૪૫ વર્ષીય ગોકળ ભાઈ હીરાભાઈ ડાલવાણીયા રહે. ઢૂવા તા. ડીસાને ઈજા થતા સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જયાં હાલત ગંભીર જણાતા વધુ સારવાર માટે અમદાવાદ રિફર કરાયો હોવાના અહેવાલ સાંપડ્યા છે.

ડીસામાં ક્રિકેટ સટ્ટો રમતા ચાર શખ્સો ઝડપાયા

પોલીસે રૂપિયા ૨૨૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો

ડીસા

ડીસાના હાઈવે વિસ્તારમાં આવેલા નીલકંઠ આર્કેડ શોપિંગ સેન્ટરમાં ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની મેચમાં ક્રિકેટ સટ્ટો રમતા ચાર યુવકોને પોલીસે ઝડપી લીધા હતા. પોલીસે તેઓની પાસેથી રૂ. ૨૨૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી ચારેય વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી છે. જિલ્લા પોલીસ વડા નીરજકુમાર બડગુજરની સુચનાથી ડીસા ડીવાયએસપી એચ.કે. વાઘેલા ના માર્ગદર્શન હેઠળ ડીસા દક્ષિણ પીઆઈ આર.આર. દ્વારા દારૂ અને જુગારની પ્રવૃત્તિ નેસ્ત નાબૂદ કરવા કાર્યવાહી હાથ ધરી છે.જે અંતર્ગત ડીસા દક્ષિણ પી.એસ.આઈ ડિ.કે. બ્રહ્મભટ્ટ તેમજ સ્ટાફના દશરથભાઈ, રાજેશકુમાર, દિલીપભાઈ, રઘુજી, કિરીટસિંહ અને ભગવાનભાઈ સહિતના માણસો હાઈવે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ડીસાના નીલકંઠ આર્કેડ શોપિંગ સેન્ટરમાં કેટલાક યુવકો ક્રિકેટ સટ્ટો રમતા હોવાની બાતમી મળી હતી. જેથી પોલીસે ઓચિંતી રેડ કરતા ઓસ્ટ્રેલિયા-ઈંગ્લેન્ડની મેચ માં રનદીઠ ભાવ નક્કી કરી અમદાવાદના મહેશ દેસાઈ ના મોબાઈલ પરથી ભાવ મેળવી ચાર યુવકો ક્રિકેટનો સટ્ટો રમતા ઝડપાયા હતા. પોલીસે તેઓની પાસેથી પાંચ મોબાઈલ, સેમસંગ ટીવી, સેટઅપ બોક્સ સહિત રૂા.૨૨૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી ચારેય વિરૂદ્ધ જુગારધારા કલમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે વૈભવ હસમુખભાઈ

અનુસંધાન પાના નં.૬

ડીસામાં ધંધા રોજગાર છીનવાઈ જતાં શ્રમજીવી પરિવારની ડીવાયએસપીને રજુઆત

(ભરત સુંદેશા)

ડીસા

ડીસા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી લોકોને પરેશાન કરી રહેલી ટ્રાફિકની સમસ્યાને પગલે શહેરના હાઈવે વિસ્તારમાંથી પોલીસ દ્વારા લારીઓ હટાવી દેવામાં આવી છે. આ શ્રમજીવી પરિવારો માટે રોજગારીના સાધન સમા આ એકમાત્ર વિકલ્પ દુર થઈ જતા આ શ્રમજીવી પરિવારોની હાલત કફોડી થઈ ગઈ છે. છેલ્લા એક માસથી ધંધા રોજગાર વગર બેરોજગાર બની ગયેલા લારી ધારકો આજે ડીસા નગર પાલિકામાં તેમની રોજી રોટી પરત અપાવવા માટે રજૂઆત કરવા પહોંચી ગયા હતા. ત્યારે પાલિકા દ્વારા રજૂઆત કરવા આવેલા લોકોને જણાવ્યું હતું કે તેમની લારીઓ પોલીસ દ્વારા દુર કરવામાં આવી હોવાની હૈયા ધારણા આપતા આ ગરીબ અને શ્રમજીવી પરિવારો ડીસાના વિભાગીય પોલીસ અધિક્ષક સમક્ષ રજૂઆત કરવા પહોંચી ગયા હતા અને તેમની રોજી રોટી પરત મળી જાય તેવી રજૂઆત કરી હતી.

થરાદની શિવશક્તિ સોસાયટીમાં ઘરફોડ ચોરીથી ફફડાટ

પરિવારની ગેરહાજરીનો લાભ લઇ તસ્કરો સવાબે લાખની મત્તા ચોરી ગયા

(પ્રતિ.) થરાદ

થરાદ માર્કેટયાર્ડમાં વેપારી પેઢી ધરાવતા અને શહેરની હાઇવે પર આવેલી શિવશક્તિ સોસાયટીમાં રહેતા તારકભાઇ ભુરાભાઇ પટેલ ગત તારીખ ૨૭મી જાન્યુઆરીના સાંજે ચારેક વાગ્યાના સુમારે પરિવાર સાથે બહાર ગયા હતા આથી તેમનું મકાન બંધ હતું.જેનો ફાયદો ઉઠાવી તેમના બંધ મકાનમાં બહારથી લોખંડના તીક્ષ્ણ સાધન વડે બારી ખોલી અંદર પ્રવેશેલા તસ્કરો તિજોરી તોડી તેમ રહેલું રૂપીયા ૩૬૦૦૦ની કિંમતનું બે તોલાનું મંગલસુત્ર તથા ત્રણ તોલા સોનાની ૪૦ હજારની કિંમતની ૬ નંગ વીટી આશરે ૧ લાખથી વધુ રોકડ તથા માતાજીની પૂજા માટે રાખેલા ચાંદીના રૂપિયા ૧૦૦૦૦ના સિક્કા તેમજ ૩૦ હજારની કિંમતની એક એલીડી ટીવી તથા ૬૫૦૦ રૂપીયાનું હોમથીયેટર મળીને અંદાજે સવા બે લાખ રૂપિયાની ચોરી કરી હતી.પોલીસ ફરીયાદમાં બે હજારથી પચ્ચીસોની રોકડની ચોરી બાદ બચતના એક લાખ રૂપીયા અલગ પડેલા હતા જે પણ ચોરાયા હોવાનું તારકભાઇએ જણાવ્યું હતું.

જોકે આ બનાવની સોમવારના સવારના સુમારે તેમના ઘરે ક્યરા પોતુ કરવા આવતી કામવાળી એ તેઓ આવી ગયા હશે તેમ માની તેમના ઘર બાજુ નજર કરતાં સ્યોડાના દરવાજો ખુલ્લો જોતાં નજીકમાં રહેતા તેમના ગજભાઇ પટેલને બનાવી વાત કરી હતી. આથી તેઓ દોડી આવતાં ઘરમાં તોડફોડ અને અસ્તવ્યસ્ત જોતાં તેમણે તારકભાઇને જાણ કરી હતી.આ અંગે પોલીસને જાણ કરતાં ઇન્ચાર્જ પીએસઆઇ બી.આર.પટેલ તથા પી.એસ.આઇ ડી એન શર્મા સ્ટાફ સાથે દોડી આવ્યા હતા તેમણે ઘટનાની ઝીણવટભરી તપાસ કરી વધુ તપાસ માટે ફિંગરપ્રિન્ટ એક્સપર્ટ તથા ડ્રોગસ્કવોડની મદદ માગી હતી માંડી સાંજે ડોગ પણ આવી પહોંચ્યો હતો જે ખગલાંના સ્મેલના આધારે લખાપીર હોટલ પાસેના હાઇવે તથા બાજુની કીશલ્યા સોસાયટીના ખુણા સુધી જઈ આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે હજૂ તો સપ્તાહ પહેલાં જ નગરની શ્રીજીનગર અને પ્રગતિ નગર સોસાયટીમાં રહેતા બે ભાઇઓના બંધ મકાનોને નિશાન બનાવી તેમાંથી

અનુસંધાન પાના નં.૬

દાંતીવાડાના વાઘરોલ નજીક જુગારધામ ઝડપાયું : ત્રણની અટકાયત

પાલનપુર

જીલ્લામાં ચાલતી જુગાર/દારૂની પ્રવૃતિ નેસ્ત નાબુદ થાય તે અંગે કડક અમલવારી કરવા સુચના કરતાં રજે.એચ. સિંધવ, I/C પોલીસ ઇન્સ્પેક્ટર એલ. સી.બી. પાલનપુરના માર્ગ દર્શન હેઠળ પ્રો.પો.સ.ઇ. એન.એન. પરમાર તથા પ્રો.પો.સ.ઇ. એમ.આર. મોહનીઆ તથા એલ.સી.બી. સ્ટાફના નરેશ ભાઇ, ભરતભાઇ, પ્રકાશ ભાઇ, જયપાલસિંહ દિગ્વિજય સિંહ, ધેંગાજી, મિલનભાઇ વિગેરેનાઓ દાંતિવાડા પો.સ્ટે. વિસ્તારમાં મિલકત સબંધી ગુનાઓ લગત પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે પ્રવિણજી સેનાજી ઠાકોર રહે.વાઘરોલ તા.દાંતીવાડા


(સંજય જોષી)

વાળો પોતાના ગલ્લાની પાછળના ભાગે ખુલ્લામાં કેટલાક ઇસમો ભેગા કરી ગંજીપાના વડે તીનપત્તીનો પૈસાથી હારજીતનો જુગાર રમી

અનુસંધાન પાના નં.૬